| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૫–૦૪–૨૦૧૯ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૫–૦૪–૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૨૩–૦૩–૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૩– ૧૧– ૦૮ |

**સુરતના મહેરબાન ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, સુરત.**

| |
|---|
| **ફોજદારી કેસ નંબરઃ – ૧૮૭૧૨/૨૦૧૯** |
| **આંકઃ–૧૭૧** |

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી પુર્ણેશભાઈ ઈશ્વરભાઈ મોદી**<br>ઉ.આ.વ.–૫૩, ધંધો– ધારાસભ્ય, સમાજસેવા<br>રહે.–૪, સાંઈધામ સોસાયટી, અડાજણ ફાયર સ્ટેશનની બાજુમાં, અડાજણ, સુરત. |

**– વિરૂદ્ધ –**

| | |
|---|---|
| **આરોપી** | **શ્રી રાહુલ ગાંધી**<br>ઉ.આ.વ.–૪૭, ધંધો– સાસંદ, સમાજસેવા,<br>રહે.– ૧૨, તુઘલક લેન, નવી દીલ્હી–૧૧૦૦૧૧ |

| | |
|---|---|
| વિષય | **ઇ.પી.કો. કલમ– ૪૯૯, ૫૦૦ મુજબ શિક્ષાપાત્ર ગુનો** |

| | |
|---|---|
| **સરકાર પક્ષે** | વિ. વ. શ્રી કે.પી.રેશમવાલા |
| **બચાવ પક્ષે** | વિ.વ. શ્રી કે.સી.પાનવાલા |

–//ઠરાવ//–

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી સુરત શહેરમાં રહે છે અને ભારતીય જનતા પાર્ટીના સુરત શહેરના ૧૬૭ પશ્ચિમ મત વિસ્તારના ધારાસભ્ય તરીકે તેઓ કાર્યરત છે તેમજ સામાજિક ક્ષેત્રે અનેક વિધ સામાજિક સંગઠનો તથા વિવિધ સમાજના ઉત્કર્ષની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે તથા આ કામના આરોપી ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ નામના રાજકીય પક્ષના પ્રમુખ છે અને તેઓ ઉપરોક્ત ઠેકાણે રહે છે તેમજ તેઓ ઈન્ડીયન નેશનલ કોંગ્રેસના અમેઠી મત વિસ્તારના સાંસદ તરીકે લોકસભામાં કાર્યરત છે. આ કામના આરોપીએ તા.૧૩–૦૪–૨૦૧૯ શનિવારના રોજ પોતાની ચૂંટણી સભામાં ભારતના વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ચોરનું ઉપનામ આપી તેમજ તેમની સરખામણી આર્થિક ગુનેગારો જેવા કે નિરવ મોદી, મેહુલ ચોકસી, લલીત મોદી તથા વિજય માલ્યા સાથે કરી ઉપસ્થિત જનમેદનીને એવુ જાહેરમાં પુછ્યુ હતુ કે **"બધાજ ચોરોના ઉપનામ મોદી કેમ હોય છે?"** વધુમાં આરોપીએ વર્તમાન પ્રધાનમંત્રીશ્રી વિરૂધ્ધ બદનક્ષીકારક ટીપ્પણી કરતા જણાવ્યુ હતું કે, "રાફેલ વિમાનના સોદાની બાબતે વર્તમાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને ચોકીદાર ૧૦૦% ચોર છે તથા પ્રધાનમંત્રી શ્રીએ રૂ.૩૦,૦૦૦ કરોડ ચોરીને પોતાના ચોર દોસ્ત અનીલ અંબાણીને આપી દીધા" હોવાની બદનક્ષી ટીપ્પણી કરેલ હતી. સદર બદનક્ષીકારક ટીપ્પણી વર્તમાનપત્રમાં તા.૧૪–૦૪–૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે જે કર્ણાટક રાજ્યની ન્યુઝ એજન્સી IANS કોલાર કર્ણાટકના વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર વર્તમાનપત્રનું કટીંગ ફરીયાદી તેમના ઘરે ઉપસ્થિત હતા ત્યારે

વોટ્સઅપ પર મેસેજ ઈમેઈલ સ્વરૂપે આવેલ ત્યારે જાણ થયેલ જે સમયે ફરીયાદી ઉપરોક્ત જણાવેલ સરનામે પોતાના ઘરે હાજર હતા. વધુમાં આરોપીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અટક "મોદી" ને ટાંકીને સમગ્ર ભારત વર્ષમાં રહેતા આ સમાજના તથા મોદી અટક ધારી ૧૩ કરોડ લોકોને પોતાનો અંગત રાજકીય સ્વાર્થ સાધવા માટે ચોર કહી અપમાનિત તથા બદનામ કર્યા છે તથા તમામ મોદી અટકધારી વ્યકિતઓની વ્યકિતગત પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના ઈરાદા સાથે તેમજ હાનિ પહોંચશે તેવી જાણકારી અને એવુ માનવાના કારણ સાથે ઉપર્યુક્ત ગુનો કરેલ છે અને બદનક્ષી કરેલ છે. આમ ઉપરોક્ત ભાષણથી ફરીયાદીને આઘાત લાગેલ છે તથા સમાજમાં તેઓની બદનામી થયેલ છે તથા સમાજમાં પણ નીચા જેવુ થયેલ છે. અન્ય સમાજના લોકો શંકાની દ્રષ્ટિથી જોવા લાગ્યા છે અને તેમ કરી ફરિયાદીને સમાજીક અને શારીરીક તેમજ માનશીક નુકસાન પહોચાડેલ છે. જેથી ફરીયાદીએ હાલની ખાનગી ફરીયાદ તાઃ ૧૫–૦૪–૨૦૧૯ ના રોજ અત્રેની કોર્ટમાં કરેલ છે.

**(૨)** ફરીયાદીની ખાનગી ફરીયાદના આધારે અત્રેની અદાલતે ગુનાનું કોગ્નીઝન્સ સી.આર.પી.સી. કલમ–૧૯૦(ક) મુજબ લઈ ફરીયાદીનું સી.આર.પી.સી. કલમ–૨૦૦ હેઠળનું નિવેદન નોંધેલ અને તા.૦૨–૦૫–૨૦૧૯ ના રોજ આરોપીએ પ્રથમ દર્શનીય રીતે ગુનો કરેલાનું જણાય આવતા સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ હેઠળ ઈ.પી.કો. કલમ–૪૯૯, ૫૦૦ મુજબના ગુનાનો જવાબ લેવા સારુ આરોપીને સમન્સ કરતા આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યારબાદ ફરીયાદી તથા ફરીયાદ

સાથે જોડાયેલ દસ્તાવેજોની નકલ આરોપીને આપી ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૫૧ અન્વયે આરોપીને ગુનાનો સાર જણાવી આંક–૮ થી આરોપીની પ્લી યાને કે નિવેદન તા.૧૦–૧૦–૨૦૧૯ ના રોજ નોંધતા આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) હાલના કામના આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તર્ફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

## –// મૌખિક પુરાવો //–

| ક્રમ | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી પુર્ણેશભાઈ ઈશ્વરભાઈ મોદીની જુબાની. | ૧૮ |
| ૨ | સાહેદ મનહરલાલ છબીલદાસ લાપસીવાલાની જુબાની. | ૩૭ |
| ૩ | સાહેદ ડી. શંભુભાઈ ભટની જુબાની. | ૫૨ |
| ૪ | સાહેદ પી.એમ.રઘુનાથની જુબાની. | ૫૬ |
| ૫ | સાહેદ નીરંજનભાઈ તેજમલભાઈ રાઠોડની જુબાની. | ૬૦ |
| ૬ | સાહેદ ગણેશભાઈ મંજુનાથ ચાજીની જુબાની. | ૬૭ |
| ૭ | સાહેદ એમ.શીવ સ્વામી એ. માદયા ઐય્યર ની જુબાની. | ૧૧૧ |
| ૮ | સાહેદ અરૂણકુમાર કે. આર.ની જુબાની. | ૧૧૫ |
| ૯ | સાહેદ પુનીત એ.વી.એન.નાઓની જુબાની. | ૧૨૪ |

## –// દસ્તાવેજી પુરાવો //–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીએ કલમ–૬૫બી હેઠળ આપેલ પ્રમાણપત્ર (વાંધા સાથે) | ૨૦ |

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૨ | પેન ડ્રાઈવ (વાંધા સાથે) | ૨૧ |
| ૩ | કન્નડ ભાષામાં આપેલ પ્રમાણપત્ર (વાંધા સાથે) | ૨૨ |
| ૪ | અખીલ ભારતીય તૈલી શાહુ મહાસભાનો ફોરવર્ડીંગ લેટર (વાંધા સાથે) | ૨૩ |
| ૫ | આંક–૨૨ ના દસ્તાવેજનું ઈંગ્લીશમાં ભાષાંતર (વાંધા સાથે) | ૨૪ |
| ૬ | અસલ ડીટીબીસીની કુરીયર રીસીપ્ટ | ૨૫ |
| ૭ | ત્રણ સીડીઓ | ૨૬ |
| ૮ | ફરીયાદીના સ્કુલ લીવીંગની સર્ટીફીકેટની નકલ | ૨૭ |
| ૯ | ફરીયાદીનું સામાજીક અને શૈશણિક પ્રમાણપત્રની ખરી નકલ | ૨૮ |
| ૧૦ | ફરીયાદીની અટકના લગત રાજકોટ ગેઝેટની ખરી નકલ. | ૨૯ |
| ૧૧ | સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટનું અલિખિત લેટરપેડ | ૩૦ |
| ૧૨ | સમસ્ત મોદી જ્ઞાતિમાં સમાવિષ્ટ જ્ઞાતિઓનું લીસ્ટ. | ૩૧ |
| ૧૩ | શ્રી સુરતી મોઢ વણીક સમસ્ત પંચ, સુરત સમાજના મીટીંગ એજન્ડાની નકલ. | ૩૮ |
| ૧૪ | ગુજરાત સરકાર, સમાજ કલ્યાણ વિભાગના તા.૦૧–૦૮–૧૯૯૫ ના નોટીફીકેશનની નકલ. | ૩૯ |
| ૧૫ | ગુજરાત સરકાર, સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુક્રમે તા.૨૪–૦૪–૨૦૦૦ તથા તા.૦૨–૦૬–૨૦૦૫ ના પરીપત્ર તથા પ્રસ્તાવનાની નકલ. | ૪૦, ૪૧ |
| ૧૬ | સાર્વજનિક ટ્રસ્ટ નોંધણીના ઉતારાની નકલ | ૪૨ |
| ૧૭ | તા.૩૦–૧૨–૭૨ ના રોજના મીટીંગની મીનીટ્સ બુકના ઉતારાની નકલ | ૪૩ |
| ૧૮ | શ્રી સુરતી મોઢ વણીક સમસ્ત પંચ સુરતના બંધારણની નકલ. | ૪૪ |
| ૧૯ | શ્રી સુરતી મોઢ ઘાંચી જ્ઞાતિ પંચ સુરતના બંધારણની નકલ. | ૪૫ |
| ૨૦ | અખીલ ભારતીય તૈલી શાહુ મહાસભાનાઓએ સમાજ કલ્યાણ અધિકારીનાઓને લખેલ પત્રની નકલ. | ૪૬,૪૭ |
| ૨૧ | ગુજરાત સરકારના તા.૧૭/૨૨–૦૬–૨૦૦૫ ના પરીપત્રની નકલ. | ૬૨ |

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૨૨ | તૈલી સમાજના ઈતિહાસનો નકશો. | ૬૩ |
| ૨૪ | કોલાર ડીસ્ટ્રીક્ટ ઈલેક્શન ઓફીસરના તા.૧૬–૦૨–૧૯ ના હુકમની નકલ. | ૧૧૨ |
| ૨૫ | કોલારના ઈલેક્શન તહેસીલદારે તા.૧૪–૭–૨૧ ના રોજ આપેલ આર.ટી.આઈ. અરજીના રીપ્લાયની નકલ | ૧૧૩ |
| ૨૬ | પુરાવા ધારાની કલમ–૬૫બી હેઠળના પ્રમાણપત્રની એફીડેવીટ | ૧૧૪ |
| ૨૭ | પુરાવા ધારાની કલમ–૬૫બી હેઠળના પ્રમાણપત્રની એફીડેવીટ | ૧૧૬ |
| ૨૮ | કોલારના ઈલેક્શન ઓફીસર ધ્વારા તા.૯–૧૨–૨૧ ના રોજ આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ. | ૧૨૫ |
| ૨૯ | ડીવીડી (વાંધા સાથે) | ૧૨૬ |

(૪) ફરીયાદ પક્ષે આંક–૮૭ તથા ૮૮ થી વધુ પુરાવા રજુ કરવા માટે અરજી દાખલ થતા અત્રેની અદાલતે તા.૧૦–૦૬–૨૦૨૧ ના સંયુક્ત હુકમથી ફરીયાદીના વધુ પુરાવાનો હક્ક બંધ કરેલ. ત્યારબાદ આરોપીનું વિશેષ નિવેદન તા.૨૪–૦૬–૨૦૨૧ ના રોજ લેવામાં આવેલ. ત્યારબાદ નામ. ગુજરાત વડી અદાલતના હુકમ આધારે આંક–૫૯ લગતની અરજી અંશતઃ મંજુર કરી બે સાહેદોના સમન્સ કરી તેઓને તપાસેલા. ત્યારબાદ આરોપીનું સદર બે સાહેદ પુરતુ વિશેષ નિવેદન તા.૨૯–૧૦–૨૦૨૧ના રોજ લીધેલ. ત્યારબાદ ફરીયાદીની આંક–૧૨૨ લગત કરેલ અરજીનો હુકમ કરી આંક–૧૨૪ થી સાહેદને તપાસેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવા રજુ ન કરવાને લગત આંક–૧૨૮ થી પુરસીસ રજુ થતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આરોપીના વિ. વકીલશ્રીનું આરોપી વતી સી.આર.પી.સી. ની કલમ–૩૧૩ અન્વયે સદર સાહેદ પુરતુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી તથા

બચાવના સાક્ષી પણ તપાસવા માંગતા ન હોવાની હકીકત જણાવી વિશેષમાં જણાવેલ છે કે, હું નિર્દોષ છુ મારા પર ખોટો કેસ કરવામાં આવ્યો છે આ સાથે લેખિત નિવેદન રજુ છે જે એફ.એસ.સાથે ગણવા વિનંતી છે.

આરોપી દ્ધારા લેખિતમાં નિવેદન રજુ કરી જણાવામાં આવેલ છે કે, ૨૦૧૯ માં પારલામેન્ટરી ઈલેકશન હતા ત્યારે હું આઇ.એન.સી નો પ્રમુખ હતો અને તાઃ ૧૩–૦૪–૨૦૧૯ ના રોજ મેં બેંગલોર ખાતે આવેલ કોલાર મુકામે જાહેર સભાને સંભોધન કરેલ. પરંતુ ફરિયાદમાં જે મોદી સમાજ બાબતે જે આક્ષેપો કરવામાં આવેલ છે તેવા કોઈ શબ્દો બોલેલ ન હતો. વધુમાં આ કામે રજુ કરેલ આંક–૨૧ વાળી પેન ડ્રાઈવ અને આંક–૨૬ વાળી સી.ડી ને યોગ્ય રીતે પુરવાર કરવામાં આવેલ નથી તેમજ તેની સાથે ચેડા થયેલ હોઈ શકે જેથી તે ઈલેકટ્રોનીક એવીડેનસ પર આધાર રાખી શકાય નહીં. વધુમાં ફરિયાદી દ્ધારા ચુટણી કમીશન સમક્ષ પણ ફરિયાદ કરવામાં આવેલી અને તેમા પણ અમારી વિરૂધ્ધ કોઈ કાર્યવાહી થયેલ નથી.

વધુમાં તે સમય ચુટણી ના પ્રચાર દર્મીયાન સરકાર ની કામગીરી અંગે ટીપ્પણી કરવામાં આવેલી તેમજ તે પ્રચાર દર્મીયાન ગરીબી, બેરોજગારી વિ. મુદદાઓ બાબતે ભાષણ કરવામાં આવેલ. તેમજ સરકારી કામકાજો મા મોટા પાયે થયેલ ભ્રષ્ટાચાર અને રાફેલ મુદ્ધે બાબતે ભાષણ આપેલ . તેમજ સરકાર ના કામ કાજ અંગે સવાલો ઉઠાવેલા. વધુમાં આ ભાષણ બાદ ધણી બધી ફરિયાદો અમારા વિરૂધ્ધ કરવામાં આવેલી. અમો દેશ ની પ્રજા ને પ્રેમ કરીએ છીએ અને તેમનો સંમાન કરીએ છીએ. અમોએ કોઈ પણ સમાજ નું અપમાન કરેલ નથી અને ખોટી રીતે હાલ ની ફરિયાદ અમો વિરૂધ્ધ દાખલ કરવામાં આવેલ છે.

## (૫) ફરીયાદપક્ષે દલીલઃ–

(૫.૧) સદરહુ કામે ફરીયાદીના વિ. વકીલશ્રી દ્વારા આંક– ૧૪૭ થી લેખિત દલીલો રજુ કરેલ છે અને તે દલીલના સમર્થનમાં આંક– ૧૬૭ ના લીસ્ટથી નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે.

| અનુક્રમ | ચુકાદાઓ ની વિગત |
|---|---|
| ૧ | Yaswantsinha & Ors Vs Central Byreau of Investigation Writ Petition No. 298 of 2018 |
| ૨ | Monoharlal Sharma Vs. Narendra Damodardas Modi Writ Petition Criminal No. 225 of 2018 |
| ૩ | M.P. High Court Sec. 499 & 500 15th April 1978 |
| ૪ | Sardar Amar Singh Vs. K.S. Badalia 1965 (2) Cri. L.J.693 Patna High Court |
| ૫ | Shivage Gowde Vs. T. Narayana and Others 1968 Cri. L.J.836 Mysore High Court |
| ૬ | Harbhajan Singh Vs. State of Punjab Air 1966 Supreme Court 97 |
| ૭ | G. Chardrasekhara Pillai Vs. K. Karthikeyan Air 1964 Kerala 277 Kerala High Court |
| ૮ | G. Narsimhan and others Vs. T.V. Chokkappa Air 1972 Supreme Court 2609 |
| ૯ | Pandey Surendra nath sinha and others Vs. Bageshwari Pd Defendant Air 1961 Patna 164 |
| ૧૦ | Municipal Board Konch Vs. Ganesh Prasad Chaturvedi 1962 Cri. L.J. 282 |
| ૧૧ | Rahul Gandhi v/s. Rajesh Mahadev Kunte 2015(0) AIJ–MH–169564 |
| ૧૨ | Rahul Gandhi v/s. Rajesh Mahadev Kunte 2016(0) AIJEL–SC–59410 |
| ૧૩ | Rahul Gandhi v/s. State of Jharkhand CR.MA. NO 152 OF 2020 JHARKHAND HIGH COURT |
| ૧૪ | MANOHAR LAL SHARMA V/S. NARENDRA MODI WRIT PETITION (CRIMINAL) NO.225 OF 2018 (S.C) |

(પ.૨) ફરીયાદીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે સદરહુ કેસમાં બિનતકરારી બાબતો જોવામાં આવે તો સૌપ્રથમ આ કામના ફરીયાદીનું નામ શ્રી પુર્ણેશ ઈશ્વરભાઈ મોદી છે તેઓ ધારાસભ્ય છે તેમજ આરોપી શ્રી રાહુલ ગાંધી ધારાસભ્ય છે તે બાબતે કોઈ તકરાર નથી.

(પ.૩) વધુમાં આ કામે ફરીયાદવાળો બનાવ લોકસભાની ચુંટણી સને ૨૦૧૯ માર્ચ–એપ્રિલ દરમ્યાન બનેલો તે બાબતે પણ આરોપીપક્ષે કોઈ તકરાર વિશેષ નિવેદનમાં લેવામાં આવેલ નથી.

(પ.૪) વધુમાં તે હકીકત પણ બિનતકરારી છે કે, તા.૧૩ એપ્રિલ શનિવારના રોજ કર્ણાટક રાજ્યના બેંગલોર શહેરથી ૧૦૦ કિમી દુર વાળા વિસ્તારમાં ઈન્ડિયન નેશનલ કોગ્રેસ દ્વારા જાહેર સભાનું આયોજન કરવામાં આવેલું. તેમજ એ હકીકત પણ બિનતકરારી છે કે, આ જાહેર સભામાં ઈન્ડિયન નેશનલ કોગ્રેસ પ્રમુખ અને લોકસભાના સાંસદના હેસીયતથી આ કામના આરોપી શ્રી રાહુલ ગાંધી દ્વારા જાહેર સભાનું સંબોધન કરેલું.

(પ.૫) વધુમાં એ હકીકત પણ બિનતકરારી છે કે, આ સભામાં આરોપી દ્વારા વર્તમાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને ચોરનું ઉપનામ આપેલુ અને ભારતના આર્થિક ગુનેગારો તમામ શ્રી નરેન્દ્ર મોદી તથા લલિત મોદી તથા નીરવ મોદી તથા મેહુલ ચોકસી તથા વિજય માલ્યા જેવા આર્થિક ગુનેગારો સાથે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની સરખામણી કરેલી.

(પ.૬) વધુમાં એ હકીકત પણ બિનતકરારી છે કે, આરોપીએ કર્ણાટક મુકામે તા.૩૦ એપ્રિલ ૨૦૧૯ ના દિવસે થયેલ સભામાં સંબોધન કરેલું જે લગભગ સાડા બારની

આજુબાજુ હતુ તેમજ આરોપીએ હિન્દી ભાષામાં વ્યકિત્વ આપેલુ અને જે હિન્દી ભાષામાં આરોપી કરતા હતા તેને કન્નડ ભાષામાં ભાષાંતર કરી પ્રદેશ કોંગ્રેસ નેતા બી. રૂપાંતર કરી ભાંષામાં આપતા હતા.

(પ.૭) આ ઉપરોકત તમામ વિગત આરોપી દ્વારા તેઓના વિશેષ નિવેદનમાં કબુલ રાખવામાં આવેલ છે તેમજ આરોપી દ્વારા લેખિતમાં વિશેષ નિવેદન સાથે તા.૨૪–૦૬–૨૦૨૧ ના રોજ ખુલાસો રજુ કરેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે સને ૨૦૧૯ માં થયેલ ચુંટણી વખતે તેઓ ઈન્ડિય નેશનલ કોંગ્રેસના પ્રમુખ હતા અને તેઓ દ્વારા ઘણી બધી જાહેર સભાઓ કરવામાં આવેલા અને તેઓએ બેંગલોર નજીક આવેલ કોલાર મુકામે પણ સભાનું આયોજન કરેલું તે સભામાં તેઓ દ્વારા ગરીબી, ભ્રસ્ટાચાર વિગેરે મુદ્દા પર ભાર મુકવામાં આવેલ.

(પ.૮) વધુમાં ફરીયાદીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે હાલનો કેસ માત્ર ઈલેક્ટ્રીક પુરાવા પર આધારિત નથી અને સદરહુ કેસમાં દસ્તાવેજો તથા મૌખિક પુરાવા પણ રજુ કરવામાં આવેલા છે.

(પ.૯) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે, સદરહુ કામે હાલની ફરીયાદ દાખલ થતા નામ. કોર્ટે ફરીયાદીનું વેરીફીકેશન નોંધેલુ અને તે આધારે આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો.જે હુકમ આરોપી દ્વારા ઉપલી અદાલતમાં પડકારવામાં આવેલ નથી તેમજ સદરહુ વેરીફીકેશન સોગંદ ઉપર નોંધવામાં આવેલું અને તેમાં અને ફરીયાદી ધારાસભ્ય હોવાના કારણે તેમજ સામાજીક કાર્યકર હોવાના કારણે **તેઓની વ્યકિતગત તેમજ સામાજીક પ્રતિષ્ઠાને ભરપાઈ ન થઈ શકે તેવી હાનિ પહોંચેલ છે.**

(પ.૧૦) વધુમાં એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીનો એવો કોઈ બચાવ નથી કે, આરોપી દ્વારા કોલાર મુકામે સભાનું સંબોધન કરવામાં આવેલ નથી. તેમજ આરોપીનો એવો પણ કોઈ બચાવ નથી કે આરોપીએ તે સભામાં મોદી શબ્દનું ઉચ્ચારણ કરેલ નથી. **આરોપી દ્વારા સદરહુ કેસમાં માત્ર એવો બચાવ લેવામાં આવેલ છે કે આ કામે રજુ થયેલ ઈલેક્ટ્રોનિક એવીડન્સ કે જે આંક–૨૧, ૨૬ અને ૧૨૭ થી રજુ કરેલ છે તેને ફરીયાદપક્ષ દ્વારા યોગ્ય રીતે પુરવાર કરવામાં આવેલ નથી અને તેમાં ચેડા થયેલ હોવાનો સંભવ છે.** પરંતુ ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાનીથી આ દસ્તાવેજો પુરવાર કરવામાં આવેલા છે **તેમજ આરોપી દ્વારા માત્ર આક્ષેપ કરવામાં આવેલ છે કે આ પુરાવા સાથે ચેડા થયેલ છે પરંતુ ખરેખર આ પુરાવા સાથે કોઈ ચેડા થયેલ છે તો તે હકીકત પુરવાર કરવા માટે આરોપીપક્ષ તરફે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી**. વધુમાં આ કામે રજુ થયેલ ઈલેક્ટ્રોનિક એવીડન્સ એ પબ્લિક ડોક્યુમેન્ટ છે જેને ઈલેક્શન કમિશ્નરની ઓફીસમાંથી મેળવી પુરાવા તરીકે રજુ કરેલ છે **અને જો આ પુરાવામાં કોઈ ચેડા કે છેડછાડ થયેલ હોય તો આરોપી તે પુરાવો ઈલેક્શન ઓફીસની કચેરીમાંથી મેળવી રજુ કરી શક્યા હોત અને ખરી હકીકતે નામ. કોર્ટમાં બતાવી શક્યા હોત. જેથી માત્ર આક્ષેપ કરવાથી સદરહુ પુરાવા સાથે ચેડા થયેલ છે તેને માની શકાય નહીં.**

(પ.૧૧) વધુમાં સદરહુ કામે ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ પુરાવા જોવામાં આવેલ તો સૌપ્રથમ આંક–૮ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીને પ્રશ્ન પુછવામાં આવેલ કે "તમોએ આ કામના ફરીયાદી **તેમજ** મોદી સમાજની બદનામી

કરી **તેમજ ફરીયાદીને સામાજીક, શારીરિક તેમજ માનસિક મુકશાન પહોંચાડી** ઈ.પી.કો. કલમ–૪૯૯ સાથેવાંચતા કલમ–૫૦૦ મુજબનો ગુનો કરેલ છે?"

આમ આરોપી સામે બદનક્ષી કર્યા અંગેનો સ્પષ્ટ આક્ષેપ કરવામાં આવેલ જે ગુનો આરોપીને કબુલ નથી તેવુ તેઓએ જણાવેલું. વધુમાં આ કામે સૌપ્રથમ ફરીયાદીની જુબાની આંક–૧૮ થી લેવામાં આવેલ છે અને ફરીયાદીની આંક–૧૮ થી રજુ થયેલ જુબાની વંચાણે લેવામાં આવે તો ફરીયાદી દ્વારા તેઓની સરતપાસમાં જે હકીકતો જણાવેલ છે**, તે તમામ હકીકતો આરોપીપક્ષ દ્વારા ઉલટ તપાસમાં પડકારવામાં આવેલ નથી**. વધુમાં ફરીયાદી દ્વારા તેઓની સરતપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે, *"ત્યારબાદ તેઓએ સવાલ કરેલ કે બધા ચોરોનું ઉપનામ મોદી કેમ ? બધા ચોરો નું નામ મોદી કેમ ? તેઓએ આ સવાલ જાહેર સભામાં કરેલો. ત્યારબાદ મે હાલની ફરીયાદ દાખલ કરેલી જેનું કારણ એ હતું કે હું મોદી સમાજ એટલે કે મોઢ વણીક સમાજમાંથી આવું છું. ગુજરાતમાં મોદી સમાજ મોઢ વણીક સમાજ તરીકે ઓળખાય છે. પુરા દેશમાં અલગ અલગ રાજ્યમાં રાઠોડ, ગુપ્તા, તૈલી, મોદી, ઘાંચી, ચૌધરી, દાસ, ચેટીયાર, શાહું વગેરે જેવી મોદી સમાજના ઘટકો આવેલાં છે. શ્રી રાહુલ ગાંધીજીએ તેમણે કરેલા ઉચ્ચારણને કારણે સમગ્ર દેશમાં ૧૩ કરોડ જેટલા મોદી સમાજના જ્ઞાતિ બંધુંઓનું અપમાન અને બદનામી થયેલી છે. જેને કારણે ૧૩ કરોડ જેટલા મોદી સમાજના જ્ઞાતિ બંધુંઓની બદનક્ષી થયેલ છે જેમાં મારી પણ બદનક્ષી થયેલી છે. આ કરવાનું કારણ સમગ્ર દેશમાં વસતા મોદી અટકધારી અને મોદી સમાજના કરોડો જ્ઞાતિ બંધુંઓની વ્યકિતગત પ્રતિષ્ઠાને હાની પહોચી અને તેની જાણ શ્રી રાહુલ ગાંધીને હતી અને તેઓએ પોતાના રાજકીય*

*સ્વાર્થ માટે આ પ્રકારનું ભાષણ કરેલ.મે યુ ટ્યુબ ઉપર પણ શ્રી રાહુલ ગાંધીનું ઉપરોકત દર્શાવેલું ભાષણ સાંભળેલું પરંતુ ચુંટણીમાં વ્યસ્ત હોવાના કારણે જેનું રેકોર્ડીગ મેં પાછળથી કરી અને આજે તેની પેનડ્રાઈવ તથા અન્ય દસ્તાવેજો લીસ્ટથી પણ રજુ કરૂ છું.પેન ડ્રાઈવમાં મેં ડેટા લીધેલ છે જે મે મારા મોબાઈલમાંથી ડાઉન લોડ કરી લીધેલાં. જે અંગેનું પ્રમાણ પત્ર હું મારી સહી વાળું રજુ કરુ છું. સદર પ્રમાણપત્ર મે તૈયાર કરેલ છે. જે માર્ક ૧૯/૦૨ થી રજુ છે જેને બચાવપક્ષના વાંધા કે સદર પ્રમાણપત્ર કાયદા પ્રમાણે યોગ્ય રીતે તૈયાર થયેલ ન હોય જેથી તેઓ આંકે પાડવા સામે વાંધો હોય તેને વાંધા સાથે દાખલ આંક –૨૦ આપવામાં આવે છે. ઉપરોકત જણાવેલ બનાવ બાબતે મને તથા મારા સમાજના લોકોને લાગી આવેલ અને આઘાત લાગેલો અને અમારા સમાજની અને અમારી બદનક્ષી થયેલ. તેમજ શ્રી રાહુલ ગાંધીના આ ભાષણથી સમાજમાં અનેક શંકા કુશંકા તથા નીચુ જોવાનું અને સમાજની અંદર ચોર કહેવાના કારણે એક જુદા પ્રકારની ભાવના ઉત્પન્ન થયેલી. આ કારણે મારી તથા મારા સમાજની સામાજીક, આર્થિક, શારીરીક અને માનસીક નુકશાની થયેલી. જેની મે ફરીયાદ આપેલી જે મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે."*

આમ, ફરીયાદી દ્વારા સદરહુ કામે રજુ કરવામાં આવેલ આંક–૨૧ વાળી પેનડ્રાઈવ કેવી રીતે મેળવવામાં આવેલી અને તે અનુસંધાને કરવામાં આવેલ પત્ર વ્યવહાર અને દસ્તાવેજી પુરાવા આ કામે આંક–૨૧ થી ૨૬ સુધી રજુ કરવામાં આવેલ છે જે તમામ હકીકતો ફરીયાદી દ્વારા તેઓની સરતપાસથી પુરવાર કરેલ છે. વધુમાં ફરીયાદી દ્વારા આ કામે આંક–૨૬ થી ૩૦ સુધીના તેઓની જ્ઞાતિના, અટક

અંગેના જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલાછે તે દસ્તાવેજો પૈકી મોટા ભાગના દસ્તાવેજો પબ્લિક ડોક્યુમેન્ટ છે અને તે નહિં માનવા માટેના કોઈ કારણ નથી.

(પ.૧૨) વધુમાં સદરહુ કામે ફરીયાદીની ઉલટ તપાસ આરોપી પક્ષે કરવામાં આવેલ છે અને તે ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો તેમાં આરોપીપક્ષ દ્વારા ઘણા બધા સુચક પ્રશ્નો કરવામાં આવેલ છે જે પ્રશ્નોની વિગત ધ્યાને લેવામાં આવે તો તમામ હકીકતો આરોપી દ્વારા કબુલ રાખવામાં આવેલ હોય તેવુ સ્પષ્ટ જણાય છે. **જેમાં આરોપીપક્ષે ફરીયાદીને જે સુચક પ્રશ્નો પુછવામાં આવેલ છે તના જવાબ જોવામાં આવે તો,** "એ વાત ખરી છે કે ૧૩ કરોડ જેટલા લોકો હોય તો ઘણી મોટી વસ્તી કહેવાય. એ વાત સાથે હું સંમત નથી કે આટલી મોટી વસ્તીને દુશ્મન બનાવવાનું કોઈ પક્ષ કે નેતાને પાલવે નહીં." એ વાત ખરી છેકે શ્રી નરેન્દ્ર મોદીને આરોપીએ ચોરનું નામ આપેલું, તેમાં વ્યકિતગત રીતે મારુ પુર્ણેશ મોદી તરીકે નામ અવતુ નથી. **એ વાત ખરી છે કે આરોપીએ જો કંઈ બદનક્ષીવાળુ કહેલાનું હું કહુ છુ તેમાં મારી અટક મોદી આવે છે પરંતુ વ્યકિતગત રીતે મારુ નામ પુર્ણેશ મોદી તરીકે અવતુ નથી."**

**ઉપરોક્ત વિગત ધ્યાને લેતા આરોપી દ્વારા સ્પષ્ટ રીતે કબુલ રાખવામાં આવેલ છે તેઓએ બદનક્ષીભર્યુ ભાષણ આપેલુ અને તે ભાષણમાં મોદી અટકનો ઉલ્લેખ કરવામાં આવેલો તેમજ આરોપી દ્વારા એ હકીકત પણ કબુલ રાખવામાં આવેલ છે કે મોદી સમાજના લગભગ ૧૩ કરોડ લોકો ભારતમાં છે.**

(પ.૧૩) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે, આરોપીના વિ. વકીલશ્રી દ્વારા ફરીયાદીની ઉલટ તપાસ દરમ્યાન માત્ર એટલો

બચાવ મુકવામાં આવેલ છે કે ફરીયાદી દ્વારા હાલનો ખોટો કેસ કરેલ છે અને આરોપીએ કોઈ બદનક્ષી કરેલ નથી તેમજ આંક–૨૯ અને ૩૦ વાળા દસ્તાવેજ ખોટા ઉભા કરેલ છે. પરંતુ ફરીયાદીની સમગ્ર જુબાની વંચાણે લેતા આરોપી દ્વારા બદનક્ષીભર્યા આક્ષેપો કર્યાની હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે તેમજ રજુ કરવામાં આવેલા દસ્તાવેજો ખોટા છે તે પુરવાર આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ નથી.

(પ.૧૪) વધુમાં ફરીયાદપક્ષ દ્વારા જે દસ્તાવેજો આંક–૨૧ થી ૩૦ સુધીના રજુ કરવામાં આવેલ છે તે તમામ દસ્તાવેજો ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા સાહેદોની જુબાનીથી પુરવાર કરેલ છે તેમજ ખુદ ફરીયાદી દ્વારા આંક–૨૧ થી રજુ થયેલ પેનડ્રાઈવના સમર્થનમાં આંક–૨૦ થી કલમ–૬૫બી મુજબનું પ્રમાણપત્ર પણ રજુ કરવામાં આવેલ છે.

(પ.૧૫) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે,આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ દરમ્યાન એવો પણ મુદ્દો ઉપરસ્થિત કરવામાં આવેલ છે કે ફરીયાદી દ્વારા આ કામે જે દસ્તાવેજો અને અન્ય પુરાવાઓ રજુ કરેલ છે તેમજ સાહેદોને તપાસેલા છે તે તમામ વિગત આંક–૧ વાળી ફરીયાદમાં દર્શાવેલ નથી. પરંતુ માત્ર આંક–૧ વાળી ફરીયાદની અંદર આ વિગતો ન હોવાના કારણે ફરીયાદપક્ષનો કેસ નષ્ટ થતો નથી. તેમજ સદરહુ કામે રજુ કરેલ પુરાવા માટે ફરીયાદપક્ષ દ્વારા અરજી કરવામાં આવેલી જે અરજીના અનુસંધાને નામ . વડી અદાલત દ્વારા હુકમો કરી પુરાવો રજુ કરવા માટે પરવાનગી આપવામાં આવેલી અને તે હુકમને પણ આરોપીપક્ષ દ્વારા પડકારવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષ

દ્વારા જે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલા છે તે નામ. વડી અદાલતના હુકમથી રજુ કરવામાં આવેલ છે.

(૫.૧૬) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે,આ કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૩૭ થી સાહેદ મનહરલાલ છબીલદાસ લાપસીવાલાને તપાસવામાં આવેલ છે તેઓ ફરીયાદીની જ્ઞાતિના પ્રમુખ છે તેમજ આ સાહેદની જુબાનીથી આંક–૩૮ થી ૪૭ સુધીના દસ્તાવેજો પુરવાર કરવામાં આવેલ છે.

વધુમાં સદરહુ સાહેદની ઉલટ તપાસ આરોપીના વિ. વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ જેમાં પણ સાહેદ દ્વારા એ હકીકત કબુલ કરવામાં આવેલ છે કે, "એ વાત ખરી છે કે આંક–૩૯ માં હિન્દુ ઘાંચીની પેટા જ્ઞાતિ તરીકે મોદી કે ઘાંચીનો ઉલ્લેખ છે તેમજ એ હકીકત પણ કબુલ કરવામાં આવેલ છે કે અમારી જ્ઞાતિમાં મોદી ઉપરાંત ઘણી બધી અટકો હોય છે.

આમ, સદરહુ સાહેદની ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો રીફર કરવામાં આવેલ છે તે દસ્તાવેજો ફરીયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ છે અને આંક–૩૯ વાળા દસ્તાવેજમાં મોદી જ્ઞાતિનો ઉલ્લેખ થયેલ છે અને તે જ્ઞાતિનું અસ્તિત્વ ફરીયાદપક્ષ દ્વારા નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ છે.

(૫.૧૭) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારા આંક–૫૨ થી સાહેદ ડી.શંભુભાઈ ભટ્ટને તપાસવામાં આવેલ છે કે જેઓ સરકારી કર્મચારી છે અને તેઓ શ્રી સુર્યા સેન.આઈ.એફ.એસ હતા અને ભારતીય બંધારણની કલમ–૩૨૪ પ્રમાણે જ્યારે કોઈ એરીયામાં ધારાસભા કે જાહેર સભાની ચુંટણી જાહેર થાય ત્યારે તે વિસ્તારનો સામાન્ય વહીવટ ચુંટણી

અધિકારીના અધિકારમાં રહેતો હોય છે તેમજ મોડેલ કોડ ઓફ કન્ડક પ્રમાણે જાહેર સભા બાબતે રાજ્યના ડીસ્ટ્રીક્ટ કલેક્ટર ઓફીસર ઈલેક્શનનું જાહેરનામું થતા જ આર.પી.એક્ટ ૧૯૫૦ અને ૧૯૫૧ પ્રમાણે ઈલેક્શન અધિકારી બની જાય છે તથા દરેક રાજ્યના સ્થાનિક લેવલમાં  ડીસ્ટ્રીક્ટ કલેક્ટરે તથા તાલુકા ચુંટણી અધિકારી મોડેલ કોડ ઓફ કન્ડક પ્રમાણે માર્ગદર્શિકા જાહેર કરેલ છે. વધુમાં સાહેદે જણાવેલ છે કે જાહેર સભા બાબતે વીડીયો સર્વેલન્સ ટીમ બનાવવામાં આવે છે અને કોર્ડ ઓફ કન્ડક્ટનો કોઈ ભંગ થયેલ છે કે કેમ તે બાબતે તેઓ જોતા હોય છે તેમજ કંઈ શંકાસ્પદ જણાય તો સ્પીચનું રેકોર્ડીંગ કરતા હોય છે. વધુમાં સદરહુ સાહેદે આ કામે રજુ કરેલ આંક–૨૨ થી રજુ થયેલ પત્રમાં તેઓની સહી છે અને તે તા.૨૦–૦૭–૨૦૧૯ નો છે અને તે પત્રમાં જે વિગત લખેલ છે જેવી કે **તા.૧૩–૦૪–૨૦૧૯ ના રોજ કોલાર મુકામે જાહેર સભામાં શ્રી રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલ સંબોધનની ત્રણ સીડીની માંગણી કરવામાં આવેલી તેમ જણાવેલ છે, જેથી આ પત્ર સદરહુ સાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે તેમજ આંક–૨૬ થી રજુ થયેલ ત્રણ સીડીઓ તેમની ઓફીસમાંથી આપવામાં આવેલી તેવી હકીકત  જણાવેલ છે તેમજ આંક–૨૬ વાળી સીડીઓ તેઓએ ડીસ્ટ્રીક્ટ કોલારની કચેરીમાંથી મેળવેલી તેવુ જણાવે છે.** વધુમાં હાલની સીડીઓ કલેકટર કચેરીમાંથી લોકલ બીજેપી કાર્યકરે વિરોધ નોંધાવતા અમારી કચેરીમાં મંગાવવામાં આવેલી અને આ વિવાદ સંબંધેની ઈન્કવાયરી ચાલુ હતી તે દરમ્યાન બીજેપીના લોકલ કાર્યકર્તાનીએ ક અરજી તેઓની કચેરીને મળેલી જે ગણાશ યાજીની અરજી તેઓને મળેલી.

વધુમાં સદરહુ સાહેદ ની ઉલટતપાસ દરમીયાન આરોપીના વિ. વકીલશ્રી

દ્વારા કેટલાક સુચક પ્રશ્નો કરેલ જેમાં સાહેદ દ્વારા જણાવવામાં આવેલ છે કે, એ વાત ખરી છે કે, તા.૧૭–૦૭–૨૦૧૯ ના રોજ અરજી ગણેશ ચાજીએ કરેલ હતી અને આંક–૨૬ વાળી સીડીઓ પણ તેઓને આપવામાં આવેલી. એ વાત ખરી છે કે અરજદારને સીડી આપવાની કામગીરી અમારી કચેરીએ કરેલી.

આમ, સદરહુ સાહેદની જુબાની તથા આરોપીપક્ષે કરવામાં આવેલ સુચક પ્રશ્નો ધ્યાને લેતા આ કામે રજુ થયેલ સીડીઓ સદરહુ સાહેદ દ્વારા મેળવી આપવામાં આવેલી અને તે કલેકટર કચેરીમાંથી મેળવવામાં આવેલી, જેથી સદરહુ સીડીઓના શોર્સ અને ઓથેન્ટીસીટી નિઃશંકપણે પુરવાર કરેલ છે અને સદરહુ સાહેદની જુબાનીને ન માનવાને કોઈ કારણ નથી તેમજ સદરહુ સાહેદ સરકારી કર્મચારી છે.

(પ.૧૮) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે આંક–પ૬ થી સાહેદ પી.એમ.રઘુનાથને તપાસવામાં આવેલ છે અને આ સાહેદ દ્વારા પણ ફરીયાદીના કેસને સમર્થન મળેલ છે અને ફરીયાદી તેઓના સમાજના નેતા છે.તેમજ તેઓની સાથે ઘણી વખત તેઓને મળવાનું થાય છે તેવુ જણાવેલ છે. વધુમાં સદરહુ સાહેદે જણાવેલ છે કે, ફરીયાદી દ્વારા તેઓને તા.૧૩ એપ્રિલ ૨૦૧૯ ના રોજની શ્રી રાહુલ ગાંધીના ભાષણની સીડીની જરૂર હોય તેઓને મેળવી આપવા જણાવેલ જેથી સદરહુ સાહેદે તેઓના સ્ટેટ ઓફીસ બીજેપી સેક્રેટરી ગણેશ ચાજીને રીક્વેસ્ટ કરેલ અને ગણેશ ચાજીએ સ્ટેટ ઈલેક્ટ્રોલર ઓફીસરને લેખીતમાં સદરહુ સીડી આપવા માટે રીક્વેસ્ટ કરેલી તેમજ ઈલેક્ટ્રોલઓફીસર દ્વારા તે ભાષણની સીડી ગણેશ ચાજીને મોકલી આપવામાં આવેલી. વધુમાં સદરહુ સાહેદે આંક–૨૨ થી ૨૪ સુધીનો પત્ર પણ તેઓની

જુબાનીથી પુરવાર કરેલ છે.આમ, ઉપરોક્ત સાહેદે પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ છે.

(૫.૧૯) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે, આ કામે આંક–૬૦ થી તપાસેલ સાહેદ નિરંજનભાઈ તેજમલભાઈ **રાઠોડ** નાઓએ પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ છે અને તેઓ ફરીયાદીની જ્ઞાતિના વ્યકિત છે તેમજ તેઓ અખીલ ભારતીય તૈલીક શાહુ મહાસભાના વર્કીંગ પ્રેસીડન્ટ છે તેમજ સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજનો વાઈસ પ્રેસીડન્ટ છે તેમજ સદરહુ સાહેદે શ્રી રાહુલ ગાંધીનું ભાષણ ટીવી પર લાઈવ જોયેલું. ત્યારબાદ તરતજ સભાના વર્કીંગ પ્રેસીડન્ટ શ્રી પી.એમ.રઘુનાથને ટેલીફોન કરી આ ભાષણ સંબંધે તેઓ કોલારમાં રહેતા હોય તેમને પણ સાહેદે જણાવેલ કે ટીવીનાઈન કન્નાડા ઉપર આ લાઈવ ટેલીકાસ્ટ જોયેલ છે અને ત્યારબાદ યુટ્યુબ પરથી ટીવીનાઈન કન્નાડનો તા.૧૩–૦૪–૨૦૧૯ નો રાહુલ ગાંધીનો જાહેર સભાનો વીડીયો સર્ચ કરી તેને સાંભળ્યો અને તેઓના મોબાઈલ ઉપર ડાઉનલોડ કરેલ તે મોબાઈલ હાલ તેમની પાસે છે તેમજ નામ. કોર્ટને આંક–૨૧ ની પેનડ્રાઈવ લોપટોપમાં તેઓને કોર્ટ સમક્ષ પ્લે કરી બતાવવામાં આવેલ છે તે જોયને તેઓએ ભાષણની પુષ્ટી સાહેદ દ્વારા કરવામાં આવેલ છે.

(૫.૨૦) વધુમાં સાહેદે એવુ પણ જણાવેલ છે કે તેઓની મોઢ મોદી સમાજ જે જુદીજુદી જ્ઞાતિના નામથી જાણીતી છે અને સંપુર્ણ હિન્દુસ્તાનમાં આશરે ૧૩ કરોડ લોકોની વસતી ધરાવે છે તેમજ ગુજરાત સરકારના પરીપત્ર તા.૧૭/૨૨–૦૬–૨૦૦૫ માં પણ તૌની જ્ઞાતિનો સમાવેશ થયેલ છે.

વધુમાં સદરહુ સાહેદની **ઉલટ તપાસ**માં આરોપીપક્ષે કરવામાં આવેલ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, “એ વાત ખરી છે કે રાહુલ ગાંધીએ શ્રી નરેન્દ્ર મોદીને જે ચાર વ્યકિતઓ વિજય માલ્યા, મેહુલ ચોકસી, લલિત મોદી, નીરવ મોદી સાથે સરખાવ્યા તેમાના કોઈ અમારી કે શ્રી નરેન્દ્ર મોદીની જ્ઞાતિના નથી.” આ સુચક પ્રશ્નથી પણ એ હકીકત સાબીત થાય છે કે આરોપી દ્વારા આ પ્રકારનું ભાષણ કરવામાં આવેલું.

વધુમાં સદરહુ સાહેદને આરોપીપક્ષે પુછવામાં આવેલ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે એવુ પણ જણાવેલ છે કે "એ વાત ખરી છે કે એટલે અમુક જગ્યાએ અમુક અવાજની મીમીક્રી કરી હોય તો તે હકીકત હું કહી શકુ નહી પણ ટેક્નિકલ એક્સપર્ટ કહી શકે. એ વાત ખરી છે કે વિજય માલ્યા, મેહુલ ચોક્સી, લલીત મોદી, નિરવ મોદી દેશના ચોર છે તેવુ આ ભાષણમાં રાહુલ ગાંધીનું કહેવું છે. એ વાત ખરી છે કે આ ભાષણમાં અમારી અટકનો કોઈ ઉલ્લેખ નથી.” **વધુમાં સાહેદે એવુ પણ જણાવેલ છે કે મોદીને ચોર કહેવા બાબતમાં શ્રી રાહુલ ગાંધીનો શું ઈરાદો હતો તે તેઓને ખબર નથી.** એ વાત ખરી છે કે ભાષણમાં તે બાબતે કહ્યુ છે. નરેન્દ્ર મોદીને ભાષણમાં શા માટે ચોર કહ્યા તે મને ખબર નથી. એ વાત ખરી નથી કે શ્રી રાહુલ ગાંધીએ મોદી સમાજને ઉલ્લેખીને સારે મોદી ચોર હૈ તેવુ ભાષણ કર્યુ નથી. **એ વાત ખરી છે કે રાહુલ ગાંધીએ સમાજનો કોઈ ઉલ્લેખ તેમના ભાષણમાં કર્યો નથી. જ્ઞાતિનો પણ તેમણે કોઈ ઉલ્લેખ કરેલ નથી** **માત્ર મોદી અટકનો ઉલ્લેખ કરેલ છે.”**

આમ, સદરહુ સાહેદે ઉલટ તપાસમાં પણ આરોપીપક્ષ દ્વારા જે સુચક પ્રશ્ન પુછેલ છે તેના પરથી એ હકીકત સાબીત થાય છે કે વિવાદીત ભાષણ કરવામાં

આવેલુ અને તે ભાષણમાં મોદી અટકનો ઉલ્લેખ પણ કરવામાં આવેલો. વધુમાં આ સાહેદની જુબાનીમાં આરોપી દ્વારા માત્ર એવો બચાવ લેવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે કે સદરહુ ભાષણની સીડીમાં આરોપીના અવાજની મીમીક્રી પણ થઈ શકેલ હોય શકે. પરંતુ ખરેખર આ ભાષણમાં આરોપીના શબ્દો નથી કે આરોપીનો અવાજ નથી કે આરોપી દ્વારા આવુ કોઈ ભાષણ આપવામાં આવેલ નથી તે હકીકત આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ નથી તેમજ આરોપીના અવાજની મીમીક્રી કરી આ કામે રજુ ખચેલ ઈલેક્ટ્રોનિક એવીડન્સમાં વાક્યો ઉમેરી દેવામાં આવેલ હોય તો તે હકીકત પણ આરોપીપક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી. જેથી માત્ર શંકા ઉત્પન્ન કરવાના કારણથી ફરીયાદપક્ષના કેસને નુકશાન થતુ નથી.

વધુમાં આંક–૬૨ થી રજુ થયેલ પ્રમાણપત્ર વંચાણે લેતા ફરીયાદીના જ્ઞાતિનું અસ્તિત્વ ફરીયાદપક્ષ દ્વારા પુરવાર કરેલ છે.

(૫.૨૧) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૬૭ સી સાહેદ **ગણેશભાઈ ચાજી**ની જુબાની લેવામાં આવેલ છે. સદરહુ સાહેદ હાલના કેસમાં ખુબજ અગત્યના સાહેદ છે કારણ કે, સદરહુ સાહેદ હાલનો બનાવ નજરે જોનાર છે તેમજ સદરહુ સાહેદ સરકારી કર્મચારી છે અને તેઓની જુબાનીને ન માનવા માટેનું કોઈ કારણ નથી. વધુમાં સદરહુ સાહેદ તેઓની જુબાનીમાં એવુ જણાવે છે કે, છેલ્લી લોકસભાની ચુંટણી સને ૨૦૧૯ માં થયેલી તે વખતે મારી ફરજ કાર્યાલય કાર્યદર્શી તરીકે હતી અને લોકસભાની ચુંટમી હોવાના કારણે મને પક્ષ તરફથી થોડી વધુ કામગીરી પણ સોંપવામાં આવેલ હતી. વધુમાં સાહેદે એવુ પણ જણાવેલ છે કે "મે ૨૦૧૯ ની સાલમાં બીજેપીના અમારા

રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહની સભા ૨૦૧૯ના લોકસભાના પ્રચાર દરમ્યાન હોનાળી(HONANLI) મુકામે થયેલી **તે સભા એટેન્ડ કરી** અને શ્રી અમિતશાહે જે હીન્દીમાં ભાષણ આપેલું તેનું કન્નડ ભાષામાં ટ્રાન્લેશન કરી પ્રદેશ ઓફીસને આપવાની કાર્યવાહી કરેલી. ઈન્ડીયન નેશનલ કોગ્રેસના તે વખતના રાષટ્રીય અધ્યક્ષ શ્રી રાહુલ ગાંધીની એક જાહેર સભા કર્ણાટક–કોલાર મુકામે થયેલી. તારીખ ૧૩ એપ્રીલ ૨૦૧૯ શનિવારના દીવસે તે સભા થયેલી જે સભામાં જઇને મારે શ્રી રાહુલ ગાંધી તે સભામાં જે જે મુદા ઓ ઉપર ભાષણ આપે છે તે સાંભળવા અને પછીથી તેનો રીપોર્ટ ઓફીસને કરવો. **તે દીવસે હુ બેગ્લોર થી નીકળી કોલર પહોચેલો. કોલારમાં વિશ્વેશ્વરીયા સ્ટેડીયમ છે ત્યાં સભાનું આયોજન થયેલું ત્યાં હું ગયેલો. હું ત્યાં બપોરના લગભગ ૧૨ વાગ્યે પહોચેલો.** વધુમાં સદર સાહેદે એવુ પણ જણાવેલું કે, "તે પછી શ્રી રાહુલ ગાંધી પીએમ શ્રી નરેન્દ્ર મોદીનું નામ લઇ તેમના વીશે ધણી બધી બાબતો ઉપર બોલતાં ગયેલાં. તેમણે પોતાના ભાષણમાં એવું કહ્યુ કે નરેન્દ્ર મોદી પોતાની જાતને દેશના ચોકીદાર કહે છે પરંતુ તે ચોકીદાર નથી દેશના પૈસા લુંટે છે. પછી એવું બોલ્યા કે  પીએમએ દેશના દેશની ગરીબ જનતાના ત્રીસ હજાર કરોડ રૂપીયા અનિલ અંબાણીના ખી્સ્સામાં નાખી દીધા. તેમણે એવું કહ્યુ કે રફાલની જે ડીલ થઇ તે સબંધે શ્રી પી.એમ મોદીએ ઉપરની રકમ અનિલ અંબાણીના ખીસ્સામાં નાખી છે. પીએમ ચોકીદાર નહી પણ ચોર છે તેવું બીજીવાર દોહરાવેલું. પછી તેની સાથે સાથે તેમણે ભાષણમાં એવું કહ્યુ કે નિરવ મોદી છે તેણે પણ લોકોના પૈસા હડપી લીધા છે અને ભાગી ગયેલો છે. એક લલિત મોદી પણ લોકોના પૈસા ખાઇ ભાગી ગયેલ છે. એક મેહુલ ચોકસી છે

તેણે પણ પૈસા હડપી લીધા છે. એક વીજય માલીયા પણ લોકોના પૈસા હડપી દેશ છોડીને ભાગી ગયેલ છે. **તેમણે તેમના ભાષણમાં એવું કહેલું કે દેશના ચોર લોકોના નામ મોદી મોદી મોદી એશાહી કયુ હોતાં હે. એમણે એવું કહેલુ કે આ મોદી લોકો ચોર હોય છે. આ લોકોને માનવા ન જોઇએ.** શ્રી રાહુલ ગાંધીએ પોતાનું ભાષણ એ રીતે પુરૂ કર્યુ કે તેઓ મંચ ઉપરથી ચોકીદાર શબ્દ બોલતાં હતાં અને લોકો ચોર હે તે વું બોલતાં હતાં આવું ત્રણ થી ચાર વાર બોલી ભાષણ પુરૂ કરેલું."

વધુમાં સદર સાહેદે તેમની સરતપાસમાં એવુ જણાવેલું કે,લગભગ બે ત્રણ મહીના પછી અમારા પક્ષના એક જુના કાર્યકર પી.એમ. રધુનાથ અમારી બેગ્લોર પ્રદેશ કાર્યાલયે આવેલાં. શ્રી રધુનાથે મને કહેલું કે તારીખ ૧૩ એપ્રીલ ૨૦૧૯ નું ભાષણ જે રાહુલ ગાંધીએ આપેલુ તે ભાષણની મારે સીડી જોઇએ છીએ. મે તેમને તેવું પુછ્યું કે આ સીડી આપને શા માટે જોઇએ છીએ. મને શ્રી રધુનાથે એવું કહ્યુ કે ગુજરાત – સુરતના એક ધારાસભ્ય પુર્ણેશભાઇ મોદી છે તેઓએ મારી પાસે આ સીડી મંગાવી છે. તેમણે એવું કહેલુ કે આ સીડી હું ઇલેક્ટ્રોલ ઓફીસર પાસે જઇ નહી માંગી શકું. અને કહેલું કે આપ પ્રદેશ કાર્યાલયના સેક્રેટરી તરીકે જો ઇલેક્ટ્રોલ કમીશ્નરને અરજી કરશો તો આ સીડી આપશે. એ આધારે મે જુલાઇ ૨૦૧૯ માં સ્ટેટ ઇલેક્ટ્રોલરને અરજી કરેલી. તેમાં મે રીક્વેસ્ટ કરેલી કે ૧૩ એપ્રીલ ૨૦૧૯ નું રાહુલ ગાંધીનું પોલારમાં જે ભાષણ થયેલું છે તેની ઓડીયો વીડીયો સીડી પ્રોવાઇડ કરવી. તે પછી મને સાત આઠ દીવસ બાદ સ્ટેટ ઇલેક્ટ્રોલર કચેરી તરફથી એક પત્રની સાથે ત્રણ સીડી આપવામાં આવેલી. એ ત્રણેય સીડીઓને મે જાતે કોમપ્યુટરમાં નાખી પ્લે કરી જોયેલી. મને ઇલેકટ્રોલક કમીશ્નર તરફથી મને જે પત્ર મળેલો તે બતાવવામાં

આવે તો તે હું ઓળખી શકું એ પત્ર કન્નડ ભાષામાં હતો."

આમ, સદરહુ સાહેદે તેઓની જુબાનીમાં આંક–૨૨ વાળો પત્ર પણ પુરવાર કરેલો છે અને તે પત્રની વિગત તેઓની જુબાનીમાં જણાવેલ છે તેમજ આંક–૨૬ વાળી ત્રણ સીડીઓ તેઓની જુબાની દરમ્યાન બતાવવામાં આવે છે જેનુ સીલ નામ. કોર્ટ સમક્ષ ખોલવામાં આવેલ છે તે ત્રણ સીડી ચુંટણી કમીશ્નર પાસેથી મેળવેલ સીડી છે તેવુ સાહેદે જણાવેલ છે.

વધુમાં સદરહુ સાહેદે જુબાની દરમ્યાન આ સીડીઓ લેપટોપમાં બતાવવામાં આવેલ છે અને તે વીડીયો રેકોર્ડીંગ જોયને સાહેદ જણાવે છે કે તે દિવસે મે કોલારમાં રાહુલ ગાંધીની સભા એટેન્ડ કરેલી. તે ઓડીયો વીડીયો રેકોર્ડીંગ છે. આમ, સદરહુ સાહેદે સભાનું લાઈવ પ્રસારણ જોયેલ છે તેમજ તેજ ભાષણની સીડી તેઓને કોર્ટમાં બતાવવામાં આવેલ છે અને તે ભાષણની હકીકતને સમર્થન સાહેદે આપેલ છે.

સદરહુ સાહેદની **ઉલટ તપાસ** આરોપીપક્ષે કરવામાં આવેલ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે "એ વાત ખરી છે કે મને રાહુલ ગાંધીનું ભાષણ એટેન્ડ કરવાનુ ઉપરથી કહેવામાં આવેલુ જે લેખિતમાં આવેલુ નહીં મૌખિકમાં આવેલું.

વધુમાં આરોપીપક્ષે પુછવામાં આવેલ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, **"એ વાત ખરી છે કે આ સમય ઈલેક્શનનો ટાઈમ હતો. એ વાત ખરી છે કે ઈલેક્શન વખતે વધા નેતાઓ દેશની સમસ્યાઓ વિશે ચર્ચા કરે છે. રાહુલ ગાંધીએ પોતાના ભાષણમાં દેશની ચર્ચા શરૂઆતમાં કરેલી જે આશરે ૧૦–૧૫ મીનીટ હશે. તકરારી ભાષણ આશરે ૫૦ મીનીટનું હતુ જેમાં ટ્રાન્સલેશન સમાવિષ્ટ**

**છે જેમાં ટ્રાન્સલેશનનો સમય ભાષણ જેટલો હતો. રાહુલ ગાંધીએ જે વિવાદીત ભાષણ કરેલુ જે તેના ભાષણમાં ટુકડે ટુકડે પાંચ દસ મીનીટ કરેલું. રાહુલ ગાંધી જે એવુ ભાષણમાં બોલેલા કે "દેશના ચોર લોકોના નામ મોદી મોદી મોદી એશા ક્યુ હોતા હૈ!" અને એવુ બોલેલા કે આ મોદી લોકો ચોર હોય છે આ લોકોને માનવા ન જોઈએ તેવુ તેમના ભાષણમાં ૩–૪ વાર બોલેલા."** એ વાત ખરી છે કે આંક–૨૬ ની તમામ સીડીમાં એવુ નથી કે આ મોદી લોકો ચોર હોય છે આ લોકોને માનવાન જોઈએ."

**આમ, સદરહુ સાહેદે ઉલટ તપાસમાં કરેલ સુચક પ્રશ્નથી પણ આરોપી દ્વારા ભાષણ કરવામાં આવેલું. તેઓ દ્વારા વિવાદિત ભાષણ કરી દેશના ચોર લોકોના નામ મોદી મોદી ક્યુ? તેવુ બોલેલા તે હકીકતને સમર્થન મળેલ છે.**

(પ.૨૨) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૧૧ થી સાહેદ એમ.શીવ સ્વામીને તપાસવામાં આવેલ છે તેઓ સરકારી કર્મચારી છે તેમજ તેઓ પણ સદરહુ બનાવ નજરે જોનાર સાહેદ છે જેથી આ સાહેદની જુબાનીને ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં સદર સાહેદની જુબાની વંચાણે લેવામાં આવે તો બનાવ સમયે તેઓ કોલાર મુકામે નોકરી કરતા હતા અને લોકસભાની ચુંટણી અનુસંધાને ચુંટણી અધિકારીએ સ્પેશ્યલ ડ્યુટીનો ઓર્ડર કરેલો, જે આ કામે આંક–૧૦૨ થી રજુ છે અને સદરહુ સાહેદ વીડીયો સર્વેલન્સ ટીમના ઓફીસર તરીકે એપોઈન્ટ કરેલા હતા.તેમજ સદરહુ સાહેદ સાથે અન્ય એક વ્યકિત કે જેઓ વીડીયો ગ્રાફર તરીકે તેમની સાથે હાજર હતા. સદરહુ સાહેદે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, "તારીખ ૧૩/૦૪/૨૦૧૯ નારોજ

કોલાર ટાઉનમાં નેશનલ ઈન્ડીયન કોગ્રેસની ઈલેકશન મીટીગ હતી અને તે મીટીગમે અને મારા સબ ઓડીટરે એટેન્ડ કરેલી તે મારી ફરજના ભાગરૂપે મે મારી સુચના અને સુપરવીઝન નીચે મારા વીડીયો ગ્રાફર અરૂણકુમાર કે આર દ્વારા તેમના વીડીયો કેમેરા ઉપર સદરહુ તારીખની ચુટણી સભાનુ સંપુર્ણ પણે વીડીયો શુંટીગ ઉતારેલું."

વધુમાં સદરહુ સાહેદે આંક–૧૧૩ થી રજુ ડેપ્યુટી કમિશ્નર કોલાર ડીસ્ટ્રીકટનો હુકમ જે આ કામે રજુ થયેલ છે તે પણ ઓળખી બતાવેલ છે. સદરહુ સાહેદે સરતપાસમાં એવુ પણ જણાવેલ છે કે,"જે પ્રક્રીયા મે તારીખ ૧૩/૦૪/૨૦૧૯ના રોજની એનઆઇસીની કોલાર ટાઉની ઈલેકશન મીટીંગના રેકોર્ડીંગના ડેટાની ઉપર જણાવ્યા મુજબની પ્રક્રીયા કરેલી. જ્યારે ઉપરની સભાનુ રેકોર્ડીગ થતુ હતુ ત્યારે હુ ત્યાં હાજર હતો. જો મને સદરહુ સભાના વીડીયો રેકોર્ડીગની સીડી પ્લે કરી બતાવવામાં આવે તો તેના કન્ડેન્ટ હુ ઓળખી શકુ. આંક ૨૬ ની સીડી મને બતાવવામાં આવે છે તે તેજ છે. દરેક ઈલેકશન મીંટીગમાં જયારે વીડીયો ગ્રાફી શરૂ થાય તે પહેલા હું મારી જાતને વીડીયો શુટીંગમાં ઓફીસર તરીકે જાહેર કરી અને કઈ હેસીયતે એ સભાનુ વીડીયો શુટીંગ કરવામાં આવે છે તે હકીકત હુ દર્શાવતો હોવ છું તેમાં તારીખ સમય અને સ્થળ બધુ આવી જતુ હોય છે." તેમજ સદરહુ સાહેદ દ્વારા આંક–૧૧૪ થી ૬૫બી મુજબનું પ્રમાણપત્ર સોગંદ સ્વરૂપમાં આપેલ છે અને તેમાં પણ તેઓ દ્વારા તા.૧૩–૦૪–૨૦૧૯ ના રોજ ચુંટણીસભા એટેન્ડ કરવામાં આવેલી તેવુ જણાવેલ છે અને તે સભાનું રેકોડીંગ અરૂણકુમાર દ્વારા કરવામાં આવેલું તેમની કચેરીમાં અને તેમની ફરજના ભાગ રૂપે તેઓએ રેકોડીંગ ઈલેક્ટ્રીક ચીપથી ઈલેક્શન ઓફીસની કચેરીના કોમ્પ્યુટરમાં તે ડેટા ટ્રાન્સફર કરવામાં આવેલો

અને તે ડેટા ટ્રાન્સફર આ સાહેદ દ્વારા જ કરવામાં આવેલ છે તેવી હકીકત આંક–૧૧૪ ના પેરા નં.૧૪ માં જણાવેલ છે. તેમજ આ કામે રજુ થયેલ સીડીઓમાં જે વીડીયો રોકડીંગ છે તે રેકડીંગ તેઓ દ્વારા કરવામાં આવેલ રેકડીંગ છે જે કોપી છે તેવુ સાહેદે જણાવેલ છે.

આમ, સદરહુ સાહેદ નજરે જોનાર સાહેદ છે તેમજ તેઓ દ્વારા વીડીયો રેકડીંગ થયેલ છે તેમનાદ્વારા ડેટા કોમ્પ્યુટરમાં ફીટ કરવામાં આવેલ છે અને તે જ ડેટા આ ચીપમાં હોવાનું સાહેદે નિઃશંકપણે તેઓની જુબાનીમાં પુરવાર કરેલ છે જેથી તોને ન માનવાને કોઈ કારણ નથી.

વધુમાં સદરહુ સાહેદની **ઉલટ તપાસ** આરોપીપક્ષે કરવામાં આવેલ જેમાં આરોપીપક્ષે કરવામાં આવેલ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે "આંક–૧૧૪ થી રજુ થયેલ એફીડેવીટ આજરોજ બતાવેલ છે અને સીડી આપતી વખતે પ્રમાણપત્ર પણ આપવામાં આવેલ ન હતું તેમજ ડેટા ફીટ કર્યા પછી કેટલી સીડી બતાવવામાં આવેલી તે બાબતે તેઓને જાતમાહિતી નથી."

આરોપીપક્ષ દ્વારા આ સાહેદને ઉલટ તપાસમાં પુછવામાં આવેલ પ્રશ્નથી ફરીયાદપક્ષના કેસની હકીકતને કોઈ નુકશાન થયેલ નથી કારણ કે માત્ર આંક–૧૧૪ વાળુ પ્રમાણપત્ર સાહેદની જુબાનીમાં પુરાવા તરીકે કરી રજુ કરવામાં આવેલ હોવાના કારણે તેને ન માનવાને કોઈ કારણ નથી.

(પ.૨૩) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે આંક–૧૧૫ થી સાહેદ અરૂણકુમારની જુબાની નોંધવામાં આવેલ છે સદરહુ સાહેદ સરકારી કર્મચારી છે અને તેઓ પણ સદરહુ બનાવ નજરે જોનાર

સાહેદ છે તેથી તેઓની જુબાની ન માનવાને કોઈ કારણ નથી. સદરહુ સાહેદે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે,"તા.૧૩/૦૪/૨૦૧૯ નારોજ ઈન્ડીયન નેશનલ કોગ્રેસની જાહેર સભા કોલાર ટાઉનમાં થયેલી જે તે વખતના કોગ્રેસ પ્રમુખ શ્રી રાહુલ ગાંધીએ સંબોધેલી. સદરહુ તારીખે મે વીડીયો ગ્રાફર તરીકે વીએસટી ટીમના અધિંકારી શ્રી શીવસ્વામીની હાજરીમા તથા સુચના મુજબ આ સભાનું વીડીયો અને ઓડીયો શુંટીગ ઉતારેલુ જે મે મારા વીડીયો કેમેરા પર ઉતારેલું અને તેના ડેટા મારા વીડીયો કેમેરાની ચીપમાં ફીટ થયેલા. નિયમ મુજબ સાંજે મે મારા વીડીયો કેમેરામાંથી ડેટા સાથેની ચીપ ટીમના હેડ શ્રી શીવસ્વામી એમને સોપેલી અને તેમણે આ ચીપમાંથી ઈલેકશન તહેસીલદારની ઓફીસમાં ગર્વમેન્ટ કોમ્પ્યુટના ફોલ્ડરમાં ડેટા ફીલ્ડ કરી દીધેલા અને મને ત્યાંજ ચીપ ઈરેજ કરી પરત સોપેલીં. મે કરેલ વીડીયો સબધેની હકીકત બાબતેનું હું મારૂ સોગંધનામુ આજરોજ ઇગ્લીશમાં લખેલ છે તે આજરોજ નામદાર કોર્ટમાં રજુ કરૂ છું. જે સોગંધનામાની તમામ વીગતો મને કન્નડભાષામાં શ્રી ડો. જયશંકરશ્રીએ સમજાવેલ છે અને તે ખરી છે. સદર એફીડેવીટને વાંધા સાથે રજુ દાખલ આંક–૧૧૬ આપવામાં આવે છે. ”

સદરહુ સાહેદની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કોઈ વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ સદરહુ સાહેદ બનાવ વખતે હાજર ન હતા તેવી કોઈ હકીકત આરોપીપક્ષે ઉલટ તપાસમાં પડકારવામાં આવેલ નથી. સદરહુ સાહેદે આરોપીનું ભાષણ જોયેલ નથી તેવી હકીકત પણ ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી.

વધુમાં સદરહુ સાહેદે આંક–૧૧૬ થી ૬૫બી મુજબનું પ્રમાણપત્ર સોગંદનામા

સ્વરૂપમાં રજુ કરેલ છે તેમાં પણ વિતવાર તેઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની હકીકતો જણાવેલ છે. સદરહુ સાહેદને નહી માનવાને કોઈ કારણ નથી.

(પ.૨૪) વધુમાં ફરિયાદ પક્ષે એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે, આ કામે આંક–૧૨૪ થી પણ ફરીયાદપક્ષ દ્વારા સાહેદ પુનીત એ.વી.એન. ને તપાસવામાં આવેલ છે અને સદરહુ સાહેદ સરકારી કર્મચારી છે જેઓ દ્વારા તેમની સરતપાસમાં એવી હકીકત જણાવવામાં આવેલ છે કે તા.૦૯–૧૨–૨૧ ના રોજ કલેક્ટરશ્રી કોલારે એક હુકમ કરી અરજદાર પુર્ણશભાઈ ઈશ્વરભાઈ મોદીની અરજીના આધારે કલેક્ટર કચેરીની ઈલેક્શન બ્રાંચમાંથી સને ૨૦૧૯ ની લોકસભા ચુંટણી દરમ્યાન શ્રી રાહુલ ગાંધીએ તા.૧૩–૦૪–૨૦૧૯ ના રોજ ચુંટણી સભામાં જે પ્રવચન કરી તેનો ઓડીયો વીડીયો ડીવીડી ની કોપીઓ તેમની ઓફીસના કોમ્પ્યુટર પર ચેક કરી તેને સીલબંધ હાલતમાં અરજદારને આપવી અને તે હુકમના આધારે આ સાહેદે તેઓની ઓફીસમાં સીલબંધ હાલતમાં ડીવીડી જે હતી તે સીલબંધ કવર ખોલી તેમાંથી ડીવીડી કાઢેલી તે ત્રણ ડીવીડી હતી. તે ડીવીડી રનીંગ કન્ડીશનમાં છે કે કેમ? તે ફરીયાદપક્ષે કોમ્પ્યુટર ઉપર ચકાસણી કરી તેના આધારે ડીવીડી રાઈટ કરી ત્રણ ડીવીડી બનાવેલી અને તેઓની ઓફીસના કવરમાં મુકી ઓફીસનું લાખથી સીલ કરી કવર ઉપર મે મારુ એન્ડોર્સમેન્ટ કરેલ છે અને તે નીચે મારી સહી કરેલ છે તેથી તે હું ઓળખી શકુ છું અને આ કવર સાથે અરજદારને ડીસ્ટ્રીક્ટ કલેક્ટરનો પત્ર આપેલો જો આ કામે આંક–૧૨૫ થી રજુ છે તેમજ ત્રણ ડીવીડી જે આ કામે આંક–૧૨૬ થી રજુ છે તે કોર્ટ રૂબરૂ ઓળખવામાં આવેલ છે અને તે ડીવીડીના સમર્થનમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫બી(૪) મુજબનું પ્રમાણપત્ર આપવામાં

આવેલ તે આ કામે રજુ કરવામાં આવેલ છે.

સદરહુ સાહેદની ઉલટ તપાસ આરોપીપક્ષે કરવામાં આવેલી તેમાં આરોપીપક્ષે કરવામાં આવેલ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે જે કોમ્પ્યુટર પર મે જે સીડી ટ્રાન્સફર કરી તે કોમ્પ્યુટરનું પણ મે કોઈ ડીસ્ક્રીપ્શન આંક–૧૨૭ માં આપેલું નથી. એ વાત ખરી છે કે આ સરકારી કોમ્પ્યુટર જેના પર ડીવીડી ટ્રાન્સફર કરી કે જે તે વખતેબરાબર ચાલતુ હતુ કે કેમ? તોની કોઈ હકીકત આંક–૧૨૭ માં લખેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૨૭ આજરોજ સુરતમાં બનાવવામાં આવેલ છે. એ વાત ખરી છે કે સીડીઓ તા.૦૯–૧૨–૨૦૨૧ ના રોજ કાઢેલી. એ વાત ખરી છે કે અહીંયા આવીને હું ફરીયાદીના વકીલશ્રીને મળેલો અને આંક–૧૨૭ નું લખાણ તેમની પાસે હતુ તેના પર તેમણે મારી સહી લીધેલી.

આમ, સદરહુ સાહેદને પુછવામાં આવેલ સુચક પ્રશ્નથી એ હકીકત સાબીત થાય છે કે આ કામે રજુ થયેલ ડીવીડી સાહેદ દ્વારા જ બનાવવામાં આવેલ છે અને તેઓની ઓફીસના કોમ્પ્યુટરમાંથી તે ડીવીડી બનાવી આ કામે રજુ કરવામાં આવેલ છે તથા આ ડીવીડી પણ ડોક્યુમેન્ટ તરીકે પુરાવામાં ગ્રાહ્ય રાખવા પાત્ર છે અને આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ નથી તેમજ માત્ર ૬૫બી નું પ્રમાણપત્ર સુરતમાં આવીને આપવાથી તેની એવીડન્સની વેલ્યુ ઘટી જતી નથી અને આંક–૧૨૭ થી રજુ થયેલ પ્રમાણપત્ર સાહેદ દ્વારા તમામ વિગત જણાવવામાં આવેલ છે.

આમ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષે તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી સજા કરવા વિનંતી કરેલ છે.

## (૬) આરોપી પક્ષની દલીલોઃ–

**(૬.૧)** સદરહુ કામે આરોપીના વિ. વકીલશ્રી દ્વારા આંક–૧૪૦ થી તેઓની લેખિત દલીલ રજુ કરેલ છે. જેમાં રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા આ કામે આઈએએનએસ કોલાર કર્ણાટકના તા.૧૪–૦૪–૨૦૧૯ ના રોજના છાપાની કટીંગ કે જે વ્હોટ્સઅપના માધ્યમથી તેઓને મળેલી તે કટીંગ, આંક–૨૧ થી રજુ થયેલ પેનડ્રાઈવ, આંક–૨૬ થી રજુ થયેલ ત્રણ ડી.વી.ડી. તથા સાહેદોના મૌખિક પુરાવા પર આધાર રાખવામાં આવેલ છે.

**(૬.૨)** સદરહુ કામે ફરીયાદી દ્વારા ન્યુઝ પેપરની કટીંગની કોપીના આધારે હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તે ફરીયાદી દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી અને તે કટીંગને આંક પણ આપવામાં આવેલ નથી જેથી તે પુરાવા તરીકે વંચાણે લઈ શકાય નહિં અને જ્યારે આ કટીંગ કે જેના આધાર પર ફરીયાદી દ્વારા ફરીયાદ દાખલ કરવામાં આવેલી તે પુરવાર થયેલી ન હોય તો તો અંગે ફરીયાદ વિરૂધ્ધનું અનુમાન કોર્ટે કરવુ જોઈએ.

(૬.૩) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આંક–૨૧ થી જે પેનડ્રાઈવ રજુ કરવામાં આવેલ છે તે પેનડ્રાઈવની અંદર ફરીયાદ દ્વારા કહેવાતી સ્પીચની કોપી કરી કોર્ટમાં રજુ કરવામાં આવેલી અને ફરીયાદી દ્વારા તે અંગે આંક–૨૦ થી ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫બી મુજબનું પ્રમાણપત્ર પણ રજુ કરવામાં આવેલ છે. આ સિવાય ફરીયાદી દ્વારા તે સ્પીચ આરોપીની હતી તે પુરવાર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદીની ઉલટ તપાસ જે આરોપીપક્ષે કરવામાં આવેલ છે તે ઉલટ તપાસમાં

આંક–૨૧ થી રજુ થયેલ પેનડ્રાઈવ સંદર્ભે જે કોઈ પ્રશ્ન પુછવામાં આવેલ છે તેની વિગત ધ્યાને લેતા સૌપ્રથમ ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પેનડ્રાઈવ ફરીયાદ દાખલ કરતી વખતે હતી તે સાથે જુ કરવામાં આવેલ નહતી અને ઘણા સમય બાદ વિલંબથી તે કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે. વધુમાં આ પેનડ્રાઈવનો કોઈ ઉલ્લેખ ફરીયાદીની ફરીયાદમાં પણ નથી. વધુમાં કહેવાતી સ્પીચ સાથે કોઈ છેડછાડ કે ચેડા થયેલ નથી તે અંગેનો કોઈ પુરાવો ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં કહેવાતી સ્પીચ ફરીયાદી દ્વારા યુટ્યુબના માધ્યમથી ડાઉનલોડ કરેલ છે પરંતુ તે સ્પીચ યુટ્યુબ પર કોના દ્વારા પહોંચતી કરવામાં આવેલ અને તે સ્પીચ યુટ્યુબ પર પહોંચતા સુધી ઘણા લોકો થકી પસાર થઈ શકે એટલે પેનડ્રાઈવની વિશ્વસનીયતા પુરવાર થયેલ નથી અને તે સંજોગોમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫બી મુજબનું પ્રમાણપત્ર ફરીયાદી દ્વારા આપવામાં આવેલ હોય તેના આધારે તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં.

(૬.૪) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આંક–૨૦ થી રજુ થયેલ પ્રમાણપત્ર પણ કહેવાતી સ્પીચ કેવી રીતે યુટ્યુબમાંથી પેનડ્રાઈવમાં લેવામાં આવેલ છે તે અંગેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેવીજ રીતે કહેવાતી સ્પીચ પેનડ્રાઈવમાં લેતા સુધી કઈ પ્રક્રિયા કરવામાં આવેલ તે અંગેનો કોઈ ઉલ્લેખ આ પ્રમાણપત્રમાં કરેલ નથી. તેથી વિશેષ આ પ્રમાણપત્રમાં કયા મોબાઈલના માધ્યમથી તે લેવામાં આવેલ તે મોબાઈલની કોઈ વિગત પણ દર્શાવવામાં આવેલ નથી. આ સમગ્ર વિગત ધ્યાને લેતા તે યોગ્ય રીતે પુરવાર થયેલ ન હોય પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં.

(૬.૫) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૬૦ થી સાહેદ નીરંજનભાઈ તેજમલભાઈ રાઠોડને તપાસવામાં આવેલ છે અઅને તેઓનો પુરાવો આંક–૨૧ થી રજુ થયેલ પેનડ્રાઈવના સંદર્ભમાં ફરીયાદપક્ષ દ્વારા લેવામાં આવેલ છે અને સાહેદની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓની જુબાની ફરીયાદીની જુબાનીથી વિરોધાભાસ જણાય છે, કારણ કે ફરીયાદીના કથન મુજબ કહેવાતી સ્પીચ યુટ્યુબથી તેઓના મોબાઈલ ફોન પર લેવામાં આવેલ અને મોબાઈલમાંથી તેમની પેનડ્રાઈવમાં ડાઉનલોડ કરેલી. જ્યારે હાલના સાહેદ એમ જણાવે છે કે આ સ્પીચ યુટ્યુબમાંથી તેઓના મોબાઈલમાં ડાઉનલોડ કરવામાં આવેલી. વધુમાં સાહેદની ઉલટ તપાસમાં તેમણે કબુલ કરેલ છે કે આંક–૨૧ વાળી પેનડ્રાઈવ તેમના દ્વારા રજુ કરવામાં આવેલ નથી અને આંક–૨૧ ની પેનડ્રાઈવમાં જે સ્પીચ છે તે પ્રથમ વખત જ જુબાની દરમ્યાન તેમણે સાંભળેલ છે તેમજ સાહેદે એ હકીકત પણ કબુલ રાખેલ છે કે પેનડ્રાઈવની અંદર ડેટા કોણે નાંખેલા તે અંગે તેઓને કોઈ માહિતી નથી.

(૬.૬) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, જ્યારે આંક–૨૧ વાળો ઈલેક્ટ્રોનિક્સ એવીડન્સ પુરવાર થયેલ ન હોય ત્યારે તેના પર આધાર રાખી શકાય નહીં. તેમજ સદરહુ સાહેદ દ્વારા એ હકીકત પણ કબુલ કરવામાં આવેલ છે કે, ઘણા આર્ટીસ્ટો દ્વારા મીમીક્રી કરી જુદાજુદા લોકોનો અવાજ કાઢી શકાય છે અને હાલના કેસમાં પણ આરોપીના અવાજની મીમીક્રી થયેલ હોય શકે. વધુમાં સાહેદે એ હકીકત પણ કબુલ કરેલ છે કે, આંક–૨૧ વાળી પેનડ્રાઈવમાં આરોપીની મીમીક્રી કરવામાં આવેલ કે કેમ? તે હકીકત તેઓ જણાવી શકતા નથી

અને માત્ર ટેક્નિકલ એક્સપર્ટ કહી શકે . આમ આંક–૨૧ વાળી પેનડ્રાઈવ ફરીયાદપક્ષ દ્વારા પુરવાર કરી શકેલ નથી.

(૬.૭) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા આંક–૨૬ થી રજુ થયેલ ત્રણ સીડીઓ બાબતે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આંક–૨૬ થી રજુ થયેલ સીડીઓ એ ઈલેક્ટ્રોનિક એવીડન્સ છે અને તેની વિગત ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫બી મુજબનું પ્રમાણપત્ર દ્વારાજ પુરવાર થઈ શકે અને આ કામે આંક–૨૬ થી રજુ થયેલ સીડી અંગે ૬૫બી મુજબનું કોઈ પ્રમાણપત્ર રજુ થયેલ નથી. જેથી કહેવાતી સ્પીચની અંદર બદનક્ષીભર્યા વાક્યો હતા કે કેમ? તે હકીકત આ સીડીમાંથી જોય શકાય નહીં.

(૬.૮) વધુમાં આ ત્રણ સીડીઓ પણ જે તે સમયે ફરીયાદ સાથે રજુ કરવામાં આવેલ નથી કે ફરીયાીની જુબાની જે તા.૧૧–૧૧–૨૦૨૦ ના રોજ નોંધવામાં આવેલ ત્યાં સુધી રજુ કરવામાં આવેલ ન હતી.

(૬.૯) વધુમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે આંક–૨૬ થી રજુ થયેલ ત્રણ સીડી નામ. કોર્ટ દ્વારા પુરવાર કરવાની શરતે આપવામાં આવેલ પરંતુ ફરીયાદપક્ષ દ્વારા તે સીડીની કોઈ ઓથેનટીસીટી પુરવાર કરવામાં આવેલ નથી અને સ્વભાવિક રીતે આ સીડી અને તેમાં રહેલ ડેટા અંગે કોઈ વિગત જાણતા નથી. કારણ કે, આ ડેટા જે સમયે સીડીમાં કોપી કરવામાં આવેલો તે સમયે ઈલેક્શન કમીશ્નર હાજર ન હતા.

(૬.૧૦) વધુમાં ઈલેક્શન કમીશ્નર દ્વારા આ સીડીઓ સાહેદ ગણેશભાઈ મંજુનાથ ચાજી કે જેઓની જુબાની આંક–૬૭ થી નોંધવામાં આવેલ છે તેઓને

કે.એમ.રઘુનાથનને આપવા માટે આપેલી. કે.એમ.રઘુનાથન દ્વારા આ સીડી ફરીયાદીને મોકલવામાં આવેલી અને તેજ રીતે સાહેદ ગણેશભાઇ મંજુનાથ યાજી અને કે.એમ.રઘુનાથ દ્વારા પણ આ ઈલેક્શન કમિશ્નરે મેળવી ફરીયાદીને મોકલવામાં આવેલી. એટલે આ સાહેદો પણ આ સીડી કેવી રીતે બનાવવામાં આવેલી તે અંગેની કોઈ વિગત જાણતા નથી અને આ વિગત માત્રને માત્ર ઈલેક્શન કમિશ્નર જ જણાવી શકે.

(૬.૧૧) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે,ફરીયાદપક્ષ દ્વારા આંક–પર થી સાહેદ ડી. શંભુભાઈ ભટની જુબાની નોંધવામાં આવેલ છે કે જેઓ જોઇન્ટ ઈલેક્ટ્રોલર ઓફીસર બેંગ્લોરના હતા. આ સાહેદ તેમની જુબાનીમાંએવી કોઈ હકીકત જણાવતા નથી કે આંક–૨૬ વાળી સીડી તેઓની ઓફીસમાથી આપવામાં આવેલ. આ સાહેદ તેઓની સરતપાસમાં જણાવે છે કે આ સીડીઓ તેઓને કર્ણાટક કોલારની કચેરીમાંથી મળેલી. એટલે આ સીડીઓ કર્ણાટક કોલારમાંથી મેળવી આંક–૨૬ વાળી ત્રણ સીડી બનાવવામાં આવેલી તેવુ જણાવે છે. વધુમાં સદરહુ સાહેદ તેઓની જુબાનીમાં કોઈપણ જગ્યાએ એવુ જણાવતા નથી કે આ ત્રણ સીડીઓ તેમના દ્વારા આપવામાં આવેલ હોય કે તેમના દ્વારા ૬૫બી નું પ્રમાણપત્ર આપવામાં આવેલું. વધુમાં આ સાહેદ દ્વારા એવુ પણ કબુલ કરવામાં આવેલ છે કે તેમણે આ સીડીની ઓથેન્ટીસીટી ચકાસેલ નથી, એટલે આ સીડી ઓથેન્ટીક હતી અને તેની સાથે કોઈ ચેડા થયેલ નથી તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં ૬૫બી ના પ્રમાણપત્રની ગેરહાજરીમાં સીડીઓ ધ્યાને લઈ શકાય નહીં.

(૬.૧૨) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષે પણ આ સીડીઓ યોગ્ય રીતે પુરવાર થયેલ નથી. તેમજ ફરિયાદ પક્ષે અરજી આપવામાં આવેલ અને આ સીડીઓ પુરવાર કરવા માટે વધુ સાહેદ તપાસવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી અને સાહેદ તરીકે એમ.શીવ સ્વામી એ. માદયા ઐય્યર અને અરૂણકુમાર કે. આર.ને તપાસવાની કાર્યવાહી કરવામાં આવેલી.

(૬.૧૩) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૧૧ થી સાહેદ એમ.શીવ સ્વામીની જુબાની નોંધવામાં આવેલ છે અને તે સાહેદની જુબાની વંચાણે લેવામાં આવે તો આ સાહેદ વીડીયો સર્વેલન્સ ટીમના સભ્ય હતા તેવુ જણાવે છે અને તેઓ સદરહુ ટીમનું સુપરવીઝન કરતા હતા અને સાહેદ અંકુરકુમાર વીડીયો ગ્રાફર તરીકે હતા, તેઓ દ્વારા કહેવાતી સ્પીચનું રેકોડીંગ કરવામાં આવેલુ અને તે રેકડીંગ કેમેરાની ચીપમાં કર્યા બાદ તેના ડેટા ઈલેક્શન કમિશનના કોમ્પ્યુટરના ફોલ્ડરમાં ટ્રાન્સફર કરવામાં આવેલો અને ત્યારબાદ તે ડેટા ફોલ્ડરમાંથી ઈરેજ કરવામાં આવેલા. આમ સદર સાહેદની જુબાની વંચાણે લેતા આંક–૨૬ વાળી સીડી તેઓ દ્વારા બનાવવામાં આવેલ હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને તેઓ દ્વારા માત્ર તેમના કેમેરાની ચીપમાંથી ડેટા વીડીયો ફોલ્ડરમાં નાંખવામાં આવેલા તેટલી જ કાર્યવાહી તેમના દ્વરા કરવામાં આવેલી અને આ ડેટા વેડીયો ફોલ્ડરમાં નાંખ્યા બાદ તેનુ શું થયુ તે અંગે કોઈ વિગત આ સાહેદ જાણતા નથી. આમ સદરહુ સાહેદની જુબાની વંચાણે લેતા તેઓ દ્વારા આપવામાં આવેલ ૬૫બી મુજબનું પ્રમાણપત્ર

તેઓ આપવા સક્ષમ હોય ેતવુ જણાતુ નથી. વધુમાં જે પ્રમાણપત્ર આપવામાં આવે છે તે એફીડેવીટ સ્વરૂપમાં આંક–૧૧૪ અને ૧૧૬ થી આપવામાં આવેલ છે જેની પુરાવાની દ્રષ્ટિએ કોઈ ગ્રાહ્યતા રહેતી નથી. વધુમાં આ સાહેદ દ્વારા આંક–૨૬ ની ચીપ જોયા વગર અને  કલમ–૬૫બી મુજબનું પ્રમાણપત્ર આપવા સક્ષમ ન હોવા છતા  તેઓ દ્વારા આપવામાં આવેલ છે જેથી તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં અને આંક–૧૧૪ અને ૧૧૬ થી રજુ પ્રમાણપત્ર વંચાણે લઈ શકાય નહીં.

વધુમાં સદરહુ સાહેદ દ્વારા મોધમ પુરાવો આપવામાં આવેલ છે તે આંક–૨૬ વાળી સીડીમાં રજુ થયેલ પુરાવો તે જ છે અને આ સાહેદ દ્વારા પ્રથમ વખત જ કોર્ટમાં આ સીડી જોવામાં આવી, જેથી સદરહુ સાહેદની જુબાની પર આધાર રાખી શકાય તેમ નથી.

વધુમાં આંક–૧૧૨ અને ૧૧૩ વાળા દસ્તાવેજોથી આ સાહેદો ડેટા વીડીયો ફોલ્ડરમાં મોકલવા માટે જવાબદાર હતા તે હકીકત પ્રસ્થાપિત થતી નથી તેમજ આંક–૧૧૨ અને ૧૧૩ વાળા હુકમોમા પણ આ અંગેનો કોઈ ઉલલેખ કરવામાં આવેલ નથી. વધુમાં સદરહુ સાહેદ દ્વારા કબુલ કરવામાં આવેલ છે કે કોમ્પ્યુટરમાંથી સીડી બનાવવાની કાર્યવાહી ચંદ્રપાની હતી  અને આ સમગ્ર પ્રક્રિયા બાબતે તેઓને કોઈ માહિતી નથી.

(૬.૧૪)    વધુમાં  આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહે  અંકુરકુમારની જુબાની વંચાણે લેતા તેઓ દ્વારા પણ એ હકીકત કબુલ કરવામાં આવેલ છે કે ડેટા ચીપમાંથી કોમ્પ્યુટરમાં ફીટ કર્યા બાદ તેની સાથે શું થયુ તે તેઓ જાણતા નથી. જેથી ૬૫બી મુજબનું

પ્રમાણપત્ર આપવા માટે તેઓ સક્ષમ નથી. તેમજ આંક–૧૧૪ અને ૧૧૬ થી રજુ થયેલ સોગંદનામા સ્વરૂપનું ૬૫બીનું પ્રમાણપત્ર પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૬.૧૫) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદીની ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો તેમાં ઘણી બધી હકીકતો રેકર્ડ પર આવેલ છે જેવી કે, આંક–૨૧ વાળી પેનડ્રાઈવ અને આંક–૨૬ થી રજુ થયેલ સીડી ફરીયાદ દાખલ કરતી વખતે તે સાથે રજુ કરવામાં આવેલ ન હતી. વધુમાં ફરીયાદીએ એ હકીકત કબુલ કરેલ છે કે કહેવાતી સ્પીચ યુટ્યુબ તથા ઈલેક્શન કમીશનમાં કેવી રીતે પહોંચેલી તેની વિગત તેઓ જાણતા નથી. વધુમાં ફરીયાદી દ્વારા એ હકીકત પણ કબુલ કરવામાં આવેલ છે કે આ સ્પીચ ઈલેક્શન કમીશન કે યુટ્યુબમાં ગયેલ તેની સાથે કોઈ ચેડા થયેલ કે કેમ તે અંગે ફરીયાદી દ્વારા કોઈ તપાસ કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદી દ્વારા કબુલ કરવામાં આવેલ છે કે આંક–૨૬ વાળી સીડી સંદર્ભમાં ૬૫બી મુજબનું કોઈ પ્રમાણપત્ર મેળવવામાં આવેલ ન હતુ. વધુમાં એ હકીકત પણ કબુલ કરવામાં આવેલ છે કે તેઓ દ્વારા યુટ્યુબના કે ઈલેક્શન કમીશનના કોઈ સાહેદોના નામો ફરીયાદ સાથે આપવામાં આવેલ ન હતા. વધુમાં એ હકીકત પણ કબુલ કરવામાં આવેલ છે કે જે ઓરીજીનલ સીડી ઈલેક્શન કમીશન પાસે હોય તો તે તેઓની પાસે કેવી રીતે આવેલ છે તેની વિગત જાણતા નથી. વધુમાં એ હકીકત પણ કબુલ કરવામાં આવેલ છે કે આ સીડી ઈલેક્શન કમીશન પાસેથી કેવી રીતે મેળવવામાં આવેલી અને તેમાં કોઈ ચેડા થયેલ છે કે કેમ તે કહી શકતા નથી.

(૬.૧૬) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે,આ કામે ફરીયાદપક્ષ દ્વારા જોઈન્ટ ઈલેક્ટોરોલ ઓફીસર ડી. શંભુભાઈ ભટની જુબાની નોંધવામાં આવેલ છે અને તેમની જુબાની વંચાણે લેતા તેઓ જણાવે છે કે, આંક–૨૬ વાળી સીડી ચાલુ અવસ્થામાં ન હતી તેમજ સાહેદ પી.એમ.રઘુનાથ દ્વારા આંક–૫૬ ની જુબાનીમાં કબુલ કરવામાં આવેલ છે કે, આંક–૨૬ વાળી સીડીમાં ઈલેક્શન કમીશ્નરની કોઈ સહી સિક્કા નથી તેમજ આંક–૨૬ વાળી સીડી ડી. શંભુભાઈ અથવા પી.એમ.રઘુનાથને બતાવવામા આવેલ ન હતી જ્યારે ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદ ગણેશ ચાજીને આ સીડી બતાવવામાં આવેલી અને આ વ્યકિત દ્વારા આ સીડીમાં ચેડા થયેલ હોય શકે તેવુ જણાય છે. કારણ કે આ સાહેદ રાજકીય રીતે આરોપી વિરૂધ્ધની પાર્ટીમાં છે. વધુમાં આ સાહેદની જુબાની વંચાણે લેતા તેઓ જણાવે છે કે આંક–૨૬ વાળો વીડીયો મળતા તેઓ દ્વારા કોમ્પ્યુટરમાં ચલાવવામાં આવેલ. આ હકીકત ધ્યાને લેતા આ સીડી ખુલ્લી અવસ્થામાં તેઓને મળેલી તેવુ જણાય છે. જેથી આ હકીકત ધ્યાને લેતા આંક–૨૬ વાળી સીડીમાં ચેડા થયેલ હોવાની સંભાવના નકારી શકાય તેમ નથી.

(૬.૧૭) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ સાહેદની જુબાની ધ્યાને લેતા સીડી કે સ્પીચમાં જે અવાજ છે તે એકજ આરોપીના અવાજની મીમીક્રી કરીને પણ ઉમેરવામાં આવેલ હોય શકે અને તેઓની જુબાની નકારી શકાય તેમ નથી. વધુમાં આંક–૩૭ થી તપાસવામાં આવેલ સાહેદની જુબાનીમાં તેમણે કબુલ કરેલ છે કે, આંક–૨૬ વાળી સીડીમાં આરોપીની સમગ્ર સ્પીચનો સમાવેશ થતો નથી અને અમુક સ્પીચ છુટી ગયેલ હોય શકે તેવુ

જણાવે છે. આ હકીકત ધ્યાને લેતા જ્યારે આ સીડીમાં આરોપીની સ્પીચના અમુક વાક્યો છુટી ગયેલા હોય શકે ત્યારે આરોપીના અવાજમાં અમુક વાક્યોમાં ઉમેરો પણ થઈ શકે તેવી હકીકત નકારી શકાય તેમ નથી.

(૬.૧૮) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે,નામ. સુપ્રિમ કોર્ટના અનવર પી.વી. વિ. પી.કે.બસીર ૨૦૧૪(૦) એઆઈજેઈએલ – એસસી ૫૫૭૨૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ કલમ–૬૫બી મુજબની જોગવાઈ ચોક્કસપણે પાલન થયેલ ન હોય ત્યારે ઈલેક્ટ્રોનિક એવીડન્સ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહિ અને આ કામે ૬૫બી મુજબનું કોઈ પ્રમાણપત્ર ત્રણ સીડીના સંદર્ભમાં રજુ કરવામાં આવેલ નથી અને આંક–૧૧૪ અને ૧૧૬ થી રજુ થયેલ સોંગંદનામાં સ્વરૂપનું પ્રમાણપત્ર જે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં. વધુમાં ૬૫બી મુજબના પ્રમાણપત્ર અંગે અર્જુન પંડીતરાવ ખોટકર વિ. કૈલાશ કુશનરાવ ગોરન્ટયાલ ૨૦૨૦(૦) એઆઈજેઈએલ–એસસી ૬૬૩૬૯ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાં મુજબ પણ આંક–૨૬ વાળી સીડી પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. વધુમાં હાલના કેસમાં ફરીયાદી કે ફરીયાદી વતી કોઈપણ વ્યકિત દ્વારા આંક–૨૬ વાળી સીડીનું ઈલેક્શન કમિશ્નર પાસેથી ૬૫બી મુજબનું કોઈ પ્રમાણપત્રની માંગણી કરવામાં આવેલ હોય અને તે ઈલેક્શન કમિશ્નર દ્વારા આપવામાં આવેલ ન હોય તેવુ બનેલ નથી. આમ આંક–૨૬ થી રજુ થયેલ સીડી પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૬.૧૯) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા ફરીયાદપક્ષે જે મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ છે તે અંગે દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નિરંજન રાઠોડ દ્વારા

આ સ્પીચ ટીવી પર જોવામાં આવેલ તે સાહેદ છે તેમજ સાહેદ ગણેશ યાજી દ્વારા આ સ્પીચ સાંભળવામાં આવેલ તેવી હકીકત જણાવવામાં આવેલ છે પરંતુ આ સાહેદો દ્વારા આરોપીએ જે ઓરીજીનલ સ્પીચ આપેલી તે સાંભળવામાં આવેલ ન હતી. જેથી ચેનલો ઉપર પ્રસારીત થયેલ સ્પીચ પર આધાર રાખી શકાય નહિં.

(૬.૨૦) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારાઆંક–૬૭ થી સાહેદ ગણેશ યાજીની જુબાની નોંધવામાં આવેલ છે અને સદરહુ સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે તા.૧૩–૦૪–૨૦૧૯ ના રોજ તેઓ આરોપી દ્વારા જે સ્પીચ આપવામાં આવેલી તે જગ્યાએ હાજર હતા અને આરોપી દ્વારા "નરેન્દ્ર મોદી પોતાની જાતને દેશના ચોકીદાર કહે છે પરંતુ તે ચોકીદાર નથી દેશના પૈસા લુંટે છે. પછી એવું બોલ્યા કે પીએમએ દેશના દેશની ગરીબ જનતાના ત્રીસ હજાર કરોડ રૂપીયા અનિલ અંબાણીના ખી્સ્સામાં નાખી દીધા. તેમણે એવું કહ્યુ કે રફાલની જે ડીલ થઇ તે સબંધે શ્રી પી.એમ મોદીએ ઉપરની રકમ અનિલ અંબાણીના ખીસ્સામાં નાખી છે. પીએમ ચોકીદાર નહી પણ ચોર છે તેવું બીજીવાર દોહરાવેલું. તેમજ તેમણે તેમના ભાષણમાં એવું કહેલું કે દેશના ચોર લોકોના નામ મોદી મોદી મોદી એશાહી કયુ હોતાં હે. એમણે એવું કહેલુ કે આ મોદી લોકો ચોર હોય છે. આ લોકોને માનવા ન જોઇએ. શ્રી રાહુલ ગાંધીએ પોતાનું ભાષણ એ રીતે પુરૂ કર્યુ કે તેઓ મંચ ઉપરથી ચોકીદાર શબ્દ બોલતાં હતાં અને લોકો ચોર હે તે વું બોલતાં હતાં આવું ત્રણ થી ચાર વાર બોલી ભાષણ પુરૂ કરેલું." આવી હકીકત જણાવેલ છે અને આ કહેવાતી સ્પીચના સંદર્ભમાં લેખિત પુરાવા આ સાહેદ દ્વારા રજુ કરવામાં આવેલ છે.

આ સાહેદની જુબાનીને નહી માનવાને ઘણા બધા કારણો છે જેમાં સૌપ્રથમ મૌખિક પુરાવા સામાન્ય સંજોગોમાં કોર્ટ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવતા નથી. મૌખક પુરાવામાં ખરેખર કયા શબ્દો બોલવામાં આવેલ તે રેકર્ડ ઉપર આવેલ નથી અને તેના કારણે સ્પીચમાં બદનક્ષી સ્વરૂપના વાક્યો હતા તે કેમ તે સમજવુ ખુબ અઘરુ છે.

(૬.૨૧) વધુમાં આ સાહેદ ગણેશ યાજીનું નામ ફરીયાદમાં જણાવેલ નથી અને સૌપ્રથમ વખત જ આ સાહેદે કોર્ટમાં આવી જુબાની આપેલ છે કે તેઓ આરોપી દ્વારા આપવામાં આવેલ સ્પીચ વખતે હાજર હતા. વધુમાં ફરીયાદી આ સાહેદને ઓળખતા પણ નથી તેમજ સાહેદ પી.એમ.રંગનાથની જુબાનીમાં હાલના સાહેદ આધારે નોંધવામાં આવેલી અને પી.એમ.રંગનાથની જુબાનીમાં હાલના સાહેદ બનાવ સ્થળે હાજર હતા અને તેમણે સ્પીચ સાંભળી હતી તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં સાહેદ ગણેશ દ્વારા આંક–૨૬ વાળી સીડી પી.એમ.રંગનાથ પાસેથી મેળવવામાં આવેલી, તેમ છતા આ અંગેની જાણ સાહેદ દ્વારા ફરીયાદી તથા પી.એમ. રંગનાથને કરવામાં આવેલ ન હતી. એટલે આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ જણાય છે કે ઈલેક્ટ્રોનિક એવીડન્સ જે આ કામે ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ છે તે યોગ્ય રીતે પુરવાર થયેલ હોવા અંગેની હકીકતને સમર્થન કરવા માટે આ સાહેદની જુબાની પાછળથી નોંધવામાં આવેલ છે. વધુમાં આ સાહેદ દ્વારા આંક–૨૬ વાળી સીડી સ્વરૂપમાં પણ પુરાવો આપવામાં આવેલ છે પરંતુ તેઓની જુબાની શંકાસ્પદ જણાય છે એટલે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં તેમજ આ સાહેદ ૪૫ વર્ષથી બીજેપી સાથે સંકળાયેલા છે અને તેથી તેઓને ખોટી જુબાની આપવા માટે કારણ રહેલ છે. વધુમાં આ સાહેદ ઉલટ

તપાસમાં જણાવે છે કે તેઓ દ્વારા આરોપીની મીટીંગ એટેન્ડ કરવામાં આવેલી અને તે હકીકત તેઓએ સાહેદ પી.એમ.રંગનાથને જણાવેલી તેમ છતા સાહેદ પી.એમ.રંગનાથે આ વિગત ફરીયાદીને જણાવતા નથી. ફરીયાદી દ્વારા આ સાહેદનું નામ તેઓની ફરીયાદમાં દર્શાવવામાં આવેલ નથી.

વધુમાં આ સાહેદની જુબાની અન્ય સાહેદોની જુબાનીથી વિરોધાભાસ જણાય છે. વધુમાં સદર સાહેદ દ્વારા જે શબ્દો તેઓની જુબાનીમાં જણાવવામાં આવેલા છે તેવા શબ્દો આંક–૨૧, ૨૬ વાળા ઈલેક્ટ્રોન્ક એવીડન્સમાં નથી. વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે આરોપી દ્વારા ત્રણથી ચાર વખત એવુ જણાવવામાં આવેલ કે "તેમણે પોતાના ભાષણમાં એવું કહ્યુ કે નરેન્દ્ર મોદી પોતાની જાતને દેશના ચોકીદાર કહે છે પરંતુ તે ચોકીદાર નથી દેશના પૈસા લુંટે છે. પછી એવું બોલ્યા કે પીએમએ દેશના દેશની ગરીબ જનતાના ત્રીસ હજાર કરોડ રૂપીયા અનિલ અંબાણીના ખી્સ્સામાં નાખી દીધા. તેમણે એવું કહ્યુ કે રફાલની જે ડીલ થઇ તે સબંધે શ્રી પી.એમ મોદીએ ઉપરની રકમ અનિલ અંબાણીના ખીસ્સામાં નાખી છે. પીએમ ચોકીદાર નહી પણ ચોર છે તેવું બીજીવાર દોહરાવેલું. પછી તેની સાથે સાથે તેમણે ભાષણમાં એવું કહ્યુ કે નિરવ મોદી છે તેણે પણ લોકોના પૈસા હડપી લીધા છે. અને ભાગી ગયેલો છે. એક લલિત મોદી પણ લોકોના પૈસા ખાઇ ભાગી ગયેલ છે. એક મેહુલ ચોકસી છે તેણે પણ પૈસા હડપી લીધા છે. એક વીજય માલીયા પણ લોકોના પૈસા હડપી દેશ છોડીને ભાગી ગયેલ છે. તેમણે તેમના ભાષણમાં એવું કહેલું કે દેશના ચોર લોકોના નામ મોદી મોદી મોદી એશાહી કયુ હોતાં હે. એમણે એવું કહેલુ કે આ મોદી લોકો ચોર હોય છે. આ લોકોને માનવા ન જોઇએ. શ્રી રાહુલ

ગાંધીએ પોતાનું ભાષણ એ રીતે પુરૂ કર્યુ કે તેઓ મંચ ઉપરથી ચોકીદાર શબ્દ બોલતાં હતાં અને લોકો ચોર હે તે વું બોલતાં હતાં આવું ત્રણ થી ચાર વાર બોલી ભાષણ પુરૂ કરેલું." પરંતુ આવુ કોઈ વા્ય આંક–૨૧ કે ૨૬ વાળી સીડીમાં ત્રણ કે ચાર વખત નથી. વધુમાં સાહેદ દ્બારા તે અંગેનો ખુલાસો કરી જણાવવામાં આવેલ છે કે આંક–૨૬ વાળી સીડી માં અમુક વાક્ય છુટ ગયેલ હશે. આ હકીકત ધ્યાને લેતા પણ આ સીડી સાથે ચેડા થયેલ હોય શકે તે હકીકત નકારી શકાય તેમ નથી.

(૬.૨૨) વધુમાં આરોપીપક્ષ દ્બારા આંક–૧૨૬ થી રજુ થયેલ ડીવીડી ના સંદર્ભમાં રજુઆત કરવામાં આવેલ છે કે આ કામે રજુ થયેલ આંક–૨૬ ની ત્રણ સીડી, આંક–૧૨૬ થી રજુ થયેલ ડીવીડી ફરીયાદપક્ષ દ્બારા પુરવાર કરવામાં આવેલ નથી તેમજ આરોપીપક્ષ દ્બારા માત્ર બદનક્ષીભર્યા વાક્યોનેજ હાલના કેસમાં પડકારવામાં આવેલ છે અને સમગ્ર સ્પીચને પડકારવામાં આવેલ નથી.

(૬.૨૩) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્બારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષ દ્બારા આંક–૧૨૪ થી સાહેદ પુનીત એ.વી.એન.ને તપાસવામાં આવેલ છે અને આ સાહેદ ડીસ્ટ્રીક્ટ કલેક્ટર ઓફીસમાં કામ કરતા હોવાનું જણાવે છે તેમ છતા કોર્ટનો કોઈપણ સમન્સ વગર તેઓ કોર્ટ સમક્ષ જુબાની આપવા માટે હાજર થયેલા અને તેઓ દ્બાર ફરીયાદીના વિ. વકીલશ્રી દ્બારા તૈયાર કરવામાં આવેલ સોગંદનામામાં સહી કરવામાં આવેલી. તે હકીકત ધ્યાને લેતા સદરહુ સાહેદ ફરીયાદની તરફેણમાં પુર્વગ્રહ રાખતા હોય તેવુ જણાય છે.

(૬.૨૪) વધુમાં આંક–૧૨૪ થી તપાસવામાં આવેલ સાહેદ ઈલેક્શન ઓફીસ સાથે સંકળાયેલા નથી અને તેઓ જુદા વિસ્તારમાં કામ કરે છે. વધુમાં ઈલેક્શન

ઓફીસની અંદર ઘણા બધા કર્મચારીઓ કામ કરતા હોવા છતા હાલના સાહેદ કે જેઓ ઈલેક્શન વિભાગમાં ફરજ બજાવતા ન હોવા છતા આંક–૧૨૪ વાળી ડીવીડી ફરીયાદીને આપવા માટેની કાર્યવાહી તેઓને સોંપેલ છે અને તે કામગીરી સોંપવા માટેનું કોઈ વ્યાજબી કારણ જણાતુ નથી. વધુમાં તા.૦૯–૧૨–૨૦૨૧ ના રોજ ફરીયાદી દ્વારા અરજી કરવામાં આવે છે અને તેજ તારીખે સદરહુ સાહેદના નામનો હુકમ કરવામાં આવે છે તે હકીકત પણ આશ્ચર્યજનક જણાય છે અને પ્રથમદર્શનીય રીતે સદરહુ સાહેદ ફરીયાદીને મદદ કરવાના ઈરાદે કામ કરેલ છે તેવુ પ્રસ્થાપિત થાય છે.

(૬.૨૫) વધુમાં, આરોપીના વિ.વ.શ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે સાહેદ પુનિતની જુબાની વંચાણે લેતા સાહેદ એવી કોઈ હકીકત જણાવતા નથી કે આંક–૧૨૬ વાળી ત્રણ ડીવીડી મેળવવા માટે તેઓએ ઈલેકશન ઓફીસને પત્ર લખેલો અને આ ડીવીડી કોના કબજામાં હતી અને કોના દ્વારા તેઓને આપવામાં આવેલી તે અંગેની કોઈ વિગત જણાવતા નથી. જેથી આ ડીવીડી એવી પરિસ્થિતિમાં ઈલેકશન કચેરીમાં હતી કે તે ગમે તે વ્યક્તિ જોઈ શકે અને આ સાહેદ દ્વારા પણ આ ડીવીડીમાં ચેડા કરવામાં આવેલ હોય તે હકીકત નકારી શકાય તેમ નથી. એટલે આ ડીવીડીની વિશ્વસનિયતા માની શકાય નહી, વધુમાં આ સાહેદ દ્વારા જણાવવામાં આવેલ છે કે આ ડીવીડી સીલ પરિસ્થિતિમાં હતી પરંતુ તે ડીવીડી કોના દ્વારા સીલ કરવામાં આવેલી તે અંગેનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આંક–૧૨૫ થી રજુ થયેલ પત્ર જોતા આ ડીવીડી સાહેદ પુનિતને આપવામાં આવેલી પરંતુ આ સાહેદ દ્વારા તેઓની જુબાનીમાં વિરૂધ્ધની હકીકત જણાવેલ છે કે

તેઓ ઈલેકશન ડીપાર્ટમેન્ટમાં ગયેલા અને ત્યાંથી તે મેળવેલી. આ હકીકત ધ્યાને લેતા આ ડીવીડી ખરેખર આંક–૨૬ થી રજુ થયેલ સીડીના આધારે બનાવેલ હોય તેવુ જણાય છે.

(૬.૨૬) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ સાહેદ એમ.શિવસ્વામી અને સાહેદ અંકુરની જુબાની મુજબ તેઓ દ્વારા રેકોડીંગ કરી ઈલેકશન ઓફીસમાં વીડીયો ફોલ્ડરમાં તે રેકોડીંગ નાખવામાં આવેલુ અને ડીવીડી ફોરમેટમાં નાખવામાં આવેલુ ન હતુ. જેથી સાહેદ પુનિત દ્વારા આંક–૨૬ થી રજુ થયેલ ડીવીડી વીડીયો ફોલ્ડરમાંથી મેળવવામા આવેલ નથી. જેથી આ ડીવીડીની વિશ્વસનિયતા ગ્રાહ્ય રાખી શકાય નહી.

(૬.૨૭) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, સમગ્ર પુરાવો વંચાણે લેતા કહેવાતી સ્પીચ સૌપ્રથમ કેમેરાની ચીપમાં રેકોડ કરવામાં આવેલ અને તેમાથી ઈલેકશન ઓફીસના વીડીયો ફોલ્ડરમાં નાખવામાં આવેલુ. જેથી ઈલેકશન ઓફીસનુ કોમ્પ્યુટર સેકેન્ડકી એવીડેન્સ તરીકે ગણાય અને તે ડેટા કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ નથી. જેથી સાહેદ એમ.શિવસ્વામી અને સાહેદ અંકુર દ્વારા આપવામાં આવેલ કલમ–૬૫ (બી) મુજબના પ્રમાણપત્રની કોઈ કિંમત રહેતી નથી.

(૬.૨૮) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, એવી રજુઆત કરવામાં આવેલી છે કે આ કામે રજુ થયેલ કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૬૫(બી) માં કરવામાં

આવેલ જોગવાઈ મુજબનુ નથી. વધુમાં , રજુ થયેલ પ્રમાણપત્રમાં ડેટા કેવી રીતે સીડી અને ડીવીડીમાં લેવામાં આવેલ છે તે અંગેની કોઈ પક્રિયાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. વધુમાં, ફરિયાદી કે તેઓના વ.શ્રી. પ્રથમથી જ આંક–૧૨૬ વાળી ડીવીડી બાબતે કાંઈ જાણતા ન હોવા છતાં આંક–૧૨૭ વાળુ પ્રમાણપત્ર એડવાન્સમાં તૈયાર કરી સાહેદની જુબાની વખતે તેમાં તેઓની સહી કરાવવામાં આવેલી છે. જેથી પણ ૬૫(બી) મુજબનુ રજુ થયેલ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. આમ, નામદાર સર્વોચ્ચ અદાલતના અનવર. પી.વી. તથા અર્જુન પંડિત રાવના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ આ પ્રમાણપત્ર પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી. જેથી ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલ આંક–૨૧ વાળી પેનડ્રાઈવ, આંક–૨૬ થી રજુ થયેલ સીડી તથા આંક–૧૨૬ થી રજુ થયેલ ત્રણ ડીવીડી પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી.

(૬.૨૯) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, એવી રજુઆત કરવામાં આવેલી છે કે હાલની ફરિયાદ ઈ.પી.કો. કલમ–૪૯૯ હેઠળ દાખલ કરવામાં આવેલ હોય ત્યારે ફરિયાદપક્ષ દ્વારા બદનક્ષીવાળા વાક્યો બોલવામાં આવેલી તે હકીકત પુરવાર કરવી પડે અને તે ઉપરાંત તેની પાછળ આરોપીનું ગુનાહિત માનસ (મીન્સરીયા) હતુ અને આરોપીનો ઈરાદો ફરિયાદીની આબરૂને નુકશાન કરવાનો હતો તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવી પડે.

(૬.૩૦) આરોપીના વ.શ્રી. દ્વારા ઉપરોકત દલીલોના સમર્થનમાં નીચે દર્શાવેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો પર આધાર રાખેલ છે.

૧. ડો. મહિપતરાય એન. મહેતા વિ. હાજી જુમ્મા વલી મોહમદ– ૧૯૮૪

જીએલએચ–૩૦

૨. એસ.ખુશ્બુ વિ. કનૈયામલ અને બીજા–૨૦૧૦(૨) જીએલએચ–૩૩૪

૩. વર્ષાબેન દેવેન્દ્રભાઈ પટેલ અને બીજા વિ. ગુજરાત રાજય–૨૦૦૭(૧) જીએલએચ–૭૭૩

૪. જેફ્રી જે. ડાયરનીયર વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ–૨૦૧૦(૦) એઆઈજેઈએલ–એસસી– ૪૮૪૩૦

૫. એ.વિજયકાંત વિ. પબ્લીક પ્રોસીકયુટર–૨૦૧૬(૦) એઆઈજેઈએલ–એસસી–૫૯૦૮૦

૬. વિનોદ દુવા વિ. યુનિયન ઓફ ઈન્ડીયા–૨૦૨૧(૦) એઆઈજેઈએલ–એસસી–૬૭૪૫૪

આમ, ઉપરોકત ચુકાદાઓ પર આધાર રાખી રજુઆત કરવામાં આવેલ છે કે હાલના કેસમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વિરુધ્ધ કરવામાં આવેલ બદનક્ષી ભર્યા આક્ષેપોના સંદર્ભે ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે . તે ઉપરાંત હાલના ફરિયાદી સદરહુ કેસમા ભોગ બનનાર નથી અને વડાપ્રધાન દ્વારા કરવામાં આવતા કાર્યોની ટીકા કરવાનો આરોપીને અધિકાર છે. વધુમાં, આરોપી દ્વારા જે કાંઈ પ્રતિક્રિયા આપવામાં આવેલી તે માત્ર ચુંટણી ટાંણે અને સરકારની કાર્યશૈલી બાબતની હતી. જેથી માત્ર આરોપીના વિચારો જુદા હોવાના કારણે ફરિયાદીને હાલના પ્રકારની ફરિયાદ દાખલ કરવાનો કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી.

(૬.૩૧) વધુમાં, **આ કામે રજુ થયેલ પુરાવો જોતા આંક–૨૧, આંક–૨૬ અને આંક–૧૨૬ ધ્યાને લેતાં સ્પષ્ટ જણાય આવે છે કે આરોપી દ્વારા દેશની સમસ્યાઓ**

**અંગે ભાષણ આપવામાં આવેલુ. તે ઉપરાંત રાફેલ બીલ અંગે આરોપી દ્વારા જે કાંઈ સ્પષ્ટીકરણ કરવામાં આવેલ કે દેશના નાગરિકોના પૈસાનો દુરઉપયોગ થઈ રહેલ છે તે આરોપીના મંતવ્ય મુજબ ચોરી કહેવાય. જેથી આરોપી વિરૂધ્ધ બદનક્ષીનો કેસ થઈ શકે નહી.**

(૬.૩૨) વધુમાં, માનનીય વડાપ્રધાન વિરૂધ્ધ કરવામાં આવેલ આક્ષેપો સિવાય માત્ર એક જ વાક્ય " કેમ બધા ચોરોની અટક મોદી હોય છે." આ વાક્યને ફરિયાદી દ્વારા બદનક્ષી તરીકે ગણાવી હાલની ફરિયાદ કરેલ છે પરંતુ માત્ર આ વાક્ય જો આરોપી દ્વારા ઉચ્ચારવામાં આવેલ હોય તેવુ માની લેવામાં આવે તો પણ તેનાથી ફરિયાદીની કે તેના સમાજની કે જે વ્યક્તિની અટક મોદી છે તે કોઈની બદનક્ષી થતી નથી. વધુમાં, જયારે કોઈ વ્યક્તિ તત્કાળ બોલતો હોય ત્યારે તેનાથી બિનઈરાદે ભુલ થવાની સંભાવના હોય છે એટલે આરોપી દ્વારા ઈરાદા વગર બોલાઈ ગયુ હોય તેમ માની શકાય. વધુમા, જો આરોપીનો ખરેખર ઈરાદો હોત તો આરોપી આ એક વાક્યથી વધુ પણ બોલી શક્યા હોત. જેથી આરોપી દ્વારા જે કાંઈ ભાષણ આપવામાં આવેલુ જે વડાપ્રધાન મોદીના સંદર્ભમાં હતુ અને દેશના મોટા ગુનેગારો કે જેમની અટક મોદી હતી તેઓના સંદર્ભમાં હતુ. આમ, આરોપીનો ઈરાદો મોદી અટક ધરાવતા તમામ લોકો કે મોદી સમાજના સંદર્ભમાં બોલવાનો ન હતો તેમજ આરોપી દ્વારા તેઓની સ્પીચમાં મોદી સમાજનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને સ્લીપ ઓફ ટંકના કારણે બદનક્ષી થઈ શકે નહી.

(૬.૩૩) વધુમાં, ફરિયાદીને કહેવાતુ બદનક્ષીવાળુ પેપર કટીંગ વોટ્સઅપના આધારે મળેલ અને કહેવાતુ ભાષણ કોલર મુકામે આપવામાં આવેલુ ત્યારે હાલના

ફરિયાદી કે જેઓ ગુજરાતમાં રહે છે તેઓ વિરૂધ્ધ વ્યક્તિગત કોઈ ટીપ્પણી થયેલ નથી. વધુમા, ફરિયાદી દ્વારા સંપૂર્ણ સ્પીચ સાંભળવામાં આવેલ નથી અને માત્ર વોટ્સઅપમાં આવેલ પેપર કટીંગને ધ્યાને રાખી હાલની ફરિયાદ તાત્કાલિક દાખલ કરેલ છે જે જોતા ફરિયાદી દ્વારા મલીન ઈરાદાથી હાલની ફરિયાદ કરવામાં આવેલ છે તેવુ પ્રસ્થાપિત થાય છે. વધુમાં, સમગ્ર હકીકત ધ્યાને લેતા અમુક જ્ઞાતિના લોકો સરળતાથી મળી રહે તે ઈરાદે થી હાલની ફરિયાદ દાખલ કરવા માટે ફરિયાદીને સુચના આપવામાં આવેલ હોય તેવુ જણાય છે.

(૬.૩૪) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદીના કથન મુજબ ૧૩ કરોડ જેટલા લોકો મોદી અટક/મોદી સમાજના છે ત્યારે કોઈપણ રાજકીય પક્ષને આટલા મોટા સમુદાય વિરૂધ્ધ ટીપ્પણી કરવી પોષાય નહી અને તે પણ ખાસ કરીને ચુંટણી સમયે.

(૬.૩૫) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે,આરોપી દ્વારા જે કાંઈ ટીપ્પણીઓ કરવામાં આવેલી તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંદર્ભે અને પ્રજાના નાણાની ચોરી થતી હોય તે સંદર્ભે કરવામાં આવેલ. તેમજ ફરિયાદી કે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદો દ્વારા આરોપીએ કરેલ ટીપ્પણી ખોટી છે તેવુ કહેતા નથી. આમ, ફરિયાદપક્ષ દ્વારા હાલનો કેસ પુરવાર કરેલ નથી અને આરોપીનો ગુનાહિત માનસ (મીન્સરીયા) હતુ તે પુરવાર કરી શકેલ નથી.

(૬.૩૬) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદી આ કામે ભોગ બનનાર એટલે કે એગ્રીવડ પર્સનની વ્યાખ્યામાં

આવતા ન હોઈ તેઓને હાલના પ્રકારની ફરિયાદ દાખલ કરવાનો કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી અને આ સંદર્ભે ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૯(૧) માં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે અને આ જોગવાઈ મુજબ માત્ર એગ્રીવડ પાર્ટી જ ફરિયાદ દાખલ કરી શકે.

આરોપીના વ.શ્રી. દ્વારા ઉપરોકત દલીલોના સમર્થનમાં નીચે દર્શાવેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો પર આધાર રાખેલ છે.

૧. જી. નરસિંહમા અને બીજા વિ. ટી.સી. ચોખપ્પા –૧૯૭૨–એઆઈઆર–એસસી–૨૬૦૯

૨. નરોત્તમદાસ એલ. શાહ વિ. પટેલ મગનભાઈ રેવાભાઈ અને બીજા–૧૯૮૪–જીએલએચ–૬૮૭

૩. પ્રદિપ માધવાની. નવધત દેલીના એડીટર વિ. ગુજરાત રાજય–૨૦૦૪(૧) –જીએલએચ–૨૧૫

૪. એસ.ખુશ્બુ વિ. કનૈયામલ અને બીજા–૨૦૧૦(૨) જીએલએચ–૩૩૪

૫. રાજકપુર વિ. નરેન્દ્ર ઉર્ફે નારાયણભાઈ નાગરદાસ –૧૯૭૩(૦)–જીએલએચઈએલ– એચસી–૨૦૯૪

૬. આશા પારેખ અને બીજા વિ. બિહાર રાજય–૧૯૭૭–સીઆરએલજે–૨૧

૭. કે.એમ.મેથ્યુ અને બીજા વિ. ટી.વી. બાલન–૧૯૮૪–સીઆરએલજે–૧૦૩૯

૮. શ્રીમતિ અરૂણા અસફઅલી અને બીજા વિ . પૂર્ણા નારાયણ સિન્હા–૧૯૮૧–સીઆરએલજે–૧૧૨૧

૯. શશીકુમાર બી. મેનન વિ. એસ. વિજયન–૧૯૮૮–સીઆરએલજે–૩૯૭૩

૧૦. પ્રદિપ માધવાણી એડીટર ઓફ નોબત ડેલી એન્ડ અનધર વિ. સ્ટેટ ઓફ ગુજરતા ૨૦૧૪(૧) જી.એલ એચ–૨૧૫

૧૧.ડો. મહિપતરાય એન્ડ મહેતા વિ. હાજી જુમા વાલીમોહંમદ એન્ડ અધર ૧૯૮૪–જીએલએચ–૩૦

૧૨. ગોપાલભાઈ આર. પ્રજાપતિ વિ. પ્રતાપભાઈ હમીરભાઈ ભીડે એન્ડ અધર્સ ૨૦૦૬ (૨) જીએલ એચ–૫૯૩

૧૩. દિપક ગાબા એન્ડ અધર્સ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ એન્ડ અનાધર ૨૦૨૩ (૦) એઆઈજેઈએલ– એસ.સી. ૭૦૨૪૮

૧૪. અભીજીત પવાર વિ. હેમંત મધુકર નિંબલકર ૨૦૧૬(૦) એઆઈજેઈએલ– એસ.સી. ૫૯૭૧૩

૧૫. વિજય ધાનુકા વિ. નાજીમા મમતાજ વિગેરે ૨૦૧૪(૦) જીએલએચઈએલ– એસસી–૫૫૧૬૦

૧૬.બિર્લા કોર્પોરેશન લિ. વિ. એડવન્ટીઝ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ હોલ્ડીંગ લિ. ૨૦૧૯ (૦) એઆઈજેઈએલ– એસસી– ૬૪૨૦૩

૧૭. શ્રી કલ્યાણ બંદયોપાધાય વિ. શ્રી મ્રિદુલ દે ૨૦૧૫ (૦) એઆઈજે– ડબલ્યુબી– ૫૩૩૫૪૩

૧૮. બાલાસાહેબ કેશવ ઠાકરે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૨૦૦૨ (૦) એઆઈજે– એમએચ– ૧૨૮૬૬

આમ, ફરિયાદી હાલના કેસમાં એગ્રીવડ પાર્ટી નથી જેથી સી.આર.પી.સી. કલમ–૧૯૯ મુજબ તેઓને હાલની ફરિયાદ દાખલ કરવાનો કોઈ અધિકાર નથી.

(૬.૩૭) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદી દ્વારા કથન કરવામા આવેલ છે કે તેઓની અટક મોદી છે અને તેઓની બદનક્ષી થયેલ છે પરંતુ કેસનુ સમગ્ર રેકર્ડ જોતાં મોદી અટક ધણી બધી જ્ઞાતિના લોકોની હોય છે અને તે લોકો સમગ્ર દેશમાં વસેલા છે એટલે આ લોકોનુ કોઈ સંગઠન નથી. તેમજ આ લોકોનુ કોઈ ચોક્કસ સમુદાય પણ નથી કે જેના સંદર્ભમાં બદનક્ષી કરવામાં આવેલ હોય એટલે માત્ર ચોક્કસ સમુદાય માંથી ફરિયાદી આવતા ન હોવા છતાં તેઓ દ્વારા હાલની ફરિયાદ કરવામાં આવેલ છે. જે દાખલ કરવાનો તેઓને કોઈ અધિકાર નથી.

(૬.૩૮) વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે,ફરિયાદી દ્વારા એવી પણ રજુઆત છે કે તેઓના સમાજની બદનક્ષી થયેલ છે પરંતુ કેસનુ સમગ્ર રેકર્ડ જોતાં મોદી અટક ધણી બધી જ્ઞાતિના લોકોની હોય છે અને તે લોકો સમગ્ર દેશમાં વસેલા છે એટલે આ લોકોનુ કોઈ સંગઠન નથી. એટલે ફરિયાદી એગ્રીવડ પર્સન કહેવાય નહી. વધુમાં, આ કામે આંક–૩૭ થી તપાસવામાં આવેલ સાહેદ મનહરલાલ લાપસીવાલાની જુબાની વંચાણે લેતાં એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે મુળ ધાંચી સમાજ તે મોદી સમાજ હોય. વધુમાં વિવિધ રાજયોમાં મોદી સમાજના લોકોની જુદી જુદી અટકો હોય તે અંગોનો કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ થયેલ નથી. જેથી સ્વભાવિક રીતે દરેક વ્યક્તિની જુદી ઓળખ છે અને તે લોકો મોદી સમાજનો ભાગ નથી. વધુમાં, ફરિયાદીની મુળ અટક

ભુતવાલા હતી અને તેઓની અટક મોદી સને ૧૯૮૮ થયેલ હોવા છતા ધણા લાંબા સમય સુધી તેઓ ભુતવાલા અટક તરીકે જ ઓળખાતા હતા.

વધુમાં, આ કામે આંક–૬૦થી તપાસવામાં આવેલ સાહેદ નિરંજન તેજમલ રાઠોડ જણાવે છે કે તૈલી ધાંચીમાંથી મોદી થયા પણ તે અંગેનો કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી. આમ, ફરિયાદી વિરૃધ્ધ વ્યક્તિગત કોઈ બદનક્ષી થયેલ ન હોય તેમજ સી.આર.પી.સી.ની કલમ–૧૯૯ મુજબ ફરિયાદી હાલની ફરિયાદ દાખલ કરવા માટે સક્ષમ ન હોય સદર કેસ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૭)** હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>– મુદ્દા–</u>**

**(૧)** શુ ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના તા.૧૩–૦૪–૨૦૧૯ ના પોતાની ચૂંટણી સભામાં ભારતના વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ચોરનું ઉપનામ આપી તેમજ તેમની સરખામણી આર્થિક ગુનેગારો જેવા કે નિરવ મોદી, મેહુલ ચોકસી, લલીત મોદી તથા વિજય માલ્યા સાથે કરી ઉપસ્થિત જનમેદનીને એવુ જાહેરમાં પુછ્યુ હતુ કે **"બધાજ ચોરોના ઉપનામ મોદી કેમ હોય છે?"** તેવી ટીપ્પણી કરેલ હતી તથા ફરિયાદી તેમજ સમસ્ત મોદી સમાજની વ્યકિતગત પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના ઈરાદા સાથે તેમજ હાનિ પહોંચશે તેવી જાણકારી અને

એવુ માનવાના કારણ સાથે ઉપર્યુક્ત ગુનો કરી ફરિયાદીને સમાજીક અને શારીરીક તેમજ માનશીક નુકસાન પહોચાડેલ છે અને ફરીયાદીની બદનક્ષી થાય તેવા શબ્દોનું ઉચ્ચારણ કરી ઈ.પી.કો. કલમ–૪૯૯, ૫૦૦ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના મત મુજબ નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>– કા ર ણો –</u>**

**(૯) <u>બીન તકરારી બાબતોઃ–</u>**

સદર કામે પુરાવાનુ મુલ્યાકન કરતા પહેલા જે બીન તકરારી બાબતો છે તે નોંધવી ખુબ જરૂરી જણાય છે જે નીચે મુજબ છેઃ–

(૧) સદરહુ કેસમાં બિનતકરારી બાબતો જોવામાં આવે તો સૌપ્રથમ આ કામના ફરીયાદીનું નામ શ્રી પુર્ણેશ ઈશ્વરભાઈ મોદી છે તેઓ ધારાસભ્ય છે તેમજ આરોપી શ્રી રાહુલ ગાંધી ધારાસભ્ય છે તે બાબતે કોઈ તકરાર નથી.

(૨) વધુમાં તે હકીકત પણ બિનતકરારી છે કે, તા.૧૩ એપ્રિલ શનિવારના રોજ કર્ણાટક રાજ્યના બેંગલોર શહેરથી ૧૦૦ કિમી દુર વાળા વિસ્તારમાં ઈન્ડિયન નેશનલ કોગ્રેસ દ્વારા જાહેર સભાનું આયોજન કરવામાં આવેલું. તેમજ એ હકીકત પણ બિનતકરારી છે કે, આ જાહેર સભામાં ઈન્ડિયન નેશનલ કોગ્રેસ પ્રમુખ અને

લોકસભાના સાંસદના હેસીયતથી આ કામના આરોપી શ્રી રાહુલ ગાંધી દ્વારા જાહેર સભાનું સંબોધન કરેલું.

(૩) વધુમાં એ હકીકત પણ બિનતકરારી છે કે, આ સભામાં આરોપી દ્વારા વર્તમાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને ચોરનું ઉપનામ આપેલુ અને ભારતના આર્થિક ગુનેગારો તમામ શ્રી નરેન્દ્ર મોદી તથા લલિત મોદી તથા નીરવ મોદી તથા મેહુલ ચોકસી તથા વિજય માલ્યા જેવા આર્થિક ગુનેગારો સાથે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની સરખામણી કરેલી.

(૪) વધુમાં એ હકીકત પણ બિનતકરારી છે કે, આરોપીએ કર્ણાટક મુકામે તા.૩૦ એપ્રિલ ૨૦૧૯ ના દિવસે થયેલ સભામાં સંબોધન કરેલું જે લગભગ સાડા બારની આજુબાજુ હતુ તેમજ આરોપીએ હિન્દી ભાષામાં વ્યકિત્વ આપેલુ અને જે હિન્દી ભાષામાં આરોપી કરતા હતા તેને કન્નડ ભાષામાં ભાષાંતર કરી પ્રદેશ કોંગ્રેસ નેતા બી. રૂપાંતર કરી ભાંષામાં આપતા હતા.

(૫) આ ઉપરોકત તમામ વિગત આરોપી દ્વારા તેઓના વિશેષ નિવેદનમાં કબુલ રાખવામાં આવેલ છે તેમજ આરોપી દ્વારા લેખિતમાં વિશેષ નિવેદન સાથે તા.૨૪–૦૬–૨૦૨૧ ના રોજ ખુલાસો રજુ કરેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે સને ૨૦૧૯ માં થયેલ ચુંટણી વખતે તેઓ ઈન્ડિય નેશનલ કોંગ્રેસના પ્રમુખ હતા અને તેઓ દ્વારા ઘણી બધી જાહેર સભાઓ કરવામાં આવેલા અને તેઓએ બેંગલોર નજીક આવેલ કોલાર મુકામે પણ સભાનું આયોજન કરેલું તે સભામાં તેઓ દ્વારા ગરીબી, ભ્રસ્ટાચાર વિગેરે મુદ્દા પર ભાર મુકવામાં આવેલ.

(૬) વધુમાં હાલનો કેસ માત્ર ઈલેક્ટ્રીક પુરાવા પર આધારિત નથી અને સદરહુ

કેસમાં દસ્તાવેજો તથા મૌખિક પુરાવા પણ રજુ કરવામાં આવેલા છે.

(૭) વધુમાં, સદરહુ કામે હાલની ફરીયાદ દાખલ થતા ફરીયાદીનું વેરીફીકેશન નોંધેલુ અને તે આધારે આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો.જે હુકમ આરોપી દ્વારા ઉપલી અદાલતમાં પડકારવામાં આવેલ નથી.

(૮) વધુમાં આ કામે આરોપી દ્વારા તેઓના બચાવમાં કોઇ મૈખીક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

**(૧૦) <u>મુદ્દા નં.– ૧</u>**

સદર કેસનો નિર્ણય કરતા પહેલા ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા તપાસેલા સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય તેની ટૂંકમાં ચર્ચા કરવામાં આવે છે.

**(૧૦.૧)** ફરીયાદપક્ષે **આંક–૧૮ થી ફરીયાદી પુર્ણેશભાઈ ઈશ્વરભાઈ મોદી**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હાલ હું ભાજપમાં સુરત ૧૬૭ સુરત પશ્રિમ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય તરીકે કાર્યરત છું. હું રાહુલ ગાંધીને ઓળખું છું. તેઓ ઇન્ડીયન નેશનલ કોગ્રેસના બનાવ વખતે પ્રમુખ હતાં અને સાંસદ છે. આ બનાવ લોક સભાની ચુટણી સને ૨૦૧૯ માર્ચ, એપ્રીલ, મે દરમ્યાન યોજાયેલ હતી તે દરમ્યાનમાં બનાવ બનેલો જેમાં દરેક રાજકીય પક્ષો અને તેના નેતાઓ ધ્વારા તેમની પાર્ટીના વધુમાં વધુ ઉમેદવારો જીતે તે માટે એડી ચેટીનું જોર લગાવતાં હોય છે.

દરમ્યાન તારીખ ૧૩ એપ્રિલ શનિવારના રોજ કર્ણાટક રાજ્યના બેગ્લોર શહેરથી ૧૦૦ કી.મી. દુર આવેલ વીસ્તારમાં ઇન્ડીયન નેશનલ કોંગ્રેસ ધ્વારા જાહેર

સભાનું આયોજન કરવામાં આવેલું. આ જાહેરસભામાં ઈન્ડીયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ અને લોકસભાના સાંસદની હેસીયતથી શ્રી રાહુલ ગાંધીનું પોતાની પાર્ટીના ઉમેદવાર જીતે તે માટે તેઓએ જાહેરસભા સંબોધેલી. આ સભામાં તેઓએ વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ચોરનું નામ આપેલું અને ભારતના આર્થિક ગુનેગારો એક શ્રી નીરવ મોદી બીજો લલિત મોદી ત્રીજો મેહુલ ચોકસી ચોથું વીજય માલીયા જેવા આર્થિક ગુનેગારો સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સરખામણી કરેલી. ત્યારબાદ તેઓએ સવાલ કરેલ કે બધા ચોરોનું ઉપનામ મોદી કેમ ? બધા ચોરો નું નામ મોદી કેમ ? તેઓએ આ સવાલ જાહેર સભામાં કરેલો. તેઓએ વધુમાં જણાવેલું કે વર્તમાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ચોકીદાર ૧૦૦ ટકા ચોર છે અને તેઓએ રાફેલ વીમાન સોદામાં રૂપીયા ત્રીસ હજાર કરોડ ચોર્યા છે અને પોતાના ચોર દોસ્ત અનિલ અંબાણીને આપ્યા છે આ શબ્દો બદનક્ષી ભર્યા હતાં.

ત્યારબાદ આ સમગ્ર ઘટના અક્ષરસહ કર્ણાટકના ન્યુઝ એજન્સી આઈ. એ. એન. એસ. વર્તમાન પેપરમાં તારીખ ૧૪/૦૪/૨૦૧૯ના રોજ રવિવારના રોજ કર્ણાટકના પેપરમાં પ્રસિધ્ધ થયેલાં. ત્યારબાદ આ પેપરનું કટીંગ મારા વોટ્સએપ ઉપર આવેલું અને જે મે વાંચેલું અને આ મારી ફરીયાદ સાથે પેપરનું કટીંગ પણ સામેલ કરેલ. જેની ફોટો કોપી આ કામે માર્ક ૩/૧ થી રજુ છે જે મને બતાવવામાં આવે છે જે જોઈને કહુ છે કે તે તેજ છે જે મે રજુ કરેલું.

સદર વોટ્સએપ મેસેજ મે મારા ઘરે વાંચેલો. મારૂ રહેણાંક વિસ્તાર અડાજણ પોલીસ સ્ટેશનની હદમાં આવે છે. ત્યારબાદ મે હાલની ફરીયાદ દાખલ કરેલી જેનું કારણ એ હતું કે હું મોદી સમાજ એટલે કે મોઢ વણીક સમાજમાંથી આવું છું.

ગુજરાતમાં મોદી સમાજ મોઢ વણીક સમાજ તરીકે ઓળખાય છે. પુરા દેશમાં અલગ અલગ રાજ્યમાં રાઠોડ, ગુપ્તા, તૈલી, મોદી, ઘાંચી, ચૌધરી, દાસ, ચેટીયાર, શાહું વગેરે જેવી મોદી સમાજના ઘટકો આવેલાં છે. શ્રી રાહુલ ગાંધીજીએ તેમણે કરેલા ઉચ્ચારણને કારણે સમગ્ર દેશમાં ૧૩ કરોડ જેટલા મોદી સમાજના જ્ઞાતિ બંધુંઓનું અપમાન અને બદનામી થયેલી છે. જેને કારણે ૧૩ કરોડ જેટલા મોદી સમાજના જ્ઞાતિ બંધુંઓની બદનક્ષી થયેલ છે જેમાં મારી પણ બદનક્ષી થયેલી છે. આ કરવાનું કારણ સમગ્ર દેશમાં વસતા મોદી અટકધારી અને મોદી સમાજના કરોડો જ્ઞાતિ બંધુંઓની વ્યકિતગત પ્રતિષ્ઠાને હાની પહોચી અને તેની જાણ શ્રી રાહુલ ગાંધીને હતી અને તેઓએ પોતાના રાજકીય સ્વાર્થ માટે આ પ્રકારનું ભાષણ કરેલ.

ત્યારબાદ દક્ષીણ ગુજરાતમાં લોકસભાની ચુંટણીની તા. ૨૩/૦૪/૨૦૧૯ ની હતી અને હું ૨૩ બારડોલી લોકસભાનો ચુંટણી ઇનચાર્જ હતો. ત્યારે મે યુ ટ્યુબ ઉપર પણ શ્રી રાહુલ ગાંધીનું ઉપરોકત દર્શાવેલું ભાષણ સાંભળેલું પરંતુ ચુંટણીમાં વ્યસ્ત હોવાના કારણે જેનું રેકોર્ડીગ મેં પાછળથી કરી અને આજે તેની પેનડ્રાઇવ તથા અન્ય દસ્તાવેજો લીસ્ટથી પણ રજુ કરૂ છું. સદર લીસ્ટને આંક–૧૯ આપવામાં આવે છે તથા તેમાં રજુ કરેલા દસ્તાવેજોને માર્ક ૧૯/૦૧ થી ૧૯/૧૨ આપવામાં આવે છે.

પેન ડ્રાઇવમાં મેં ડેટા લીધેલ છે જે મે મારા મોબાઇલમાંથી ડાઉન લોડ કરી લીધેલાં. જે અંગેનું પ્રમાણ પત્ર હું મારી સહી વાળું રજુ કરુ છું. સદર પ્રમાણપત્ર મે તૈયાર કરેલ છે. જે માર્ક ૧૯/૦૨ થી રજુ છે જેને બચાવપક્ષના વાંધા કે સદર પ્રમાણપત્ર કાયદા પ્રમાણે યોગ્ય રીતે તૈયાર થયેલ ન હોય જેથી તેઓ આંકે પાડવા

સામે વાંધો હોય તેને વાંધા સાથે દાખલ આંક –૨૦ આપવામાં આવે છે. સદર પેનડ્રાઇવ પણ હું પુરાવા તરીકે રજુ કરૂ છું જેમાં ઉપરોકત જણાવેલ બદનક્ષીકારક ભાષણ શ્રી રાહુલ ગાંધીનાઓએ તેમની સ્પીચમાં કરેલ. સદર ભાષણ હીન્દી ભાષામાં કરેલું અને કર્ણાટક રાજ્ય હોવાના કારણે ત્યાં દુભાષીયા તરીકે સ્થાનીક ભાષામાં અન્ય આગેવાને સંબોધન કરેલું. દુભાષીયા તથા ભાષણ કરનારને મે પેનડ્રાઇવમાં જોયેલ છે. ફરીયાદીના વિ.વકીલશ્રી સદર પેનડ્રાઇવને આંકે પાડવા રજુઆત કરેલ છે તે બાબતે બચાવપક્ષના વિ વકીલશ્રી એવો વાંધો લે છે કે સદર પેનડ્રાઇવ ઇલેક્ટ્રોનીક એવીડન્સ હોય તેના Source and Authenticty ની ખરાઇ કર્યા બાદ પુરાવામાં વંચાણે લેવામાં આવે છે જેથી સદર પેનડ્રાઇવને ભારતીય પુરાવા ધારા પ્રમાણે પુરવાર કરવાની શરતે દાખલ આંક – ૨૧ આપવામાં આવે છે.

ત્યારબાદ લોકસભાની ચુંટણી અંગે ચુંટણી અધિકારી પાસેથી સંબોધન થયેલા નેતાઓના ભાષણ રેકોર્ડીંગ કરતાં હોય છે. કર્ણાટક રાજ્યમાં પણ બેંગ્લોરથી ૧૦૦ કી.મી. દુર કોલાર મુકામે થયેલ ભાષણને કાયદેસરની નકલ મેળવવા અમારા મોદી સમાજના આગેવાન શ્રી પી.એમ. રઘુનાથને વાત કરેલી અને ભાષણ અંગેની સીડી કેસેટ કાયદેસરથી મેળવવાની કાર્યવાહી કરવા મે તેઓને જણાવેલું.

ત્યારબાદ અખિલ ભારતીય તૈલી શાહુ સમાજ કે જે મોદી સમાજનું એક ઘટક કર્ણાટકમાં છે જેના કાર્યકારી અધ્યક્ષ શ્રી પી.એમ.રઘુનાથે કાયદેસરની કાર્યવાહી કરી ચુંટણી પંચ પાસેથી શ્રી રાહુલ ગાંધીએ કરેલ પ્રવચનની કાયદેસરની સીડી કેસેટ મેળવેલી અને તે સીડી કેસેટ મને સુરત મુકામે કુરીયરથી પહોચાડેલી આ અંગે

અખિલ ભારતીય તૈલી શાહુ સમાજના કાર્યકારી અધ્યક્ષ શ્રી રઘુનાથજીનો ફોરવર્ડીગ લેટર તેમજ ચુંટણી પંચનું સીડી કેસેટ આપ્યા અંગેનું કન્નડ ભાષાનું અસલ સર્ટીફીકેટ તેમજ કન્નડ ભાષાના સર્ટીફીકેટને અંગ્રેજી ભાષામાં ટ્રાન્સલેટ કર્યાનો અસલ પત્ર તેમજ બેગ્લોરથી સુરત ડી.ટી.ડી.સી. કુરીયર કંપની ધ્વારા આવેલ કુરીયરની અસલ રસીદ આ સાથે નામદાર કોર્ટમાં રજુ કરુ છું. સદર દસ્તાવેજ અનુક્રમે માર્ક ૧૯/૪ થી ૧૯/૭ સુધી રજુ છે જેને વાંધા સાથે રજુ દાખલ આંક અનુંક્રમે ૨૨ થી ૨૫ આપવામાં આવે છે.

સદર સીડીસ જે ત્રણ છે તે પણ હું પુરાવા તરીકે રજુ કરૂ છું જેમાં ઉપરોકત જણાવેલ બદનક્ષી કારક ભાષણ શ્રી રાહુલ ગાંધીનાઓએ તેમની સ્પીચમાં કરેલ. સદર ભાષણ હીન્દી ભાષામાં કરેલું અને કર્ણાટક રાજ્ય હોવાના કારણે ત્યાં દુભાષીયા તરીકે સ્થાનીક ભાષામાં અન્ય આગેવાને સંબોધન કરેલું. દુભાષીયા તથા ભાષણ કરનારને મે સીડીસમાં જોયેલ છે. ફરીયાદીના વિ.વ.શ્રી સદર સીડીસને આંકે પાડવા રજુઆત કરેલ છે તે બાબતે બચાવપક્ષના વિ વ.શ્રી એવો વાંધો લે છે કે સદર સીડીસ ઇલેક્ટ્રોનીક એવીડન્સ હોય તેના Source and Authenticty ની ખરાઇ કર્યા બાદ પુરાવામાં વંચાણે લેવામાં આવે છે જેથી સદર સીડીસને ભારતીય પુરાવા ધારા પ્રમાણે પુરવાર કરવાની શરતે સંયુકત દાખલ આંક–૨૬ આપવામાં આવે છે. તથા સદર સીડીસ જે ત્રણ છે તે પણ રજુ કરૂ છું.

ઉપરોકત સીડીસમાં મે મારી ફરીયાદમાં જણાવેલ શ્રી રાહુલ ગાંધીનું બદનક્ષીકારક ભાષણ સાંભળેલ છે અને જોયેલ છે.

સદર કામે મે માર્ક ૧૯/૦૮ થી મારા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ખરી

નકલ રજુ કરેલ છે જેમાં હું જ્ઞાતિ તથા જાતિએ હું હીન્દુ મોઢ ઘાંચી સમાજનો છું તેમ જણાવેલ છે જે મોદી જ્ઞાતિનો એક ભાગ છે સદર માર્ક ૧૯/૦૮ ને દાખલ આંક – ૨૭_આપવામાં આવે છે. વધુંમાં અમારી જ્ઞાતિ સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગમાં આવે છે જેનું સમાજ કલ્યાણ અધિકારીનું પ્રમાણપત્ર જે માર્ક ૧૯/૦૯ થી રજુ કરેલ છે જેને દાખલ આંક – ૨૮ આપવામાં આવે છે. વધુમાં આંક ૨૭ તથા ૨૮ માં મારી સરનેમ ભુતવાલા તરીકે દર્શાવી છે જે મે રાજકોટ ગેજેટમાં અરજી કરીને ભુતવાલા અટકમાંથી મોદી અટક કરાવેલ છે જેના ગેજેટની કલર ઝેરોક્ષ માર્ક ૧૯/૧૦ થી રજુ છે તેને વાંધા સાથે રજુ દાખલ આંક – ૨૯ આપવામાં આવે છે. વધુમાં સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજના ટ્રસ્ટનો હું ઉપપ્રમુખ છું. જે ટ્રસ્ટનું લેટર પેઈડ આ સાથે માર્ક ૧૯/૧૨ થી રજુ કરેલ છે જેને વાંધા સાથે રજુ દાખલ આંક – ૩૦ આપવામાં આવે છે.

ઉપરોકત જણાવેલ બનાવ બાબતે મને તથા મારા સમાજના લોકોને લાગી આવેલ અને આઘાત લાગેલો અને અમારા સમાજની અને અમારી બદનક્ષી થયેલ. તેમજ શ્રી રાહુલ ગાંધીના આ ભાષણથી સમાજમાં અનેક શંકા કુશંકા તથા નીચુ જોવાનું અને સમાજની અંદર ચોર કહેવાના કારણે એક જુદા પ્રકારની ભાવના ઉત્પન્ન થયેલી. આ કારણે મારી તથા મારા સમાજની સામાજીક, આર્થિક, શારીરીક અને માનસીક નુકશાની થયેલી. જેની મે ફરીયાદ આપેલી જે મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે. તેમાં જે લખાણ છે તે સાચું છે. આરોપીને હું કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકું.

**(૧૦.૨)** સદર ફરીયાદીની **ઉલટ તપાસ** બચાવ પક્ષે કરવામાં આવેલ છે. જેની

મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે કહેવાતુ ભાષણ જે જગ્યાએ કરવામાં આવેલું ત્યાં હું હાજર ન હતો. જેથી આરોપીએ જે ભાષણ કરેલું તે મે સાંભળેલું નહી તથા કહેવાતા ભાષણ સમયે જે તે જગ્યાએ કેટલા લોકો એકત્રીત થયેલા હતાં તે પણ હું કહી શકું નહી. એ વાત ખરી છે કે આ કામે આંક–૨૧ થી રજુ થયેલ પેનડ્રાઇવ તથા આંક– ૨૬ થી રજુ થયેલ સીડીસ મે ફરીયાદ દાખલ કરતી વખતે રજુ કરેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદ સાથે મે આ કામે સમાચાર પત્રમાં પ્રસિધ્ધ થયેલાની કોપી રજુ કરેલ છે તે સીવાય ફરીયાદ સાથે બીજુ કશું રજુ કરેલ નથી. તથા યુ ટયુબને લગતી જે હકીકત મે મારી જુબાનીમાં જણાવેલ છે તેવી કોઇ હકીકત મે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ કરતી વખતે મારી પાસે વોટ્સએપ મેસેજ હતો. એ વાત ખરી છે કે ફરીયાદ દાખલ કરતી વખતે તકરારી ભાષણ મારી પાસે ન હતું પરંતુ માત્ર વોટ્સએપમાં આવેલ મેસેજ હતો. એ વાત ખરી નથી કે કોઈપણ ભાષણ બદનક્ષી કારક છે કે કેમ તેવી ત્યારેજ ખબર પડે કે જ્યારે સદર ભાષણ આખુ સાંભળેલ હોય. એ વાાત ખરી છે કે જે જગ્યાએ ભાષણ થયેલ તે જગ્યાએ કોણે કોણે સદર ભાષણ લખેલું કે રેકોર્ડીંગ કરેલું તે હું કહી શકુ નહી તથા સદર લખાણ કે રેકોર્ડીંગ કોણે કોણે આપેલું હોય તે પણ હું કહી શકું નહી તથા આ માણસોથી યુ ટયુબ કે ચુટણી પંચ સુધી ભાષણ ગયુ તે અગાઉ કેટલા ઇલેકટ્રોનીક સાધનોમાંથી પસાર થયું તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે આ દરમ્યાન તેજ સ્વરૂપમાં ભાષણ ચુટણી પંચ પાસે કે યુ ટયુબ પાસે ગયુ કે પછી તેમાં ચેડા થયાં તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે આ અંગે મે કોઇ તપાસ કરી નથી. એ વાત ખરી છે કે યુ ટયુબ કે ચુટણી પંચની આવુ રેકોરડીંગ કરવા બાબતે શી

વ્યવસ્થા છે તે હું કહી શકું નહી. એ હું કહી શકુ નહી કે આ ભાષણ સંબંધે મારા સીવાય કોઇ બીજોઓએ ફરીયાદ કરી છે કે કેમ. એ વાત ખરી છે કે આ કામે આંક ૨૬ થી રજુ કરેલ સીડીઓ બાબતે મે કોઇ પુરાવા ધારાની કલમ ૬૫બીનું પ્રમાણપત્ર મેળવેલ નથી. એ વાત ખરી છે કે ચુટણી પંચે મને જે સીડીઓ આપી તે સીડીઓ અસલ પરથી બનાવેલી કે પછી આઠ થી દસ વાર કે કેટલીવાર એક પરથી એક બનાવી તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં યુ ટયુબ કે ચુટણી પંચના સાક્ષીઓના નામ જણાવ્યા નથી. એ વાત ખરી છે કે પેનડ્રાઇવ તથા સીડીઓ સૌ પ્રથમ વાર આજરોજ રજુ કરેલ છે તથા હાલની ફરીયાદની અનેક તારીખ પડેલ હોવા છતાં સદર પેનડ્રાઇવ તથા સીડીઓ સૌ પ્રથમવાર રજુ કરેલ છે. યુ ટયુબ પરથી મે સીધી આ પેનડ્રાઇવ બનાવેલી છે. મોબાઇલનાં યુ ટયુબમાંથી પેન ડ્રાઇવમાં ડાઉનલોડ કરેલું છે. એ વાત ખરી છે કે કયાં મોબાઇલ માંથી ડાઉન લોડ કરેલ છે તેવો મોબાઇલનો નંબર મે મારી જુબાની તથા પ્રમાણપત્રમાં જણાવેલ નથી તથા આંક– ૨૦ ના પ્રમાણપત્રમાં મે આ ડાઉનલોડ કરવા માટે જે ડીવાઇઝ વાપરી તે ડીવાઇઝની આઇડેન્ટીટી દર્શાવતી કોઇ વીગતો આંક–૨૦ ના પ્રમાણપત્રમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે સદર પ્રમાણપત્રમાં કોઇ કેસ નંબર લખેલ નથી.

સદર પ્રમાણપત્રમાં જે કલમ ૬૫બી ૨એ થી ૬૫ બી૨ માં દર્શાવેલી શરતોને થોડે અંશે જાણું છું. કઇ શરતો જાણું છું તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે કહેવાતું ભાષણ યુ ટયુબ ઉપર કોણે અપલોડ કરેલું તેની જાણકારી મને નથી તથા અપલોડ કરનાર કેવી રીતે સદર ભાષણ લઇ આવ્યા તેની પણ જાણકારી મને નથી.

એ વાત ખરી છે કે ચુટણી પંચ પાસે જે કોઇ અસલ સીડી હોય તે તેમને કોણ ક્યારે કેવી રીતે આપી ગયુ તે વીશે મને કોઇ જાણકારી નથી. એ વાત ખરી છે કે મે ચુંટણી પંચ પાસે આંક– ૨૬ ની સીડી સીધી રીતે મેળવેલી નથી. એ વાત ખરી છે કે જે માણસે મારા માટે સીડી મેળવી તે માણસે કેવી રીતે આ સીડી ચુંટણી પંચ પાસેથી મેળવી અને તેમાં કોઇ છેડછાડ થયેલ છે કે કેમ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે મે આ કામે આંક ૨૦ થી રજુ કરેલ પ્રમાણપત્ર ફરીયાદ સાથે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે જેણે વોટસએપ કટીંગ મારી પાસે મોકલેલું તેનું નામ મે ફરીયાદમાં લખાવેલું નથી તેમજ તેવી કોઇ વ્યકિતને સાક્ષી તરીકે ફરીયાદમાં ટાંકેલા નથી. એ વાત ખરી છે કે એ વ્યકિતએ કેવી રીતે ક્યાંથી ચેટીંગ મેળવ્યું તથા ચેડા વાળું કે ચેડા વગર મેળવેલું તેની મને જાણકારી નથી. એ વાત ખરી છે કે વોટસ એપ ચેટીંગવાળું છાપું મારે ત્યાં આવતું નથી. તેજ દીવસે પહેલી વાર આવેલું. તે ચેટીંગ વાચીને તરત ફરીયાદ કરી દીધેલી. એ વાત ખરી છે કે મને કાંઇ તપાસ કરવા જેવું લાગેલુ નહી એટલે તરત ફરીયાદ કરી દીધેલી. મારૂ એવું કહેવું નથી કે આખા દેશના બધા છાપાઓમાં છપાયે તે ખરૂજ છપાય. એ વાત ખરી છે કે એટલે ભુલને અવકાશ હોય છે. એ વાત ખરી છે કે વોટસએપ ચેટીંગ કેટલાંક વ્યકિતઓ પાસેથી ફરીને ફોરવર્ડ થઇને મારી પાસે આવ્યુ તે હુ કહી શકું નહી. એ વાત ખરી છે કે છાપાનો મુળ રીપોર્ટર કે જેણે આ ભાષણ એટેન્ડ કર્યુ તે પણ હું કહુ શકુ નહી. એ વાત ખરી નથી કે મારી પાસે ફરીયાદ કરવા માટે આ ચેટીંગ મોકલવામાં આવેલું.

વાત ખરી છે કે મારી જન્મથી અટક મોદી નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મારી અટક ભુતવાલા હતી. એ વાત ખરી છે કે આંક–૨૭ અને આંક–૨૮ ના

સર્ટીફીકેટમાં મારી અટક ભુતવાલા લખેલી છે તથા તેમાં મારી જ્ઞાતિ હીન્દુ મોઢ ઘાંચી લખેલી છે. સદર દસ્તાવેજોમાં મારી જ્ઞાતિ મોદી કે મોઢ વણિક લખેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં મારી અટક મોઢ ઘાંચી લખેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદના પેરા નંબર ૬ તથા ૭ માં મારો સમાજ મોઢ વણિક સમાજ હોવાનું લખેલ છે મોઢ ઘાંચી સમાજ લખેલ નથી. એ વાત ખરી છે કે મોઢ ઘાંચી તથા મોઢ વણિક સમાજ એકજ હોય તેવું દર્શાવવા મે કોઇ આધાર રજુ કરેલ નથી. મે ૧૯૮૮ માં ભુતવાલા સરનેમ બદલીને મોદી કરેલી. એ વાત ખરી છે આંક–૨૮ વાળું પ્રમાણપત્ર મે તારીખ ૧૦/૧૦/૧૯૯૯ ના રોજ મેળવેલું જેમાં મારી સરનેમ ભુતવાલા લખેલી છે. એ વાત ખરી છે કે આંક–૨૭ થી આંક–૩૦ ના દસ્તાવેજો મે ફરીયાદ સાથે રજુ કર્યાં નથી પરંતુ આજરોજ પહેલવહેલી વાર કોર્ટ સમક્ષ રજુ કર્યા છે. એ વાત ખરી છે કે મે જે સરતપાસમાં એવું જણાવ્યુ કે પુરા દેશમાં અલગ અલગ રાજ્યમાં રાઠોડ, ગુપ્તા, તૈલી, મોદી, ઘાંચી, ચૌધરી, દાસ, ચેટીયાર, શાહું વગેરે જેવી જ્ઞાતિઓ મોદી સમાજના ધટકો હોય તે બતાવવા કે પુરવાર કરવા કોઇ લેખીત આધાર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ગુજરાતમા મોદી સમાજ મોઢવણીક સમાજ તરીકે ઓળખાય છે તેવું દર્શાવવા મારી પાસે કોઇ આધાર નથી. એ વાત ખરી છે કે મોઢ વણિક સમાજમાં મોદી સીવાય પણ અનેક અટકો ધરાવતી વ્યકિતઓ છે. એ વાત ખરી છે કે મોઢ વણિક સમાજમાં મોદી અટક સિવાયની અટક ધરાવતી વ્યકિતઓ પણ મોદી સમાજની કહેવાય તેવું દર્શાવવા મારી પાસે કોઇ આધાર નથી. એ વાત ખરી છે કે આંક–૩૦ થી રજુ થયેલ લેટર પેઇડ કોરૂ છે તેમાં કોઇ લખાણ નથી તથા કોઇના સહી સીક્કા નથી. એ વાત ખરી છે કે રાઠોડ,

ગુપ્તા, તૈલી, મોદી, ઘાંચી, ચૌધરી, દાસ, ચેટીયાર, શાહું વગેરે મોદી સમાજના ઘટકો નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે એકબીજાના પુરક છે. એ વાત ખરી છે કે તેઓ એકબીજાના પુરક છે તેવું દર્શાવતો કોઇ પુરાવો આ કામે મે રજુ કર્યો નથી. એ વાત ખરી છે કે સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ સને ૨૦૧૫ થી અસ્તીત્વ ઘરાવે છે તે પહેલા આ ટ્રસ્ટ હતુ નહી.  એ વાત ખરી છે કે મારો સમાજ મોઢ મોદી હોય તેવું કોઇ પણ મારે લગત સરકારી રેર્કડમાં લખેલું નથી. એ વાત ખરી છે કે મોદી અટક ઘણી બધી જાતીઓ અને સમાજમાં આવે છે. એ વાત ખરી છે કે એટલે મોદી અટક એક ચોક્કસ સમાજની હોય તેવું નથી. એ વાત ખરી છે કે મોદી નામે કોઇ સમાજ અસ્તિત્વ ધરાવતો હોય તેવું દર્શાવવા મારી પાસે આંક–૩૦ સિવાય કોઇ આધાર રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મોદી અટકધારી લોકો કોઇ એક જગ્યાએ ભેગા થતાં હોય મળતાં હોય તેવુ કોઇ તેમનું સંગઠન નથી.

મોદી જ્ઞાતિને સામુહીક રીતે કોઇ સાથે વેરભાવ ખરો તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે મોદી અટકધારી કે મોદી સમાજને અપમાનીત કરે તો મોદી સમાજ સામુહીક રીતે ભેગો થઇ તેનો સામનો કરે. એ વાત ખરી છે કે તેવું કોઇ પણ સમાજ કરે. આરોપીએ ભાષણ કર્યુ તે અગાઉ મોદી જ્ઞાતિ કે સમાજને અન્ય કોઇ જ્ઞાતિ કે સમાજ સાથે કોઇ દુશ્મનાવટના બનાવો બનેલા તેવા સવાલના જવાબમાં હું જણાવું છે કે દેશ ના ૧૩૦ કરોડની વસ્તીમાં આવું કંઇ બન્યુ હોય તો મારા ધ્યાનમાં નથી. હું વકીલ છું. હું સમાજમાં આગળ પડતો છું. એવું જરૂરી નથી કે આવો બનાવ બને તો હું સમજણો થયો પછી તે મારા ધ્યાનમાં આવે. હું ૩૬ વર્ષથી રાજકારણમાં છું. મોદી સમાજવાળા ગુજરાતમાં વધારે અન્ય રાજયોમાં વધારે હોઇ

શકે. એટલે તેની મને ચોક્કસ માહીતી નથી. કર્ણાટકમાં જ્યાં ભાષણ કર્યુ ત્યાં થોડા મોદી લોકો હોઇ શકે ચોક્કસ માહીતી મારી પાસે નથી. એ વાત ખરી છે કે જ્યાં ભાષણ કર્યુ ત્યાં મોદી સાથે કોઇને દુશ્મનાવટ હોય તેવું મારા ધ્યાનમાં નથી. એ વાત ખરી છે કે ચુંટણીમાં દરેક પક્ષ અને તેના નેતા તેમનો પક્ષ જીતે તેવો પ્રયાસ કરે. એ વાત ખરી છે કે ૧૩ કરોડ જેટલા લોકો હોય તો તે ધણી મોટી વસ્તી કહેવાય. એ વાત સાથે હું સમંત નથી કે આટલી મોટી વસ્તીને દુશ્મન બનાવવાનું કોઇ પક્ષ કે નેતાને પાલવે નહી.

_ એ વાત ખરી છે કે ઇન્ડીયન નેશનલ કોગ્રેસે કહેવાતી સભાનું આયોજન કરેલું તે અંગે મને જાત માહીતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સભામાં જે બેનર લાગેલા હતાં તેના પરથી એમ કહી શકાય કે તેઓએ સભાનુ આયોજન કરેલું. એ વાત ખરી છે કે બેનર મે જાતે જોયેલ નથી. એ વાત ખરી છે કે હું રાફેલ વીમાન સોદા સાથે સંકળાયેલ નથી. એ વાત ખરી છે કે રાફેલ સોદાની કોઇ જાત માહીતી નથી. અનિલ અંબાણીએ આ કામે કોઇ બદનક્ષીની ફરીયાદ કરેલ છે કે કેમ તેની મને માહીતી નથી. શ્રી નરેન્દ્ર મોદીએ આ કામે કોઇ બદનક્ષીની ફરીયાદ કરી હોય તેની મને માહીતી નથી. શ્રી નરેન્દ્ર મોદીએ મને હાલની ફરીયાદ કરવાનો કોઇ પાવર આપેલ નથી. એ વાત ખરી છે કે શ્રી નરેન્દ્ર મોદીને આરોપીએ ચોરનું નામ આપેલું તેમા વ્યકિતગત રીતે મારુ પુણેશ મોદી તરીકે નામ આવતું નથી. એ વાત ખરી છે કે આરોપીએ જે કાંઇ બદનક્ષી વાળું કહેલાનું હું કહું છું તેમાં મારી અટક મોદી આવે છે પરંતુ વ્યકિતગત રીતે મારુ નામ પુર્ણેશ મોદી નામ આવતું નથી. મને માહીતી નથી કે નીરવ મોદી અને લલિત મોદી મારી જ્ઞાતિના છે કે કેમ. મને

માહીતી નથી કે મેહુલ ચોકસી તથા વીજય માલીયા મારી જ્ઞાતિના છે કે કેમ. શ્રી નરેન્દ્ર મોદી મોઢ ઘાંચી જ્ઞાતિના છે. એ વાતની મને માહીતી નથી કે તેઓએ તેઓની જ્ઞાતિ મોદી તરીકે દર્શાવેલી છે કે કેમ. એ વાત ખરી છે કે મે મારી જ્ઞાતિ કોઇ જગ્યાએ મોદી દર્શાવી નથી. એ વાત છે કે નીરવ મોદી, લલિત મોદી, મેહુલ ચોકસી તથા વીજય માલીયાએ શું આર્થિક ગુના કરેલ છે તેની મને માહીતી નથી. એ વાત ખરી છે કે આ તમામ દેશ છોડીને ભાગી ગયાં છે. એ વાત ખરી છે કે આ તમામે પૈસાને લગતાં ગફલાઓ કર્યા છે. એ વાત ખરી છે કે દેશનો જે પૈસો હોય તે પબ્લીક મની કહેવાય. એ વાત ખરી છે કે સામાન્ય સંજોગોમાં દેશની તિજોરીના પૈસા ખોટી રીતે વાપરવામાં આવે તો દેશની પ્રજાના પૈસા જાય. મને ખબર નથી કે રાફેલ વીમાનનો સોદો યુપીએ સરકારમાં થયેલો કે કેમ. એ વાત ખરી છે કે રાફેલ સોદાની કેટલી કીંમત હતી તથા તેના શું સ્પેસીફીકેસન હતાં તેની મને ખબર નથી. તેજ પ્રમાણે એનડીએ સરકાર વખતે રાફેલનો જે સોદો થયો તેમાં શું કીમત હતી અને શું સ્પેસીફીકેશન હતાં તેની મને ખબર નથી. અનિલ અંબાણીની શું કંપની હતી તેની મને ખબર નથી. મને ખબર નથી કે અનિલ અંબાણીને રાફેલ સોદામાં લાવવામાં આવેલાં કે કેમ. એ વાત ખરી છે કે આરોપી રાફેલ અંગે જે કાંઇ બોલ્યાનું મે જણાવ્યુ તેઓ બોલ્યા તેટ્લી જ મને ખબર છે તે સીવાય સોદા અંગે મને ખબર નથી.

એ વાત ખરી છે કે નરેન્દ્ર મોદી ચોર હોવાનું, નરેન્દ્ર મોદીની સરખામણી ચાર આર્થિક ગુનેગારો સાથે કર્યાનું અને નરેન્દ્ર મોદી ૧૦૦ ટકા ચોર હોવાનું, નરેન્દ્ર મોદીએ રાફેલ વીમાન સોદામાં ૩૦ હજાર કરોડ ચોર્યાના આ  તમામ્ આક્ષેપો શ્રી

નરેન્દ્ર મોદી સામે વ્યકિત રીતે છે. એ વાત ખરી છે કે આ નાણાં પોતાના ચોર દોસ્ત અનિલ અંબાણી આપ્યા તે આક્ષેપ શ્રી નરેન્દ્ર મોદી અને અનિલ અંબાણીના વ્યકિતગત આક્ષેપો છે.

એ વાત ખરી છે કે આંક ૨૦ ના પ્રમાણ પત્રમાં ડેટા યુ ટયુબ પરથી લીધો હોય તેવું લખેલું નથી. એ વાત ખરી નથી કે શ્રી નરેન્દ્ર મોદીને ચોર અને અનિલ અંબાણીને કેમ ચોકક હેલ છે તે ભાષણમાં સમજાવવામાં આવેલું છે. એ વાત ખરી છે કે આંક ૨૬ ની સીડીઓ સીલબંધ હાલતમાં ચુટણી પંચ પાસેથી આવેલી નથી સાહેદ સ્વૈચ્છા જણાવેલ કે કુરીયરમાં આવેલ છે. એ વાત ખરી છે કે એ કુરીયર મને ચુટણી પંચે કર્યુ નથી. ચુટણી પંચ પાસેથી મને મોકલનારાઓ પર આ સીડીઓ કઇ રીતે આવી તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે આંક ૨૨ ના ચુટણી પંચના કહેવાતા પત્ર પર ચુટણી પંચના કોઇ સીક્કા નથી. એ વાત ખરી છે કે તેના પરની સહી કોની છે તે હું કહી શકું નહી. મને માહીતી નથી કે ચુટણી પંચે આ સીડીઓ ગણેશ ચાજી સ્ટેટ ઓફીસ સેક્રેટરી બીજેપી કર્ણાટકને મોકલેલી કે કેમ તે વ્યકિત કોણ છે તે મને ખબર નથી. એ વાત ખરી છે કે ચુટણી પંચના કહેવાતા આંક ૨૨ ના લેટરનું આંક ૨૪ વાળુ ભાષાંતર કોણે કર્યુ તેની મને ખબ ર નથી તથા તેવી વ્યકિતના નામ કે તેની સહી આંક ૨૪ પર નથી. એ વાત ખરી છે કે નીશાની ૧૯/૧૧ માં મોદી નામનો જ્ઞાતિ હોય તેવો કોઇ ઉલ્લેખ નથી. મને નિશાની ૧૯/૧૧ બતાવામા આવે છે સદર દસ્તાવેજને રજુ દાખલ આંક–૩૧ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે મે ફરીયાદમાં સમસ્ત ગુજરાતી મોઢ સમાજ ટ્રસ્ટનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક–૨૯ ખરી નકલ છે અસલ નથી.

એ વાત ખરી છે કે મે ફરીયાદમાં એવું લખાવેલું નથી કે સમાજના લોકોને લાગી આવેલ અને આધાત લાગેલો, સમાજની બદનક્ષી થયેલી સમાજમાં અનેક શંકા કુશંકા તથા નીચું જોવાનુ અને સમાજમાં ચોર કહેવાના કારણે એક જુદા પ્રકારની ભાવના ઉત્પન્ન થયેલી અને સમાજની સામાજીક આર્થિક શારીરીક અને માનસીક નુકશાની થયેલી. એ વાત ખરી છે કે મે ફરીયાદ આપી પછીની જે જે હકીકતો વીશે મે સરતપાસમાં જણાવ્યું છે તે બધી હકીકતો મે પહેલ વહેલી વાર કોર્ટમાં કરી છે. એ વાત ખરી છે કે કોઇ સમાજ મને ફરીયાદ કરવાની સતા આપેલ હોય તેવો કોઇ આધાર મારી પાસે નથી.

એ વાત ખરી નથી કે લોકસભાની ચુંટણીમાં અમો જ્ઞાતિ કે સમાજના મતો મેળવવા માટે ઉપરીઓના કહેવાથી અને મને વોટસએપ કડીંગ મોકલી આપ્યુ તેના પરથી મે હાલની ખોટી ફરીયાદ આરોપી સામે કરી છે. એ વાત ખરી નથી કે આખુ ભાષણ સાંભળ્યા વિના મે એકાદ વાક્ય પકડીને ફાયદો મેળવવા માટે ખોટી ફરીયાદ કરી છે. એ વાત ખરી નથી કે મોદી કોઈ સમાજ જ નથી. એ વાત ખરી નતી કે વોટ્સએપ કટીંગમાં ખરુ રીપોર્ટીંગ નથી તથા યુ ટ્યુબ પરનું ભાષણ તથા સીડી પરના ભાષણ ખરા સ્વરૂપ નથી અને તેમાં ચેડા થયેલા છે. એ વાત ખરી નથી કે આરોપી સામે મે આ ખોટો કેસ કરેલો છે. એ વાત ખરી નથી કે આરોપીએ કોઈની બદનક્ષી કરેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૨૯ અને આંક–૩૦ ના દસ્તાવેજો મે ખોટા ઉભા કરેલા છે.

(૧૧) વધુમાં ફરીયાદપક્ષે **આંક–૩૭ થી સાહેદ મનહરલાલ છબીલદાસ લાપસીવાલા** નાઓને તપાસવામાં આવેલ છે જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે

છે કે, હુ સુરતી મોઢ વણિક જ્ઞાતિ પંચના પ્રમુખ છુ. મારી પ્રમુખ તરીકે નિમણુક ૩૦/૦૭/૨૦૨૦ ના રોજ થયેલી. તે અંગેનો સરક્યુલર સંસ્થાના સેક્રેટરીઓ ધર્મેશભાઇ તમાકુવાલા અને સંજય ગાંધી મિટિંગનો સરક્યુલર પાડેલો તે સર્કુલરમાં બંને સેક્રેટરીની સહી છે અને તેના આધારે સર્કયુલર મિટિંગ એજેન્ડા બહાર પાડેલો અને સમાજના જે મતદારો હતા તે મતદારોની સહીઓ લેવામાં આવેલી જેમાંથી મોટાભાગના લોકોને ઓળખુ છુ તથા તેઓની સહીઓને ઓળખુ છુ, જેની સેલ્ફ એટેસ્ટેડ કોપી **માર્ક – ૩૬/૧** થી રજૂ કરેલ છે. જેને આરોપીના વિ. વ. શ્રી ના વાંધા સાથે દાખલ આંક– ૩૮ આપવામાં આવે છે. જે અસલ મિનિટ્સ બુક્સ લાવેલ છુ. જેની સ્વ પ્રમાણિત નકલ રજુ કરેલ છે.

અમારી જ્ઞાતિમાં લાપસીવાલા, પાનવાલા, લાલવાલા, મોદી, કડીવાલા, ઘીવાલા દેડકાવાલા, ભુતવાલા, મહેતા, સોપારીવાલા વગેરે વગેરે અનેક અટકો હોય છે. અમારી જ્ઞાતિ મોઢ વણિક છે. અમારી જ્ઞાતિનો બક્ષીપંચમાં સમાવેસ થયેલો છે. બક્ષીપંચ એટલે ઓબીસીમાં સમાવેસ થયેલો છે. મોઢ વણિક જ્ઞાતિ એટલે અમારો ધંધો ગાંધી કરીયાણા, અનાજ, શાકભાજી, તેલ વેચવાનો, એટલે અમે ગોસાઇ કહેવાઇએ અને ગોસાઇને લોકો મોદી કહે છે. એટલે સામાન્ય વ્યક્તિઓ અમને મોદી તરીકે બોલાવે છે. અને એ મોદીને બક્ષીપંચમાં ૧૯૯૫ માં સરકારના પરિપત્રથી જાહેર કરેલ છે. હવે હુ કહુ છુ કે તે ઠરાવ છે. આ ઠરાવ અમે સરકારમાંથી મેળવેલ છે. એ ઠરાવની કોપી અમે માર્ક–૩૬/૬ થી રજુ કરેલ છે. જે સ્વ પ્રમાણિત છે. જેને વાંધા સાથે દાખલ આંક–૩૯ આપવામાં આવેલ છે.

મને નિશાની ૩૬/૭ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તે પરિપત્ર

ગુજરાત સરકારે બહાર પાડેલો તેમાં નવી યાદી મુજબ તૈલી, મોઢ ઘાંચીનો સમાવેસ કરતો પત્ર છે. તે પત્ર અમે સરકાર માંથી મેળવેલો તે પત્ર મારા કબજામાંથી આજરોજ રજુ કરેલ છે. તે નિશાની ૩૬/૭ ને વાંધા સહીત આંક–૪૦ આપવામાં આવે છે.

ત્યારબાદ તા. ૬/૬/૨૦૦૫ નો ગુજરાત સરકાર દ્બારા ના. સચીવ સામાજિક ન્યાય અને અધિકારી દ્બારા બહાર પાડેલ તે પરિપત્ર પ્રસ્તાવના સહીત ઠરાવ છે જેની સાથે જે તે જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે તે જ્ઞાતિઓનું લીસ્ટમાં ૧૩૮ જ્ઞાતિઓને સમાવેલ છે તેમાં અનુક્રમ નં. ૨૫(અ) માં તૈલી અને મોઢ ઘાંચી જ્ઞાતિનો સમાવેશ છે. જે પરિપત્ર સરકારમાંથી મેળવેલ અને મારા કબજામાં છે. જે વાઘા સાથે રજુ દાખલ આંક–૪૧ આપવામાં આવેલ છે.

મને માર્ક ૩૬/૨ નો દસ્તાવેજ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે સાર્વજનીક ટ્રસ્ટનો રજીસ્ટનો ઉતારો જેમાં સુરતી મોઢ ઘાંચી પંચને મદદનીશ ચેરીટી કમિશનરે એપ્રુવલ કરેલ તેની સહી સિક્કાવાળી ઝેરોક્ષ નકલ જે મે સ્વ પ્રમાણિત કરેલ છે. તે વાંધા સહીત દાખલ આંક–૪૨ આપવામાં આવેલ છે.

મને માર્ક–૩૬/૩ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે, તે તા. ૩૦/૧૨/૧૯૭૨ ના રોજ મિટિંગ મળી હતી તે મિનિટ્સ બુક અસલ ચોપડો લાવેલો છુ તેની સ્વ પ્રમાણિત નકલ આ કામે રજુ કરુ છુ તેમાં નવુ બંધારણ બનાવવાનો એક એજેન્ડા છે તેમાં મોઢ ઘાંચી માંથી મોઢ વણિક બંધારણ બનાવવાનો ઠરાવ છે. જે વાંધા સાથે રજુ દાખલ આંક–૪૩ આપવામાં આવેલ છે.

મને માર્ક– ૩૬/૪ બતાવવામાં આવે છે. જે શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત

પંચ, સુરતનું બંધારણ છે જે સ્વ પ્રમાણિત નકલ છે. જેને વાંધા સાથે દાખલ આંક–૭૪ આપવામાં આવેલ છે.

મને માર્ક– ૩૬/૫ બતાવવામાં આવે છે. જે શ્રી સુરતી મોઢ ઘાંચી જ્ઞાતિ પંચ, સુરતનું બંધારણ છે જે સ્વ પ્રમાણિત નકલ છે. જેને વાંધા સાથે દાખલ આંક–૭૫ આપવામાં આવેલ છે.

મને માર્ક– ૩૬/૯ તથા ૩૬/૧૦ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે અખિલ ભારતિય તૈલી સાહુ સમાજના પ્રમુખશ્રીએ સમાજ કલ્યાણ અધિકારી, સુરત નાએ તા. ૧૨/૭/૨૦૦૯ ના રોજ પત્ર લખેલ જે પત્ર ચાર હોદ્દેદારોની નિમણુકને લગત છે તથા તે તેઓએ સ્વીકારેલ છે. જે વાંધા સહીત દાખલ આંક–૭૬ તથા આંક–૭૭ આપવામાં આવેલ છે. માન્ય પ્રધાનમંત્રી શ્રી તથા ફરીયાદી અમારી જ્ઞાતિમાં આવે છે.

**(૧૧.૧)** સદર સાહેદની **ઉલટ તપાસ**ની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે આજે આપેલ જે દસ્તાવેજો રજુ કરેલ છે તે મે રજુ કરેલ છે. એ વાત ખરી છે કે આ દસ્તાવેજો મે ફરીયાદીને આપેલ નથી. મને ખબર નથી કે ફરીયાદીએ આ દસ્તાવેજો મેળવવા માટે કોઇ અરજી કરેલ છે કે કેમ. મને ફરીયાદી પુર્ણેશભાઇ મળ્યા નથી. જ્યારથી આ કેસ થયો ત્યારથી અમે મળ્યા નથી એવુ નથી પરંતુ અવાર નવાર એક બીજાને સમાજના કામ માટે મળીએ છીયે. પુર્ણેશભાઇ એમના ઈલેક્સન વખતે અમને મળેલા. એ વાત ખરી છે કે તેઓ અમને ઈલેક્સનમાં એમને સમાજ સપોર્ટ કરે એટલા માટે મળેલા. મને ખબર નથી કે સમાજ સાથે પાર્ટી કરેલ છે કે નહી. સમાજે તેમને જીતાડવા માટે કંઈક એલાન કરેલ કે કેમ તે મને ખબર નથી. આ કેસ ચાલતો

હતો તેની મને પહેલેથી ખબર નથી. એ વાત ખરી છે કે મને સાક્ષી તરીકે બોલાવામાં આવ્યા ત્યારે ખબર પડી કે હાલની ફરીયાદ થયેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદીએ મને કોઇ વખત હાલની ફરીયાદ બાબતે કોઇ હકીકત જણાવેલ નથી તથા હાલના દસ્તાવેજો બાબતે પણ કોઇ માંગણી કરેલ નહી. મને કોઇએ કહેલ નહી કે હાલના દસ્તાવેજો લઇને આવો. એવુ બન્યુ નથી કે આ દસ્તાવેજોની જરુર પડશે એવુ માનીને મારી મેળે દસ્તાવેજો લાવેલો હોઉ તેવુ બન્યુ નથી. હુ પેપરો વાંચુ છુ. પેપરમાં આ કેસ વિશે મે વાંચેલ. જ્યારથી આ કેસ દાખલ થયો ત્યારથી મે આ વિષે વાંચેલુ છે. મારે ફરીયાદી સાથે આ બાબતે કોઇ વાત થયેલ નથી.

એ વાત ખરી છે કે આંક ૩૯ સિવાય મે રજુ કરેલા દસ્તાવેજોમાં કોઇપણ જગ્યાએ મોદી શબ્દ કે જ્ઞાતિનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે આંક–૩૯ માં હિન્દુ ઘાંચીની પેટા જ્ઞાતિ તરીકે મોદી ઘાંચી કે મોદીનો ઉલ્લેખ છે. એ વાત ખરી છે કે મોદી સમાજ હોય અને હિન્દુ ઘાંચી તેની પેટા જ્ઞાતિ હોય તેવુ આંક–૩૯ માં કે રજુ કરેલા કોઇપણ દસ્તાવેજમાં નથી. એ વાત ખરી છે કે અમારી સંસ્થા પહેલા ૧૯૫૪ માં શ્રી સુરતી મોઢ ઘાંચી પંચ તરીકે નોંધાયેલુ હતુ અને ૧૯૭૨ માં તેનુ નામ શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચ રાખવામાં આવેલુ. એ વાત ખરી છે કે આંક–૩૮ માં અમારા પંચનું નામ શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચ જણાવેલ છે અને તે તા. ૩૦/૭/૨૦૨૦ નો છે.

એ વાત ખરી છે કે અમે ગોસાઇ કહેવાઇએ અને ગોસાઇને લોકો મોદી કહે છે એટલે સામાન્ય વ્યકિતઓ અમને મોદી તરીકે બોલાવે છે તેવુ દર્શાવતો કોઇ પુરાવો આ કામે મે રજુ કરેલ નથી. મે ફરીયાદીને આવી કોઇ વાત કરેલ નથી. એ વાત ખરી

છે કે અમારી જ્ઞાતિ માં મોદી ઉપરાંત ઘણી બધી અટકો હોય છે. એ વાત ખરી છે કે મે રજુ કરેલ કોઇપણ દસ્તાવેજમાં મોઢ વણિક બક્ષીપંચમાં હોય કે ઓબીસીમાં હોય તેવુ દર્શાવિલ નથી. એ વાત ખરી છે કે મોઢ શબ્દ વૈશ્નવો અને બ્રાહ્મણોમાં પણ આવે છે જે અમારી જ્ઞાતી માં આવતા નથી. મોઢ શબ્દ મોઢેરાથી આવેલા લોકો માટે વપરાય છે. ઘાંચી મુસ્લીમમાં પણ આવે છે. એ વાત ખરી છે કે સામાન્ય રીતે તેલ પીલવાનો ધંધો કરે તેમને ઘાંચી કહેવામા આવે છે. એ વાત ખરી છે કે ગોસાઇ અટક બ્રાહ્મણ અને બારોટમાં પણ આવે છે.

એ વાત ખરી છે કે આંક–૪૬ તથા ૪૭ માં દર્શાવિલ સંસ્થા કોઇ સરકારી સંસ્થા નથી. એ વાત ખરી છે કે કોઇ જ્ઞાતિ કે પંચ ઓબીસીમા આવે કે કેમ તે સરકાર નક્કી કરે છે. એ વાત ખરી છે કે આંક – ૪૬ તથા ૪૭ માં હાંસિયામાં જે સેરો છે તે નકલ મળ્યા અંગેનો છે. આ દસ્તાવેજોને જોઇને કહુ છુ કે તે અધ્યક્ષ ગુપ્તાએ લખી આપેલ છે. ગુપ્તાને હુ મળેલો નથી પરંતુ સંમેલનમાં આવેલ છે. એ વાત ખરી છે કે મે ગુપ્તાને પુછ્યુ નથી કે તમે આ કયા આધારે લખી આપો છો. એ વાત ખરી છે કે આંક – ૪૬ અને ૪૭ નો ઉપયોગ કરેલ હાય તેવો કોઇ દસ્તાવેજ રજુ કરેલ નથી. મને ખબર નથી કે માનનિય પ્રધાન મંત્રી તથા ફરીયાદી પોતાની જ્ઞાતિ હિન્દુ મોઢ વણિક તથા મોદી ઘાંચી કે  મોદી લખાવતા નથી. એ વાત ખરી છે કે આંક – ૩૯ માં જ્ઞાતિ તરફથી રજુઆતના આધારે ઠરાવ થયેલ છે. એ વાત ખરી છે કે કોઇએ પોતાની જ્ઞાતિ મોદી કે મોદી ઘાંચી કે મોદી લખાવેલ હોય તેવો કોઇ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી સાથે ઘનિસ્ટ મિત્રતા હોય તેથી હુ ખોટી જુબાની આપુ છુ અને મે ખોટા દસ્તાવેજ આપુ છુ.

**(૧૨)** વધુમાં ફરીયાદપક્ષે **આંક–પર થી સાહેદ ડી. શંભુભાઈ ભટનાઓ**ને તપાસવામાં આવેલ છે જેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હું હીન્દી જાણું છું. મે બેગ્લોર જોઈન્ટ ઈલેક્ટ્રોલર ઓફીસર તરીકેની ડયુટી જોઈન્ટ કરી તે પહેલાં મારી જગ્યાએ પુર્વગામી તરીકે શ્રી સુર્યા સેન. આઇ.એફ.એસ હતાં. ભારતીય બંધારણની કલમ ૩૨૪ પ્રમાણે જયારે કોઈ એરીયામાં ધારાસભા કે લોકસભાની ચુટણી જાહેર થતી હોય ત્યારે તે વીસ્તારનો સામાન્ય વહીવટ ચુટણી અધિકારીના અધિકારમાં રહેતો હોય છે. કોઈપણ રાજકીય પક્ષ પોતાની ચુંટણી ઢંઢેરાની જાહેર સભા માટે અમોને અગાઉથી જાણ કરતાં હોય છે. ઈલેકશન કમીશન ઈલેકશનની જાહેરાત થતાં મોડેલ કો્ર્ડ ઓફ કંન્ટક પ્રમાણે માર્ગદશિકાઓ તથા આદેશો જાહેર કરતાં હોય છે.

જાહેરસભા બાબતે રાજયના ડીસ્ટ્રીકટ કલેકટર ઓફીસર ઈલેકશનનું જાહેરનામુ થતાંજ આર પીએકટ ૧૯૫૦ અને ૧૯૫૧ પ્રમાણે ઈલેકશન અધિકારી બની જાય છે તથા દરેક રાજયના સ્થાનીક લેવલમાં ડીસ્ટ્રીક કલેકટરે તથા તાલુકા ચુટણી અધિકારી મોડેલ કો્ર્ડ ઓફ કંન્ટક પ્રમાણને માર્ગદર્શિકા જાહેર કરતી હોય છે. જાહેરસભા બાબતે વીડીયો સર્વેલન્સ ટીમ હોય છે જે કો્ર્ડ ઓફ કંન્ટક નું કોઈ ભંગ થાય છે કે કેમ તે જોતી હોય છે તથા જો કંઈ શંકાસ્પદ જણાય તો તે સ્પીચનું રેકોડીંગ કરતી હોય છે. તથા તેવું કોઈ રેકોર્ડીંગ કરવામાં આવેલ હોય તો તે ડીસ્ટ્રીકટ કલેકટર પાસે રહેતું હોય છે. મને આંક ૨૨ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે માં મારી સહી છે તે લેટર તારીખ ૨૦/૦૭/૨૦૧૯ નો છે તે કન્નડ ભાષામાં છે. હું કન્નડ ભાષા જાણું છું અને તે લેટરનો હું હીન્દી ભાષામા અનુવાદ જણાવું છું.

વીષયઃ– શ્રી રાહુલ ગાંધી નાઓએ તારીખ ૧૩/૦૪/૧૯ ના રોજ કોલાર મુકામે ભાષણ કરેલ તેની જે રેકોર્ડીંગ કરેલું તે સીડી ની માંગણી માટે.

**સંદર્ભઃ**– સીડી માટેની અરજી તારીખ ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ આવેલી તે અરજીના અનુંસંધાને જે અમારી ઓફીસ તરફથી પત્ર લખવામાં આવેલ તેની વિગત એવી છે કે તારીખ ૧૭/૦૭/૨૦૧૯ નાં પત્રને પર્સનલી ચકાસવામાં આવેલો છે. અને શ્રી રાહુલ ગાંધી પ્રમુખ એ.આઇ,સી.ઇ નાઓએ તારીખ ૧૩/૦૪/૨૦૧૯ ના રોજ કોલાર મુકામે જાહેર સભામાં જે સંબોધન કરેલું તેની ત્રણ સીડીઓ અમારી પાસે ઉપલબ્ધ છે જે આ પત્ર સાથે આપને મોકલવામાં આવે છે. આંક ૨૨માં મારી સહી છે અને તે પત્ર તેજ છે.

મને આંક ૨૬ ની ત્રણ સીડી બતાવવામાં આવે છે તે તેજ છે જે અમારી ઓફીસે આપેલી. તારીખ ૨૪ જુલાઇ ૨૦૧૯ મે મારી આ પોસ્ટ ઉપર ડ્યુટી જોઇન્ટ કરેલી. મે ડ્યુટી જોઇન્ટ કરી તે પહેલાં આંક ૨૬ વાળી સીડી મેળવવા માટેની અરજદારની અરજી અમારી ઓફીસને મળેલી હતી. અને મે ચાર્જ લીધો તે પહેલાથી આ સીડીની વહીવટી કાર્યવાહી ચાલુ હતી. આ આંક ૨૬ વાળી ત્રણે સીડી અમારી ઓફીસનું રેકર્ડ નથી. આંક–૨૬ ની ત્રણ સીડી ડ્રીસ્ટ્રીકટ કોલારની કચેરીએથી મળેલી. આ ત્રણ સીડી કલેકટર કચેરીમાં હોય શકે તેવી જાણકારી અમારી કચેરીને હતી. અમને અરજી મળ્યા પહેલા સીડીઓ અમારી પાસે આવી ગયેલી હતી. હાલની સીડીઓ કલેકટર કચેરીથી લોકલ બીજેપી કોર્યકરે વીરોધ નોંધાવતાં અમારી કચેરીએ મંગાવેલી. આ વીવાદ સંબેધેની ઇન્કવાયરી તપાસ અમારી ઓફીસમાં ચાલતી હતી તે દરમ્યાન બીજેપીના લોકલ કાર્યકતાની એક અરજી અમારી કચેરીને મળેલી.ગણેશ

યાજી ની અરજી મારી પાસે છે . સદર સીડીઓ અમારી ઓફીસને મળતાં ઓથેન્ટીસીટી અમે ચેક કરેલી નહી.

**(૧૨.૧)** સદર સાહેદની **ઉલટ તપાસ**ની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે ૧૭/૦૭/૨૦૧૯ ની અરજી ગણેશ યાજીનાઓએ કરેલ હતી તથા આંક ૨૬ વાળી સીડીઓ પણ તેઓને આપવામાં આવેલી. એ વાત ખરી છે કે અરજદારને સીડી આપવાની કામગીરી અમારી કચેરીએ કરેલી. એ વાત ખરી છે કે મે સદર કચેરીએ ચાર્જ લીધો તે પહેલાની કોઇ હકીકતની મને ખબર નથી. એ વાત ખરી છે કે આંક ૨૬ વાળી સીડી માં અમારી કચેરીનું સીલ નથી.

**(૧૩)** વધુમાં ફરીયાદપક્ષે **આંક–૫૬ થી સાહેદ પી.એમ રઘુનાથ** નાઓને તપાસવામાં આવેલ છે જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હું પોલાર જીલ્લાનો વતની છું. પોલારથી મારૂ મુળવતન મુલુભાગલ ગામ પોલારથી ૩૦ કી.મી. દુર છે. બેગ્લોરમાં મારા બે બાળકો રહે છે ત્યાં પણ મારા બે બાળકો રહે છે.

હું ખેતી અને પોટ્રીનો ધંધો કરૂ છું તેની સાથે સાથે હું સામાજીક કામ પણ કરૂ છુ અને ઓલ ઇન્ડીયા તૈલી સમાજનો વર્કીંગ પ્રેસીડન્ટ છું. હું ૧૯૮૦ થી બીજેપીનો સક્રીય કાર્યકતા છું. હું ૧૩ વર્ષ સુધી બીજેપીનો જીલ્લામાં જનરલ સેક્રેટરી હતો. હું ૧૯૯૬ સુધી કોલાર જીલ્લામાં બીજેપીની પ્રમુખ હતો. સને ૨૦૦૦માં હું રાજ્યમાં બીજેપીનો ઓબીસી જનરલ સેક્રેટરી હતો. હાલમાં હું બીજેપીનો ટીવી પેનાલીસ્ટ છું.

ફરીયાદી અમારા તૈલી સમાજના અહીયાના નેતા છે અને હું પણ અમારા

સમાજનો વર્કીંગ પ્રેસીડન્ટ હોવાના કારણે મારે અને ફરીયાદી એ ધણીવાર નાતીની મીટીંગ અને ફંકશનમાં મળવાનું થતું હોવાના કારણે હું ફરીયાદીને ઓળખું છું.

અમારા પોલાર જીલ્લામાં ૧૩ એપ્રીલ ૨૦૧૯ ના રોજ એક જાહેર ચુટણી સભા થયેલી. હું પણ તે વખતે પોલાર જીલ્લામાં બીજેપી પક્ષનું કેમ્પીંગ કરતો હતો. ફરીયાદીએ મને ટેલીફોનથી વાતચીત કરી કહેલું કે ૧૩ એપ્રીલ ૨૦૧૯ ની શ્રી રાહુલ ગાંધીની તેમની જાહેરસભામાં કરેલ ભાષણની સીડીની પ્રમાણભુત નકલ માંગેલી. મે તે દીવસે શ્રી રાહુલ ગાંધીના ભાષણનું જીવંત પ્રસારણ પણ જોયેલું. ફરીયાદીએ મને ફોન કરીને રીકવેસ્ટ કરી કે સદર સીડીઓ મને મેળવી આપો જેથી મે અમારા સ્ટેટ ઓફીસ બીજેપી સેક્રેટરી ગણેશ યાજીને રીકવેસ્ટ કરેલી. આ સીડીઓ મે ચીફ ઈલેકટ્રોલર ઓફીસ બેંગ્લોર પાસેથી મેળવવા માટે તેમને કહેલું. ગણેશ યાજીએ સ્ટેટ ઈલેકટ્રોલર ઓફીસરને લેખીતમાં સદરહું સીડીઓ આપવા માટેની રીકવેસ્ટ કરેલી. ઈલેકટ્રોલર ઓફીસરે સદરહુ ભાષણની સીડીઓ ગણેશ યાજીને મોકલી આપેલી. ગણેશ યાજીએ મને સ્ટેટ ઓફીસે મને ટેલીફોન કરી બોલાવેલો અને સદરહુ આવેલી સીડીઓ સુરત મોકલવા માટે હેન્ડ ઓવર કરેલી. આ સીડીઓ સાથે એક ઈલેક્ટ્રોલર ઓફીસરનો પત્ર હતો તે મે ગણેશ યાજી પાસેથી મેળવેલો. જે પત્ર કન્નડ ભાષામાં હતો તેનું મે અંગ્રેજી ભાષામાં ભાષાતંર કરેલું. અને આ તમામની સાથે મે મારો એક ફોરવડીંગ લેટર લખેલો. જે સીડીઓ સાથે ઈલેકશન કમીશ્નરનો લેટર, મારો ફોરવ્ડીંગ લેટર તથા મે ટ્રાન્સલેટ કરેલ લેટર તમામ કુરીયર મારફતે ફરીયાદીને મોકલી આપેલો. મને આંક ૨૨ થી ૨૪ ના ચાર પત્ર બતાવવામાં આવે છે જેમાં આંક ૨૨ ઈલેકશન ઓફીસરનો પત્ર છે. આંક ૨૩ મે મારા લેટર પેડ ઉપર લખેલ

ફોરવડીંગ લેટર છે જે નીચે મારી સહી છે. આંક ૨૪ એ આંક ૨૨ ના પત્રનું મે કરેલું અંગ્રેજીમાં ભાષાતંર છે. આંક ૨૫ એ મે કરેલ ડીટીડીસી આંગડીયાની અસલ પહોચ છે. અને આંક ૨૬ ની ત્રણ સીડીઓ એ મે ફરીયાદીને આંગડીયાથી મોકલેલ સીડીઓ છે.

**(૧૩.૧)** સદર સાહેદની **ઉલટ તપાસ**ની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદી પુર્ણેશભાઇ તૈલી સમાજના હોય તેવું દર્શાવતાં મારી પાસે કોઇ લેખીત પુરાવા નથી. એ વાત ખરી છે કે જ્ઞાતિની મીટીગો કે ફંકશનો થયેલ હોય તેવો કોઇ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદી અને હું જ્ઞાતિની મીટીગો અને ફંકશનમાં મળેલા હોય તે દર્શાવતો લેખીત પુરાવો મારી પાસે નથી.

એ વાત ખરી છે કે મે જે રાહુલ ગાંધીનું પ્રસારણ જોયેલું તે કોણે કેવી રીતે ટીવી પર પ્રસારણ કરેલું તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે ઇલેકશન ઓફીસમાંથી આંક ૨૬ ની સીડી મેળવવાનો પ્રોસેસ મે કરેલ નથી. એ વાત ખરી નથી કે કુરીયર મે જાતે કરેલુ નથી. એ વાત ખરી છે કે કુરીયરમાં રાજેશ નામની વ્યકિત છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે રાજેશ મારો પુત્ર છે અને હું સાથે હતો. એ વાત ખરી છે કે આંક ૨૪ વાળું ટ્રાન્લેશન મે કરેલ છે તેવું લખેલ નથી. એ વાત ખરી છે કે આંક ૨૬ ની સીડીઓ ઉપર ઇલેકશન કમીશ્નરના કોઇ સહી કે સીક્કા નથી. એ વાત ખરી છે કે આ સીડીઓ ગણેશ યાજીએ મને આપી અને મે પુર્ણેશભાઇને મોકલી તે સીવાય તે વીશે મને બીજી કોઇ માહિતી નથી. એ વાત ખરી નથી કે આ સીડીઓ સાથે અમોએ ચેડા કર્યા છે. એ વાત ખરી નથી કે હું બીજેપીનો સક્રીય કાર્યકર હોય અને પુર્ણેશભાઈ મારા મીત્ર હોય અને બીજેપીના ઉપરી અધિકારીના

કહેવાથી ખોટી જુબાની આપુ છું.

(૧૪) વધુમાં ફરીયાદપક્ષે **આંક–૬૦ થી સાહેદ નીરંજનભાઈ તેજમલભાઈ રાઠોડ** નાઓને તપાસવામાં આવેલ છે જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હું તૈલી ધાંચી મોઢ ધાંચી મોદી મારી જ્ઞાતિ છે. અમારી જ્ઞાતિનો મુળ ધંધો તેલ કાઠવાનો હોવાથી અમે તૈલી કહેવાઇએ. ગુજરાતમાં મોઢ વણિક તરીકે તેમજ મોઢ વણિક અને મોઢ ધાંચી તરીકે ઓળખાઇએ છીએ. ગુજરાતના અમારા કુળદેવી માતા મોઢેશ્ર્વરી માતા હોય જેથી મોઢ વણિક ના નામથી ઓળખાઇએ છીએ. તૈલી જ્ઞાતિએ આખા હીન્દુસ્તાન જેમકે ગુજરાત, રાજસ્થાન મધ્ય પ્રદેશ વગેરે રાજયમાં છે. મોદી જ્ઞાતિના જે લોકો કરીયાણાનો ધંધો કરે છે તે લોકો મોદી જ્ઞાતિ અથવા વણિક તરીકે ઓળખાવે છે. જે લોકો વેપાર અને વ્યવસાય કરે છે તે લોકો પોતાના વ્યવસાય પ્રમાણે ઓળખાય છે. જેમકે ચપટવાલા, લાપસીવાલા, પાનવાલા, બીસ્કીટવાલા, સોપારીવાલા વગેરે જે વ્યવસાય કરે તે પ્રમાણે ઓળખાય છે.

હું નરેન્દ્રભાઈ મોદીને ઓ'ળખુ છું. તેમજ તેમના કુંટુંબના સભ્યોને તેમજ માતા,ભાઈ બહેન ને ઓળખુ છું. તેઓ મુળ વળનગરના વતની છે. પરંતુ હાલ તેઓ અમદાવાદ અને ગાંધીનગર ખાતે રહે છે અને સામાજીક પ્રસંગે અને મીટીંગોમાં મળવાનું થાય છે. અમો નરેન્દ્રભાઇને અમારી જ્ઞાતિ એકજ હોય માટે મળીએ છીએ.

હું અખિલ ભારતીય તૈલીક શાહુ મહાસભાનો વર્કીગ પ્રેસીડન્ટ છું. તેમજ સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ નો વાયસ પ્રેસીડન્ટ છું. હું ફરીયાદી પુર્ણેશભાઇને ઓળખું છું. પુર્ણેશભાઇ મોદી સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજના

વર્કીંગ પ્રેસડન્ટ છે અને હું વાયસ પ્રેસડન્ટ છું. બન્ને ની જ્ઞાતિ એકજ હોવાથી મીટીંગમાં વારંવાર મળીએ છીએ.

છેલ્લે પાર્લામેન્ટની ચુટણી સને ૨૦૧૯માં થયેલી. તે અરસામાં હું અમદાવાદ હતો. ચુટણી દરમ્યાન રાહુલ ગાંધીએ મોદી સમાજને ઉલ્લેખીને સારે મોદી ચોર છે તેવું ઉલ્લેખ કરતુ પ્રવચન મે લાઇવ જોયેલું તેમાં સારે ચોર કે ઉપનામ મોદી કયુ હે. તે સમયે નીરવ મોદી લલીત મોદી નરેન્દ્રમોદી ન જાને કીતને મોદી ચોરી નીકલેગે ઠુઠેગે તો. જેથી મને અને મારી જ્ઞાતિનું અપમાન કરેલુ હોય અપમાન લાગેલ. સદર લાઇવ મે ટીવીમાં જોયેલું જે લગભગ મોટા ભાગની ચેનલોમાં બતાવવામાં આવતું હતું.

હું રાહુલ ગાંધીને ઓળખુ છું. મે તેમને ટીવી અને અમદાવાદમાં મીટીંગમાં પણ જોયા છે. મીટીંગમાં મે ભાષણ કરતાં સાંભળ્યા છે. મે જ્યારે લાઇવ જોયેલું ત્યારે તારીખ ૧૩/૦૪/૨૦૧૯ હતી. આ લાઇવ ટેલીકાસ્ટ જોયા પછી તુરંત જ અમારી જ્ઞાતિના અને અંખિલ ભારતીય તૈલીક શાહુ માં સભાના વર્કીગ પ્રેસીડન્ટશ્રી પી.એમ રઘુનાથને ટેલીફોન કરી અને આ ભાષણ સબંધે તેઓ કોલારમાં રહેતાં હોય તેમને મને કહેલુ કે તે પણ ટીવીનાઇન કનાડ્ડા ઉપર આ લાઇવ ટેલીકાસ્ટ જોયેલ છે. પછી મે યુ ટયુબ ઉપરથી ટીવી૯ કન્નાડાનો તારીખ ૧૩/૦૪/૨૦૧૯ નો રાહુલ ગાંધીનો જાહેરસભાનો વીડીયો સર્ચ કરીને સાંભ્યો અને જોયો અને મારા મોબાઇલમાં ડાઉન લોડ કર્યો. તે મોબાઇલ હાલમાં મારી પાસે છે. તે મારી માલિકીનો મોબાઇલ ફોન છે. જે વીડીયો મે ડાઉન લોડ કરેલો તે વીડીયો હાલમાં મારા મોબાઇલ ફોન માં છે. મે ડાઉન લોડ કરેલો વીડીયો હું કોર્ટ સમક્ષ બતાવી શકું

છું. મને નામદાર અદાલતમાં આંક ૨૧ ની પેન ડ્રાઇવ લેપટોપ ઉપર નામદાર અદાલત સમક્ષ પ્લે કરીને બતાવવામાં આવે છે તે ભાષણ તેજ છે. સદર ભાષણ અત્યારે જે ચાલુ છે તે શ્રી રાહુલ ગાંધી આપે છે તેમને હું જોયે ઓળખું છું. તે ભાષણમાં અવાજ રાહુલ ગાંધીનો છે. અને તે હીન્દી ભાષામાં બોલે છે. મે મારા મોબાઇલમાં યુ ટયુબ પરથી જે ભાષણ ડાઉન લોડ કરેલ તે આજ ભાષણ છે.

ઉપરનું ભાષણ સાંભળ્યા પછી મને મારૂ અને મારા સમાજનું અને નરેન્દ્ર મોદીનું અપમાન લાગેલું ત્યારબાદ મે બીજા દીવસે સમસ્ત ગુજરાતી મોઢ વણિક સમાજના કારોબારીની મીટીગ બોલાવેલી . અને આ ભાષણ અંગે ચર્ચા કરી કે રાહુલ ગાંધીએ મોદી સમાજને ચોર કહી અપમાનીત કરેલ છે તે અંગે કાયદેસરની કાર્યવાહી કરવી જોઇએ જેથી સુરત ખાતે રહેતાં અમારી જ્ઞાતિના એક એમએલએ પુર્ણેશભાઇ ઇશ્ર્વરલાલ મોદી જે સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજના વક્રીગ પ્રેસડીન્ટ છે તેમને ટેલિફોનીક જાણ કરેલ અને તેમને જણાવેલ કે મારી પાસે વોટસ એપ પરથી આવેલ છે અને મે વીડીયો યુ ટયુબ ઉપર જોયેલ છે અને ફરીયાદ કરવાની કાર્યવાહી કરી રહેલ છું. પછી પુર્ણેશભાઇ એ મને કહેલ કે મે ફરીયાદ કરી દીધેલ છે એટલે મે મારા કે મારા સમાજ વતી વધુ કોઇ ફરીયાદ કરેલ નથી.

અમારી મોઢ મોદી સમાજ જે જુદી જુદી જ્ઞાતિના નામથી જાણીતી છે તે સંપુર્ણ હીન્દુસ્તાનમાં આશરે ૧૩ કરોડ લોકો જેટલી વસ્તી ધરાવે છે. અમારી નાતિ સબંધે નો તારીખ ૧૭/૨૨–૦૬–૨૦૦૫ નો નામદાર ગુજરાત સરકારના પરિપત્રની નકલ બતાવવામાં આવે છે તેમજ સંપુર્ણ હીન્દીસ્તાનમાં અમારી તૈલી સમાજ નાતિનો પ્રાચીન ઇતિહાસ દર્શાવતો નકશો બતાવવામાં આવે છે તે હું લીસ્ટ થી રજુ

કરૂ છું તે તેજ છે. તેને વાંધા સાથે રજુ આંક અનુક્રમે ૬૨ તથા ૬૩ આપવામાં આવે છે.

**(૧૪.૧)** સદર સાહેદની **ઉલટ તપાસ**ની મુખ્ય હકીકત એ છે કે**,** એ વાત ખરી છે કે મારી અટક મોદી નથી. એ વાત ખરી છે કે મારી જ્ઞાતિ કઇ છે તે સબંધેનો કોઇ પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપી રાહુલ ગાંધીએ તેમના સમગ્ર ભાષણમાં તૈલી ધાંચી કે મોઢ ધાંચી શબ્દો નો ઉપયોગ કરેલ નથી. એ વાત ખરી છે કે તૈલી અને મોઢ ધાંચીમાં અનેક અટકો આવે છે. એ વાત ખરી છે કે મારા જ્ઞાતિ અંગેનાં પ્રમાણપત્રમાં બે જ્ઞાતિઓ લખેલ નથી. મારા જ્ઞાતિના પ્રમાણપત્રમાં મારા કહેવા પ્રમાણે માત્ર તૈલી લખેલું છે. એ વાત ખરી છે કે મારા જ્ઞાતિના પ્રમાણપત્રમાં ધાંચી શબ્દ કે મોઢ શબ્દ કે મોદી શબ્દ નથી. મને ખબર નથી કે ફરીયાદી તેમના જ્ઞાતિ અંગેનાં સર્ટીફીકેટમાં મોઢ વણિક લખાવે છે કે કેમ કે પછી મોઢ ધાંચી લખાવે છે કે કેમ. શ્રી નરેન્દ્ર મોદી મોઢ ધાંચી જ્ઞાતિ લખાવે છે. એ વાત ખરી છે કે તૈલી ધાંચી અને મોઢ ધાંચી એકજ જ્ઞાતિ હોય તેવુ દર્શાવતો આંક ૬૨ ની પરીપત્ર સીવાય બીજો કોઇ પુરાવો મે આ કામે રજુ કર્યો નથી. એ વાત ખરી છે કે આ પરીપત્રમાં તૈલી તેમજ મોઢ તેમજ મોદી ધાંચી હીન્દુ ધાંચીનાઓને અલગ અલગ દર્શાવ્યા છે. એ વાત ખરી છે કે આંક ૬૨ નો પરિપત્ર લોકોની રજુઆતને આધારીત છે. એ વાત ખરી છે કે તે લોકો કોણ હતાં તેની મને ખબર નથી. આ પરિપત્ર બાબતે મે કોઇ રજુઆત કરેલ નથી પરંતુ આ પરિપત્ર મોઢ જ્ઞાતિનાં પ્રમાણપત્ર આપવા માટેનો છે. કે.જી.વણઝારાને હું મળ્યો છું. એ વાત ખરી છે કે આ પરિપત્રમાં વણિક શબ્દ નથી કે મોઢ વણિક આખો શબ્દ નથી. એ વાત ખરી છે કે મોઢ લોકો ધણી

બધી જ્ઞાતિમાં હોય. એ વાત ખરી છે કે અમારી કુળદેવી મોઢેશ્ર્વરીમાતા હોય તેથી અમે મોઢ વણિક તરીકે ઓળખાતા હોય તે દર્શાવતો કોઇ પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે અમે જુદા જુદા નામની જ્ઞાતિ દરીકે ઓળખાઇએ છીએ તે દર્શાવતો નકશા સીવાય બીજો કોઇ પુરાવો નથી. એ વાત ખરી છે કે આંક ૬૩ ના નકશામાં મે અમારી જે જુદી જુદી નામથી ઓળખાતી જ્ઞાતિઓ વીશે કહ્યુ તે એક હોવા સબંધે નકશામાં કશું લખ્યુ નથી. એ વાત ખરી છે કે આ નકશો મે બનાવ્યો નથી. એ વાત ખરી છે કે આંક ૬૨ નો પરીપત્ર અને આંક ૬૩ નો નકશો મે બીજે મેળવીને રજુ કરેલ છે. એ વાત ખરી છે કે અટક અને જ્ઞાતિ બે જુદી બાબતો છે. એ વાત ખરી છે કે ધંધો અને જ્ઞાતિ બે જુદી જુદી બાબતો છે. એ વાત ખરી છે કે મોદી અટક હોય અને છતાં એ કોઈપણ ધંધો કરતાં હોય શકે છે. એ વાત ખરી છે કે મોદી શરનેમ બીજી જ્ઞાતિઓમાં પણ આવે છે. નીરવ મોદી અમારી જ્ઞાતિના નથી, મેહુલ ચોકસી અમારી જ્ઞાતિના નથી. લલિત મોદી અમારી જ્ઞાતિનાં નથી. એ વાત ખરી છે કે વીજય માલીચા મારી જ્ઞાતિના નથી. એ વાત ખરી છે કે રાહુલ ગાંધી એ શ્રી નરેન્દ્રમોદીને જે ચાર વ્યકિતઓ વીજય માલીચા, મેહુલ ચોકસી, લલીત મોદી, નીરવ મોદી સાથે સરખાવ્યા તેમાના કોઇ અમારી કે શ્રી નરેન્દ્ર મોદીની જ્ઞાતિના નથી. એ વાત ખરી છે કે કરીયાણાનો ધંધો કરે તે મોદી જ્ઞાતિ કે વણિક તરીકે ઓળખાય તે દર્શાવતો મારી પાસે કોઇ પુરાવો નથી. એ વાત ખરી છે કે મે આજે સરતપાસમાં મે જે કાંઇ જુબાની આપી તે આજે હું કોર્ટમાં પહેલી વહેલી વાર કહું છું અને અગાઉ તે હકીકતો કોઇને જણાવી નથી. એ વાત ખરી છે કે શ્રી નરેન્દ્ર મોદીના ભાઇ સોમાભાઇ મે જણાવેલ સમસ્ત ગુજરાતી મોઢ સમાજના પ્રેસીડન્ટ છે. એ

હેસીયતમાં તેમને અને મારે ગાઠ સબંધ અને શ્રી નરેન્દ્ર મોદી સાથે અને તેમના કુટુંબ સાથે ગાઢ સબંધ છે. મે જે સમસ્ત ગુજરાતી મોઢ સમાજ વીશે જણાવ્યુ તે ટ્રસ્ટ છે એટલે અમે સમસ્ત ગુજરાતી મોઢના નામે એક ટ્રસ્ટ ઉભું કર્યુ છે. એ વાત ખરી છે કે એ ટ્રસ્ટનું બંધારણ અમે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે કોઇ પણ વ્યકિત ટ્રસ્ટ ઉભુ કરી શકે અને કોઇપણ નામે ઉભું કરી શકે એટલે સમાજ અને ટ્રસ્ટ બે જુદી જુદી બાબત છે. એ વાત ખરી છે કે અખિલ ભારતીય તૈલીક શાહુ મહાસભા એ પણ ટ્રસ્ટ છે. અને તે નામે અમે ટ્રસ્ટ ઉભુ કર્યુ છે. તેનું બંધારણ પણ મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે અખિલ ભારતીય તૈલીક મહાસભા અને સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ બન્ને ટ્રસ્ટોના બંધારણ ઉપરથી તેનો વ્યાપ કેટલો છે તે ખબર પડે. એ વાત ખરી છે કે અખિલ ભારતીય તૈલીક શાહુ મહાસભાના નામમાં મોઢ, વણિક, ઘાંચી, મોદી એ નામોનો ઉલેખ્ખ નથી. એ વાત ખરી છે કે ફરીયાદી પુર્ણેશભાઇ સાથે મારે સબંધે છે અને બધુ સાથે કામ કરવાનું એટલે અમારે ગાઢ સબંધ છે.

એ વાત ખરી છે કે આંક ૨૧ ની પેન ડ્રાઇવ મે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે તેમાનું ભાષણ મે આજે પહેલી વહેલી વાર જોયુ અને સાંભળ્યું. એ વાત ખરી છે કે મે જે રાહુલ ગાંધીનું લાઇવ પ્રવચન જોયું તે ટીવી પર કોણે ક્યાથી લાવી કેવી રીતે પ્રસારણ કર્યુ તેની મને ખબર નથી. આ સાંભળ્યા પછી મે શ્રી નરેન્દ્ર મોદીનો સંપર્ક કરેલ નથી. એ વાત ખરી છે કે શ્રી નરેન્દ્ર મોદીએ મને કોઇ ફરીયાદ કરવાનું કહ્યુ નથી. એ વાત ખરી છે કે આંક ૨૧ ની પેન ડ્રાઇવ વારુ ભાષણ કોણ કેવી રીતે લાવ્યુ તે પણ મને ખબર નથી. એ વાત ખરી છે કે ચુંટણીને દોઢ વર્ષ થઇ ગયુ છે.

એ વાત ખરી છે કે જુદા જુદા આર્ટીશોની મીમીક્રી થતી હોય છે. એ વાત ખરી છે કે આવી મીમીક્રી શ્રી નરેન્દ્ર મોદી ની પણ થાય છે અને રાહુલ ગાંધીની પણ થાય છે. એ વાત ખરી છે કે એટલે અમુક જગ્યાએ અમુક અવાજ માં મીમીક્રી કરી હોય તો તે હકીકત હુ કહી શકું નહી પણ ટેકનીકલ એક્ષપર્ટ કહી શકે. એ વાત ખરી છે કે વીજય માલીયા, મેહુલ ચોકસી, લલીત મોદી, નીરવ મોદી દેશના ચોર છે તેવું આ ભાષણમાં રાહુલ ગાંધીનું કહેવુ છે. એ વાત ખરી છે કે આ ભાષણમાં મારી અટકનો કોઈ ઉલેખ્ખ નથી. એ વાત ખરી છે કે આ ભાષણમાં કેટલાંક દેશને લગતાં મુદાઓ શ્રી રાહુલ ગાંધીએ ઉઠાવ્યાં છે. એ વાત ખરી છે કે તેમણે રાફેલનો મુદો ઉઠાવ્યો છે. મોદીનો ચોર કહેવા બાબતમાં શ્રી રાહુલ ગાંધીનો શું ઈરાદો હતો તે મને ખબર નથી. એ વાત ખરી છે કે ભાષણમાં તે બાબતે કહ્યુ છે. નરેન્દ્ર મોદીને ભાષણમાં શા માટે ચોર કહ્યા તે મને ખબર નથી. એ વાત ખરી નથી કે શ્રી રાહુલ ગાંધીએ મોદી સમાજ ને ઉલેખીને સારે મોદી ચોર હે એવું ભાષણમાં કહ્યુ જ નથી. એ વાત ખરી છે કે શ્રી રાહુલ ગાંધીએ સમાજનો કોઈ ઉલેખ્ખ તેમના ભાષણમાં કર્યો નથી. જ્ઞાતિનો પણ તેમને કોઈ ઉલેખ્ખ કરેલ નથી માત્ર મોદી અટકનો ઉલેખ્ખ કરેલ છે. એ વાત ખરી છે કે મારા નામથી ભાષણાં કંઈ કહેવામાં આવેલ નથી મારી અટક થી પણ કશુ કહેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે મારી જ્ઞાતિ તૈલીક થી પણ ભાષણ કશુંક કહેવામાં આવ્યું નથી. મે પુર્ણેશભાઈને ૧૪મી એ સવારે ફોન કરેલો. સમસ્ત ગુજરાતી મોઢ વણિક મીટીંગ સવારે ૧૦ વાગ્યે બોલાવેલી. એ વાત ખરી છે કે વણિક શબ્દ મારા ટ્રસ્ટમાં નથી. એ વાત ખરી છે કે આ સમાજની કારોબારીની મીટીંગનું હું કહુ છું તેના પ્રોસીડીંગ મે આ કામે રજુ કરેલ નથી. કોરોબારીની મીટીંગ

બોલાવતાં પહેલા એજન્ડા મોકલવો પડે. એજન્ડા આ કામે રજુ કરેલ નથી તેમજ મીનીટ્સ રજુ કરેલ નથી. મીટીંગ એક કલાક ચાલેલી. મીટીંગ દરમ્યાન પુર્ણેશભાઇને ફોન કરેલો નહી. મે શ્રી પુર્ણેશભાઇને એવું કહેલુ નહી કે આ સમસ્ત સમાજનો પ્રશ્ર્ન છે તમે ફરીયાદ કરો નહી પરંતુ અમો ફરીયાદ કરીએ. એ વાત ખરી છે કે અમે પુર્ણેશભાઇને સમાજ તરફે ફરીયાદ કરવાની સતા આપતુ લખાણ પણ આપેલુ નહી. એ વાત ખરી છે કે મારી રૂબરૂમાં પુર્ણેશભાઇ એ ફરીયાદના કોઇ પ્રોસડીંગ્સ કરેલ નથી. મે પુર્ણશભાઇને મારૂ નામ ફરીયાદમાં સાક્ષી તરીકે મુકવા જણાવેલું નહી. એ વાત ખરી છે કે અમારા આખા સમાજમાંથી કોઇનું પણ નામ ફરીયાદમાં સાક્ષી તરીકે મુકવા માટે મે પુર્ણેશભાઇને જણાવેલું નહી. એ વાત ખરી છે કે મે પુર્ણશભાઇને ટેલીફોનથી જાણ કરી તેનો કોઇ પુરાવો મારી પાસે નથી. મે ચુટણી પંચમાં સમાજ તરફે કોઇ ફરીયાદ કરી નથી. મે એ વાત સાંભળી છે કે ચુંટણી પંચએ શ્રી રાહુલ ગાંધીની આ ભાષણની ફરીયાદ કાઢી નાખી છે. એ વાત ખરી છે કે મોઢ મોદી સમાજ ના સંપુર્ણ હીન્દુસ્તાનમાં તેર કરોડની વસ્તી ધરાવે છે તે દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મે પી.એમ રઘુનાથને ફોન કરેલ તેનો લેખીત પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે કન્ન્ડ ભાષા મને આવડતી નથી એટલે સાંભળી ને હું સમજી શકુ નહી. એ વાત ખરી નથી કે શ્રી રાહુલ ગાંધીના ભાષણમાં જે હોવાનું મે જણાવ્યુ છે તે નથી અથવા તે સંદર્ભમાં નથી. એ વાત ખરી નથી કે હું બધી જ્ઞાતિઓ એકજ હોવાનુ કહું છુ તે ખોટુ કહુ છું. એ વાત ખરી નથી કે આંક ૨૧ વીશે તેમજ તેમાના અવાજ વીશે હું ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે મે પી.એમ રઘુનાથનને કે પુર્ણેશ

મોદીને કોઇ ફોન કરેલા નથી અને તે સંદર્ભમાં કહું છું તેવુ કરેલુ નથી. એ વાત ખરી નથી કે આંક ૬૨ અને ૬૩ ના દસ્તાવેજો ખોટા છે. એ વાત ખરી નથી કે પુર્ણેશ મોદી અને શ્રી નરેન્દ્ર મોદી સાથે ગાઢ સબંધ હોવાનું કહ્યુ તે કારણથી હું ખોટી જુબાની આપુ છું.

(૧૫) વધુમાં ફરીયાદપક્ષે **આંક–૬૭ થી સાહેદ ગણેશભાઇ મંજુનાથ યાજી**નાઓને તપાસવામાં આવેલ છે જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હું હાલ  કર્ણાટક ચીફ મીનીસ્ટરનો સાંસ્કૃતીક સલાહકાર છું. હું ૨૦૧૯ માં બીજેપી પ્રદેશ કાર્યાલયનો કાર્યદર્શી હતો. સામાન્ય રીતે મારે પ્રદેશ કાર્યાલયમાં બીજેપી પક્ષ તરફથી કેન્દ્ર ઓફીસથી જે સુચનાઓ આવે તેને જીલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષે પહોચાડવી અને તેની અમલવારી કરવી અને તે સબંધેનો રીપોર્ટ પ્રદેશ અને કેન્દ્ર કાર્યાલયને આપવો. છેલ્લી લોકસભાની ચુંટણી સને ૨૦૧૯ માં થયેલી. તે વખતે મારી ફરજ કાર્યાલય કાર્યદર્શી તરીકે હતી અને લોકસભાની ચુટણી હોવાના કારણે મને પક્ષ તરફથી થોડી વધારે કામગીરી પણ સોંપવામાં આવેલ હતી. મારી વધારાની ફરજમાં પ્રદેસ કાર્યલાય વીસ્તારમાં અલગ અલગ વીભાગો ખોલવામાં આવતાં હોય છે જેમાં પ્રવાસ વિભાગ, કાયદા વિભાગ, ચુનાવ અધિકારીની ઓફીસ સાથેનો પક્ષના પ્રતિનિધી તરીકેનો સમન્વય, પબ્લીસીટી મટીરીયલ ડીસ્ટ્રીબ્યુશનનો વિભાગ વિગેરે વિભાગ હોય છે. આ ઉપરાંત અમારે અમારી પાર્ટીના જુદા જુદા નેતાઓ તથા અન્ય પાર્ટીના જુદા જુદા નેતાઓની જાહેરસભાઓમાં જઇ કયાં નેતાઓએ શું વકતવ્ય, આપ્યું તે એટેન્ડ કરી તેનો રીપોર્ટ પણ પ્રદેશ અને

કેન્દ્ર કાર્યાલયને આપવાનો હોય છે.

ઉપરની જવાબદારી ઉપરાંત મને ધણી બધી સભા એટેન્ડ કરવાની પણ સુચના આપવામાં આવેલી. મે ૨૦૧૯ ની સાલમાં બીજેપીના અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહની સભા ૨૦૧૯ના લોકસભાના પ્રચાર દરમ્યાન હોનાળી(HONANLI) મુકામે થયેલી તે સભા એટેન્ડ કરી અને શ્રી અમિતશાહે જે હીન્દીમાં ભાષણ આપેલું તેનું કન્નડ ભાષામાં ટ્રાન્લેશન કરી પ્રદેશ ઓફીસને આપવાની કાર્યવાહી કરેલી. ઇન્ડીયન નેશનલ કોગ્રેસના તે વખતના રાષટ્રીય અધ્યક્ષ શ્રી રાહુલ ગાંધીની એક જાહેર સભા કર્ણાટક–કોલાર મુકામે થયેલી. તારીખ ૧૩ એપ્રીલ ૨૦૧૯ શનિવારના દીવસે તે સભા થયેલી જે સભામાં જઇને મારે શ્રી રાહુલ ગાંધી તે સભામાં જે જે મુદા ઓ ઉપર ભાષણ આપે છે તે સાંભળવા અને પછીથી તેનો રીપોર્ટ ઓફીસને કરવો. તે દીવસે હુ બેગ્લોર થી નીકળી કોલર પહોચેલો. કોલારમાં વિશ્વેશ્વરીયા સ્ટેડીયમ છે ત્યાં સભાનું આયોજન થયેલું ત્યાં હું ગયેલો. હું ત્યાં બપોરના લગભગ ૧૨ વાગ્યે પહોચેલો. તે સભામાં બે રાજકીય પક્ષની જોઇન્ટ ચુંટણી સભા હતી. જે પક્ષોમાં એક જેડીએસ અને બીજો પક્ષ ઇન્ડીયન નેશનલ કોગ્રેસ પક્ષ હતો. તે સભામાં પરીવર્તન સમાવેશ તેવું નામ રાખી સભાનું આયોજન કરેલુ હતું. મંચ ઉપર બન્ને પાર્ટીના નેતાઓ બેઠા હતાં. ૧૨ વાગ્યાની આસપાસ સભાની કાર્યવાહી શરૂ થઇ ગયેલી. દરમ્યાન ઇન્ડીયન નેશનલ કોગ્રેસના અધ્યક્ષ શ્રી રાહુલ ગાંધી પણ તે સભાના સ્થળે, સભામાં પહોચી ગયેલાં. તે સભામાં કોગ્રેસના પ્રેદેશ નેતા સીધ્ધ રામ્યા હતાં. ત્યાંના લોકલ તે વખતના એમ.પી. કે.એચ મુનીઅપ્પા હતાં. તે વખતના લોકસભાના વીરોધ પક્ષના નેતાં

મલ્લીકા અર્જુન ખડકેચી હતાં. આ ઉપરાંત સભામંચ ઉપર બન્ને પાર્ટીઓના કેટલાંક એમએલએ પણ હાજર હતાં. સભાની શરૂઆતમાં પ્રદેશ કોંગ્રેસ વર્કીંગ પ્રેસીડન્ટ દીનેશ ગુંડીરાવજીએ સ્વાગત ભાષણ કરેલું. તે પછી શ્રી રાહુલ ગાંધીએ તેમનું ભાષણ શરૂ કરેલું. લગભગ સાડાબારની આરપાસ શ્રી રાહુલ ગાંધીજીનું ભાષણ શરૂ થયેલું. રાહુલ ગાંધીજીએ હીન્દી ભાષમાં પોતાનુ વકતવ્ય આપેલું. અને રાહુલ ગાંધીજી જે હીન્દીમાં ભાષણ આપતાં હતાં તેનું કન્નડ ભાષામાં ભાષાતંર કરી પ્રદેશ કોગ્રેસ નેતા બી.એમ. શંકરજી રૂપાંતર કરી ભાષણ આપતાં હતાં. રાહુલ ગાંધીએ પોતાના ભાષણાં તે વખતેની દેશની કેટલીક સમસ્યાની જીકર કરી પોતાનું ભાષણ આપતાં હતાં. સમસ્યમાં બેરોજગારી,ખેડુતોની સમસ્યાં,જો ચીજવસ્તુઓના ભાવ વધી રહેલા છે તે બાબતે. ભાષણની શરૂઆતમાં તેઓ ઉપરની સમસ્યાઓ સબંધે વક્ત્વ આપતાં ગયેલાં. તે પછી શ્રી રાહુલ ગાંધી પીએમ શ્રી નરેન્દ્ર મોદીનું નામ લઈ તેમના વીશે ધણી બધી બાબતો ઉપર બોલતાં ગયેલાં. તેમણે પોતાના ભાષણમાં એવું કહ્યુ કે નરેન્દ્ર મોદી પોતાની જાતને દેશના ચોકીદાર કહે છે પરંતુ તે ચોકીદાર નથી દેશના પૈસા લુંટે છે. પછી એવું બોલ્યા કે  પીએમએ દેશના દેશની ગરીબ જનતાના ત્રીસ હજાર કરોડ રૂપીયા અનિલ અંબાણીના ખી્સ્સામાં નાખી દીધા. તેમણે એવું કહ્યુ કે રફાલની જે ડીલ થઈ તે સબંધે શ્રી પી.એમ મોદીએ ઉપરની રકમ અનિલ અંબાણીના ખીસ્સામાં નાખી છે. પીએમ ચોકીદાર નહી પણ ચોર છે તેવું બીજીવાર દોહરાવેલું. પછી તેની સાથે સાથે તેમણે ભાષણમાં એવું કહ્યુ કે નિરવ મોદી છે તેણે પણ લોકોના પૈસા હડપી લીધા છે. અને ભાગી ગયેલો છે. એક લલિત મોદી પણ લોકોના પૈસા ખાઈ ભાગી ગયેલ છે. એક મેહુલ ચોકસી છે તેણે

પણ પૈસા હડપી લીધા છે. એક વીજય માલીયા પણ લોકોના પૈસા હડપી દેશ છોડીને ભાગી ગયેલ છે. તેમણે તેમના ભાષણમાં એવું કહેલું કે દેશના ચોર લોકોના નામ મોદી મોદી મોદી એશાહી કયુ હોતાં હે. એમણે એવું કહેલુ કે આ મોદી લોકો ચોર હોય છે. આ લોકોને માનવા ન જોઇએ. શ્રી રાહુલ ગાંધીએ પોતાનું ભાષણ એ રીતે પુરૂ કર્યુ કે તેઓ મંચ ઉપરથી ચોકીદાર શબ્દ બોલતાં હતાં અને લોકો ચોર હે તે વું બોલતાં હતાં આવું ત્રણ થી ચાર વાર બોલી ભાષણ પુરૂ કરેલું.

મે ભાષણ પુરૂ થયાં પછી બપોરે એક સવા વાગ્યે બેંગ્લોર આવવા નીકળી ગયેલો. મે બેંગ્લોર આવીને ભાષણ સબંધેનો મારા સુપરીયર નેતાઓને રીપોર્ટ કરેલો. આ રીપોર્ટ મે જાતે ભાષણના સ્થળે હાજર રહી સાંભળેલું અને જોયેલું તેના આધારે કરેલું. મે તે પછી રાત્રે ધરે ટીવીમાં જોયું તો તેમા પણ લોકલ અને નેશનલ ટીવી ચેનલો ઉપર રાહુલ ગાંધીજીએ જે પોલારમાં ભાષણ આપેલું તે ટેલીકાસ્ટ થતુ હતું જે મે જોયેલું.

લગભગ બે ત્રણ મહીના પછી અમારા પક્ષના એક જુના કાર્યકર પી.એમ. રધુનાથ અમારી બેગ્લોર પ્રદેશ કાર્યાલયે આવેલાં. શ્રી રધુનાથે મને કહેલું કે તારીખ ૧૩ એપ્રીલ ૨૦૧૯ નું ભાષણ જે રાહુલ ગાંધીએ આપેલુ તે ભાષણની મારે સીડી જોઇએ છીએ. મે તેમને તેવું પુછ્યું કે આ સીડી આપને શા માટે જોઇએ છીએ. મને શ્રી રધુનાથે એવું કહ્યુ કે ગુજરાત – સુરતના એક ધારાસભ્ય પુર્ણેશભાઇ મોદી છે તેઓએ મારી પાસે આ સીડી મંગાવી છે. તેમણે એવું કહેલુ કે આ સીડી હું ઇલેક્ટ્રોલ ઓફીસર પાસે જઇ નહી માંગી શકું. અને કહેલું કે આપ પ્રદેશ કાર્યાલયના સેક્રેટરી તરીકે જો ઇલેક્ટ્રોલ કમીશ્નરને અરજી કરશો તો આ સીડી આપશે. એ આધારે મે

જુલાઇ ૨૦૧૯ માં સ્ટેટ ઇલેક્ટ્રોલરને અરજી કરેલી. તેમાં મે રીક્વેસ્ટ કરેલી કે ૧૩ એપ્રીલ ૨૦૧૯ નું રાહુલ ગાંધીનું પોલારમાં જે ભાષણ થયેલું છે તેની ઓડીયો વીડીયો સીડી પ્રોવાઇડ કરવી. તે પછી મને સાત આઠ દીવસ બાદ સ્ટેટ ઇલેક્ટ્રોલર કચેરી તરફથી એક પત્રની સાથે ત્રણ સીડી આપવામાં આવેલી. એ ત્રણેય સીડીઓને મે જાતે કોમપ્યુટરમાં નાખી પ્લે કરી જોયેલી. મને ઇલેકટ્રોલક કમીશ્નર તરફથી મને જે પત્ર મળેલો તે બતાવવામાં આવે તો તે હું ઓળખી શકું એ પત્ર કન્નડ ભાષામાં હતો. મને આંક ૨૨ નો પત્ર બતાવવામાં આવે છે તે કન્નડ ભાષામાં છે તે ઇલેક્ટ્રોલર ઓફીસર એ આપેલ તે પત્ર છે. તે પત્રમાં મે ઇલેક્ટ્રોલર કમીશ્નને જે તારીખે પત્ર લખેલ તે ૧૭/૦૭/૨૦૧૯ પણ જણાવેલી છે અને તે પત્રના અનુંસંધાને મને સાથેની સીડી મોકલી છે તેવું જણાવી તે પત્રની નીચે મારૂ નામ, મારુ પદ–સ્ટેટ પદ ઓફીસ સેકરેટરી બીજેપી કર્ટાટક સબોધન કરી મને મોકલેલ છે. હું કન્નડ ભાષા જાણું છું. આંક ૨૨ ના પત્રમાં લખેલી કન્નડ ભાષાની હકીકતોના આધારે હીન્દીમાં આ જુબાનીમાં વીગતો જણાવું છું. આંક ૨૬ વાળી ત્રણ સીડી મને બતાવવામા આવે છે જેનું સીલ નામદાર અદાલત સમક્ષ ખોલવામાં આવે છે તે ત્રણ સીડીઓ મને ચુટણી કમીશ્નર પાસેથી મળેલી સીડીઓ છે. મને જ્યારે સીડીઓ મળી ત્યારે તેના ઉપર ચુટણી કમીશ્નરએ લખેલુ કે ઉપર લાલ અક્ષરમાં ઓરીજનલ લખેલું અને નીચે સ્પીચ ઓફ શ્રી રાહુલ ગાંધી એટ કોલાર ડેટેડ ૧૩/૦૪/૨૦૧૯ અને તે સીડીને ૧,૨,૩ તે રીતે જણાવેલું હતું. જો આ સીડીઓ અત્યારે મને પ્લે કરી બતાવવામાં આવે તો તે હું ઓળખી શકું. મને સીડી નંબર એક બતાવવામાં આવે છે તે સીડીમાં તેનું ઓડીયો વીડીયો રેકોર્ડીગ લેપટોપમાં જોઇને કહું છુંકે તે દીવસે મે

કોલારમાં શ્રી રાહુલ ગાંધીની સભા એટેન્ડ કરેલી તેનું ઓડીયો વીડીયો રેકોર્ડીંગ છે. મને ત્રણ સીડી પૈકી સીડી નંબર ૨ લેપટોપમાં પ્લે કરી બતાવવામાં આવે છે જેમાં શ્રી રાહુલ ગાંધી હીન્દીમાં ભાષણ આપી રહ્યા છે અને શ્રી બી.એલ શંકર હીન્દીનું કન્ન્ડમાં રૂપાંતર કરીને બોલી રહ્યા છે. આ સીડીમાં હાલ જે ભાષણ આપી રહ્યા છે તે રાહુલ ગાંધી છે તેણે હું ઓળખું છું. મે તેમના કેટલાંય ભાષણ સાંભળ્યાં છે મે અગાઉ પણ બેગ્લારમાં ધણી વખત રૂબરૂમાં રાહુલ ગાંધીનાં ભાષણો મે સાંભળ્યાં છે તેથી કહુ છુ કે તે રાહુલ ગાંધી છે. જે હીન્દીમાં ભાષણ અત્યારે લેપટોપમાં ચાલી રહ્યુ છે તે નો અવાજ રાહુલ ગાંધીનો છે અને તે હીન્દીમાં ભાષણ આપે છે. મને સીડી નંબર ૨ સંપુર્ણ બતાવવામાં આવે છે તેમાં મે શ્રી રાહુલ ગાંધીના ઉપર જણાવેલ ભાષણો છે. મે આંક ૨૨ નોપત્ર અને આંક ૨૬ ની સીડી કે.એમ. રધુનાથને રૂબરૂ સોપી દીધેલો તે પત્ર મને બતાવવામાં આવે તે તેજ છે.

**(૧૫.૧)** સદર સાહેદ બચાવપક્ષ તરફેની **ઉલટ તપાસમાં** એ હકીકત જણાવે છે કે,મે આંક ૨૫ વાળી સીડી જે પ્લે કરીને જોયેલી તે લેપટોપ પર લગાવીને જોયેલી. આ સીડી અંદાજે ૫૦ મીનીટથી એક કલાક સુધી મે જોયેલી. એ વાત ખરી છે કે મને આ જે આંક ૨૬ ની સીડીઓ ચુટણી કમીશ્નર પાસેથી મળી તે ખુલ્લી અવસ્થામાં મળેલી. મે ઇલેકશન કમીશ્નરને જણાવેલું નહી કે મને સીલબંધ અવસ્થામાં આ સીડી આપો. એ વાત ખરી છે કે મને જ્યારે આંક ૨૬ ની સીડી મળી ત્યારેજ મે તે સીડી જોયી. એ વાત ખરી છે કે એટલે આંક ૨૬ ની સીડી ઇલેકશન કમીશ્નરએ ક્યાંથી મેળવી કેવી રીતે બનાવી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે ઇલેકશન

કમીશ્નર પાસે જે અસલ સીડી હતી તે મે જોયેલ નથી. એ વાત ખરી છે કે જેવી અવસ્થામાં આ આંક ૨૬ ની સીડીઓ ઈલેકશન કમીશ્નરપાસેથી મળેલી તેવીજ અવસ્થામાં મે આ સીડીઓ મે પી. રઘુનાથનને આપેલી. એ વાત ખરી છે કે આંક ૨૬ ની સીડીઓ પર જે કાંઈ પણ લખાણ છે તે લખાણ મારી રૂબરૂમાં થયેલ નથી. એ વાત ખરી છે કે મને ઈલેકશન કમીશ્નરપાસેથી આંક ૨૬ વાળી સીડી ખુલ્લી મળેલી તેજ અવસ્થામાં મે પી.રઘુનાથનને આપેલી.

હું અંદાજે ૪૫ વર્ષથી બીજેપીમાં છું. એ વાત ખરી છે કે હું સીનીયર હોવાથી મને અલગ અલગ સમયે બીજેપીના અલગ અલગ હોદાઓ મળતા આવેલાં. હું તે વખતે બીજેપી પ્રદેશ કાર્યાલયનો સેક્રેટરી લગભગ અઢી વર્ષથી હતો. એ વાત ખરી છે કે હું કર્ણાટક ચીફ મીનીસ્ટરનો સાંસ્કુતીક સલાહકાર છું તેપણ એક રાજકીય પોસ્ટ છે. એ વાત ખરી છે કે હું જે તે વખતે કાર્યાલયનો સેક્રેટરી હતો ત્યારે મારી નીચે આશરે ૪૦ જેટલા માણસો કામ કરતાં હતાં. એ વાત ખરી છે કે હું તેમને જુદી જુદી ફરજો આપતો હતો. એ વાત ખરી છે કે તે વખત ચુટણીનો હતો તેથી તે વખતે અમને ધણુ બધું કામ રહેતું હતું. એ વાત ખરી છે કે મે મારી નીચેના કોઈપણ માણસેને તકરારી સ્પીચ જોવા મોકલેલ નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે તે લોકોને હીન્દી ભાષણ આવડતુ ન હતું. મારા અંડરના ૪૦ માણસો પૈકી કોઈને હીન્દી આવડતું ન હતું. મને મારા ઉપરવાળા જ્યાં કહેતાં હતાં ત્યાં હું જતો હતો. એ વાત ખરી છે કે મને રાહુલ ગાંધીનું ભાષણ એટેન્ડ કરવાનું ઉપરથી કહેવામાં આવેલું. જે લેખીતમાં આવેલુ નહી મોખીકમાં આવેલું. મે જે તે વખતે પી. રઘુનાથનને હું રાહુલ ગાંધીનું ભાષણ એટેન્ડ કરવા ગયેલો તેવું જણાવલું નહી. પી.

રધુનાથ જ્યારે મારી પાસે આંક ૨૬ વાળી સીડી માંગવા આવ્યાં ત્યારે તેમને ખબર હતી કે મે મીટીંગ એટેન્ડ કરેલી. એ વાત ખરી છે કે એ સીડી લેવા આવ્યા ત્યારે મે તેમને આ વાત જણાવી હતી. જ્યારે પી. રધુનાથ મારી પાસે સીડી લેવા આવ્યા ત્યારે તેમજ જ્યારે મે તેમને સીડીઓ આપી ત્યારે મે તેમને એવું જણાવેલું નહી કે પુર્ણેશભાઇને કહેજો કે હું રાહુલ ગાંધીના ભાષણ વખતે હાજર હતો એટલે મારૂ નામ સાક્ષીમાં રાખવાનું કહેજો. મે જે રીપોર્ટ કરેલો તે અંગે મે કોઇપણ વખતે પી.એમ રધુનાથને વાત કરી નથી કે તે રીપોર્ટ મે તેમને આપેલ નથી. એ વાત ખરી છે કે શ્રી નરેન્દ્રમોદીએ આ ભાષણ સબંધે કોઇ ફરીયાદ કરી નથી. આ સમયે ફ રીયાદીની વીવશ્રી બુમબરાડા પાડી પોતાનો વાંધો નોંધો તેથી તેઓને એવી સુચના આપવામાં આવે છે કે ઉલટ તપાસ દરમ્યાન બીનજરૂરી તે ઉલટ તપાસ કરનાર વિવશ્રીને વાંધો છે વાંધો છે તેવું બોલી હસ્તક્ષેપ કરવો નહી વધુંમાં આ લખતા લખતાં તેવું જણાવે છે કે મારો વાંધો લખવો છે કે નહી જે બાબતે ઉલટ તપાસમાં પુછાયેલ છે. વધુમાં ફરીયાદીના વિવશ્રી રાઠોડ એવું જણાવે છે સાહેબ બધુ નક્કી કરીને આવેલ છે વધુમાં આ સમયે તેઓ વિવક્ષી સુનીલભાઇ નાઓને હવે અરજી આપી તો તેવું જણાવે છે જેથી ઉલટ તપાસ દરમ્યાન અરજી લેવી ઉચીત નહોય ઉલટ તપાસ બાદ અરજી આપવા સુચના આપવામાં આવે છે.

આ સમયે આરોપીની વિવશ્રી ઉલટ તપાસ લેતો હોય પ્રશ્ર્ન પુછતાં અત્રેની અદાલત સાહેદને પ્રશ્ર્ન બાબતે સાહેદને સમજાવતો હોય ત્યારે ફરીયાદીના વિવશ્રી ફરીથી ઉભા થઇને પોતાનો વાંધો રજુ કર વા જણાવે છે જેથી તેઓને એવું જણાવવામાં આવે છે કે અદાલત સાહેદને સમજાવે બાદ જે વાંધો હોય તે જણાવવો.

એ વાત ની મને ખબર નથી કે અનિલ અંબાણી, લલીત મોદી, વીજય માલીયા વગેરે એ સદર સબંધ ભાષણમાં કોઈ ફરીયાદ કરેલ છે કે કેમ. એ વાત ખરી છે કે નરેન્દ્ર મોદીશ્રી એ મને ફરીયાદ કરવાનું કહેલ નહી.

એ વાત ખરી છે કે આ સમય ઈલેકશનનો ટાઈમ હતો. એ વાત ખરી છે કે ઈલેકશન વખતે બધા નેતાઓ દેશની સમસ્યાઓ વિશે ચર્ચા કરે છે. રાહુલ ગાંધીશ્રી એ પોતાના ભાષણમા દેશના પ્રશ્નોની ચર્ચા શરૂઆતમાં કરેલ. જે આશરે દસ પંદર મીનીટ હશે. તકરારી ભાષણ આશરે ૫૦ મીનીટ નું હશે જે માં ટ્રાન્સલેસન સમાવીષ્ટ છે જેમાં ટ્રાન્સલેશનનો સમય ભાષણ જેટલો હતો. રાહુલ ગાંધીએ જે વીવાદીત ભાષણ કરેલુ તે તેના ભાષણમાં ટુકડે ટુકડે પાંચ દસ મીનીટ કરેલું. રાહુલ ગાંધી જે એવું ભાષણ માં બોલેલા કે દેશના ચોર લોકોના નામ મોદી મોદી મોદી એશા ક્યુ હોતા હે અને એવું બોલેલા કે આ મોદી લોકો ચોર હોય છે આ લોકોને માનવા ન જોઈએ તેઓ તેમના ભાષણમાં ત્રણ ચાર વાર બોલેલાં. આંક ૨૬ વાળી સીડી રાહુલ ગાંધીનું પુરે પરૂ ભાષણ કવર કરતું નથી.

પ્રશ્ન– આંક ૨૬ ની સીડીઓમાં રાહુલ ગાંધીજીનું કેટલું ભાષણ છુટેલ છે ?.

જવાબ– ત્રણેય સીડીઓમાં કેટલાંક વાક્યો છુટી ગયેલ છે.

જે વખતે મે આંક ૨૬ ની સીડીઓ પ્લે કરેલી તે વખતે આ હકીકત મારા ધ્યાનમાં આવેલી. જે લગતની મે ઈલેકશન કમીશ્નરશ્રીને જાણ કરેલ નહી. જે સેન્ટેન્સ છુટી ગયેલ જે તે ત્રણ ચાર મીનીટના છે. એ વાત ખરી નથી કે આંક ૨૬ વાળી સીડીઓ સાથે મે ચેડા કરેલ છે. એ વાત ખરી છે કે આંક ૨૬ ની તમામ સીડીમાં એવું નથી કે " આ મોદી લોકો ચોર હોય છે આ લોકોને માનવા ન જોઈએ".

એ વાત ખરી છે કે ભાષણમાં પહેલા દેશની ૨૫ ટકા વ્યકિતને દરેકને વર્ષે ૭૨૦૦૦ રુપીયા કેવી રીતે મળી શકે તેની ગણતરી બતાવી છે.

એ વાત ખરી છે કે નીરવ મોદી, લલિતમોદી, મેહુલ ચોકસી, વીજય માલીયા આ બધા આજે પણ દેશની બહાર ફરાર છે. રાહુલ ગાંધીજીએ એવું બોલેલ કે નીરવ મોદી મેહુલ ચોકીસ લલિત મોદી આ લોકો પર દેશના ધણાં પૈસા નીકળે છે. તે હકીકત સાચી છે કે ખોટી તે હું જાણતો નથી. રફાલ વિશે મે સાંભળ્યુ છે. એ વાત ની મને ખબર નથી કે રફાલ સોદો યુપીએની ગર્વમેન્ટમાં થયો હતો. કેટલા પૈસામાં અને કેટલા રફાલનો સોદો તે વખતે થયેલ હતો તેની મને ખબર નથી. મને ખબર નથી કે માનનીય નરેન્દ્ર મોદીજી ૨૦૧૬ માં ફ્રાન્સ ગયાં હતાં. તે વખતે ફરીથી રફાલનો સોદો થયેલ હતો કે કેમ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તે વખતે રફાલમાં કોઇ મોડીફાઇ વર્ઝન આવવાનું હતું. એ સોદો કેટલા રૂપીયામાં થયો હતો તે મને ખબર નથી અને કેટલા રફાલનો થયો હતો તે મને ખબર નથી. મને ખબર નથી કે આ સોદો ફ્રાન્સની ડસોલ્ટ રકંપની સાથે થયો હતો કે કેમ. મને ખબ ર નથી કે તે સોદામાં રીલાયન્સને ડસોલ્ટસાથે પાર્ટનસીપમાં લેવામાં આવેલા કે કેમ. મને ખબર નથી કે તે દરમ્યાનમાં રીલાયસન્ માં ભાગલા પડતાં તે અનિલ અંબાણી પાસે આવેલા કે કેમ. મને ખબર નથી કે રીલાયનસ્ ને ભાગીદાર બનાવવાનુ મોદી સાહેબે સજેસ્ટ કરેલુ હતુ કે કેમ. મને એ ડીટેઇલ ખબરન થી કે ડીલના ૫૦ ટકા ભારતમાં રીલાયન્સમાં ઇન્વેસ્ટ કરવાના હતાં કે કેમ. એ વાત ખરી છે કે રાહુલ ગાંધીએ એવું કહેલુ કે લોકોના પૈસા જે સરકારમાં જાય છે તે આ રીતે અનિલ અંબાણીને ફાયદો કરાવમાં ખોટી રીતે જાય છે. એ વાત ખરી છે કે તે અર્થેમાં તેઓને ચોર કહેલ છે. એ

વાત ખરી નથી કે હું ભાજપનો ખાસ માણસો હોય મને ઉપરથી સુચના મળી છે તે મુજબ ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે હું મીટીંગમાં ગયો જ નથી પંરતુ મને એવું શીખવવામાં આવેલું છે કે હું મીટીંગમાં ગયેલ છો તેવું કહેવું જેથી તૈયારી કરીને તે વીશે ખોટી જુબાની આપુ છું.

(૧૬) વધુમાં ફરીયાદપક્ષે **આંક–૧૧૧ થી સાહેદ એમ.શીવ સ્વામી એ. માદયા ઐય્યર** નાઓને તપાસવામાં આવેલ છે જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હાલમાં હું જીયોલોજી ડીપાર્ડમેન્ટ કર્ણાટકામાં બેગ્લોર માં સુપ્રીટેન્ડ્ન્ટ તરીકે નોકરી કરૂ છું. સને ૨૦૧૯ નીસાલમાં હુ કોલાર મુકામે નોકરી કરતો હતો જે વખતે લોકસભાની ચુટણી અનુસંધાને ચુટણી અધિકારીશ્રીએ સ્પેશ્યલ ડ્યુટીમાટેનો ઓર્ડર કરેલો. મને આંક ૧૦૨ ના પ્રોડશન લીસ્ટમાં માર્ક ૧૦૨/૦૨ની ખરી નકલ બતાવવામાં આવે છે જે હુકમથી મને ડીસ્ટ્રીકટ ઈલેકશન ઓફીસર અને ડેપ્યુટી કમીશ્નર કોલાર ડીસ્ટ્રીકટના શ્રી મંજુનાથે તેમના તારીખ ૧૬/૦૨/૨૦૧૯ નાં હુકમ નંબર E.L.N.C.R. /66/2018–2019 થી મને વીડીયો સર્વેલન્સ ટીમ( વીએસટી) ના ઓફીસર તરીકે એપોઈન્ટ કરવામાં આવેલો. સદરહુ ઓર્ડરની આરટીઆઈથી મેળવેલ નકલ મને બતાવવામાં આવે છે તેમાં શ્રી મંજુનાથની સહી છે જે હુ ઓળખુ છું. સદર માર્ક ૧૦૨/૦૨ ને રજુ દાખલ આંક –૧૧૨ આપવામાં આવે છે.

આ હુકમના અનુસંધાને મે વીએસટી ટીમના હેડ તરીકે કોલાર તાલુકામાં ફરજ બજાવેલી. મારી ટીમમાં ઈલેકશન તહેસીલદાર કોલારે એક અરૂણકુમાર કે આરને વીડીયોગ્રાફરને ફાળવેલાં આ રીતે મારી વીએસટી ટીમમાં હુ

તથા વીડીયોગ્રાફર અરૂણકુમાર હતાં. મારી ફરજ મીટીંગ પાછળના ખર્ચા સબંધે વીગતો મેળવવાની હકીકતો સાથે કોર્ડ ઓફ કંડકટ સાથે કોઇ ભંગ થયો છે કે કેમ તે જોવા માટે કોલાર તાલુકામાં જેટલી ચુંટણી સભાઓ થાયે તે સભાઓ એટેન્ડ કરવી તથા તે સભાના ઈવેન્ટસને મારા વીડીયો ગ્રાફરમારફતે વીડીયો કેમેરાથી શુટ કરવા અને આ રીતે શુટ થયેલ ડેટા ઇલેકશન તહેસીલદાર ઓફીસમાં વીડીઓ ફોલ્ડરમાં ફીલ્ડ કરવાની મારી કામગીરી હતી. તારીખ ૧૩/૦૪/૨૦૧૯ નારોજ કોલાર ટાઉનમાં નેશનલ ઇન્ડીયન કોગ્રેસની ઇલેકશન મીટીગ હતી અને તે મીટીગમે અને મારા સબ ઓડીટરે એટેન્ડ કરેલી તે મારી ફરજના ભાગરૂપે મે મારી સુચના અને સુપરવીઝન નીચે મારા વીડીયો ગ્રાફર અરૂણકુમાર કે આર દ્રારા તેમના વીડીયો કેમેરા ઉપર સદરહુ તારીખની ચુટણી સભાનુ સંપુર્ણ પણે વીડીયો શુંટીગ ઉતારેલું.

મને નિશાની ૧૦૨/૧ બતાવવામાં આવે છે જેમાં ઇલેકશન તહેસીલદાર ડ્રીસ્ટીક કોલારની સહી છે જે હુ ઓળખુ છું તે ખરી નકલને રજુ દાખલ આંક – ૧૧૩ આપવામાં આવે છે.

મે વીએસટી ટીમના હેડ તરીકે તારીખ ૧૩/૦૪/૨૦૧૯ નારોજ જે વીડીયો શુટીંગની કાર્યવાહી કરેલ અને વીડીયો ફોલ્ડરમાં ડેટા ફીટ કરેલ તે સબંધેની પુરાવા અધિનિયમની કલમ ૬૫બી અનવ્યેનું એફીડેવીટના સ્વરૂપમાં એફીડેવીટ હુ રજુ કરૂ છું. જે બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે તે એફીડેવીટ સ્વરૂપે રજુ કરેલ સર્ટીફીકેટને વાંધા સહિત રજુ દાખલ આંક ૧૧૪ આપવામાં આવે છે.

દીવસનાં અંતે હું મારા વીડીયો ગ્રાફર પાસેથી તેમણે દીવસ દરમ્યાન સભાનું જે વીડીયો શુટીંગ કરેલ હોય તેની ઓરીજનલ ચીપ હું વીડીયો ગ્રાફર પાસેથી લઇ

લેતો અને તે ચીપના ડેટા હું ઇલેકશન તહેસીલદારની ઓફીસમાં ગર્વમેન્ટ કોમ્પ્યુટરમાં તે ચીપના ડેટા ફોલ્ડરમાં ફીટ કરતો જયાં આ ડેટા એ ગર્વમેન્ટ ઈલેકશન રેર્કડ બની જતુ અને ચીપ ઈરેજ કરી હું વીડીયો ગ્રાફરને પરત કરી દેતો. જે પ્રક્રીયા મે તારીખ ૧૩/૦૪/૨૦૧૯ના રોજની એનઆઇસીની કોલાર ટાઉની ઇલેકશન મીટીંગના રેકોર્ડીંગના ડેટાની ઉપર જણાવ્યા મુજબની પ્રક્રીયા કરેલી. જ્યારે ઉપરની સભાનુ રેકોર્ડીંગ થતુ હતુ ત્યારે હુ ત્યાં હાજર હતો. જો મને સદરહુ સભાના વીડીયો રેકોર્ડીંગની સીડી પ્લે કરી બતાવવામાં આવે તો તેના કન્ડેન્ટ હુ ઓળખી શકુ. આંક ૨૬ ની સીડી મને બતાવવામાં આવે છે તે તેજ છે. દરેક ઈલેકશન મીંટીગમાં જયારે વીડીયો ગ્રાફી શરૂ થાય તે પહેલા હું મારી જાતને વીડીયો શુટીંગમાં ઓફીસર તરીકે જાહેર કરી અને કઇ હેસીયતે એ સભાનુ વીડીયો શુટીંગ કરવામાં આવે છે તે હકીકત હુ દર્શાવતો હોવ છું તેમાં તારીખ સમય અને સ્થળ બધુ આવી જતુ હોય છે.

**(૧૬.૧)** સદર સાહેદ બચાવપક્ષ તરફેની **ઉલટ તપાસ**માં એ હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે આંક ૨૬ વાળી સીડીઓ અમારી પાસેથી માંગેલી નથી તથા સદર સીડી મે કોઇને આપેલ નથી. એ વાત ખરી છે કે આંક ૨૬ વાળી સીડી આજરોજ પહેલી વાર જોઇ છે. એ વાત ખરી છે કે હુ માત્ર વીડીયો સર્વેલન્સ ટીમમાં હતો. એ વાત ખરી છે કે મને વ્યકિત ગત રીતે કોડ ઓફ કન્ડટ તરીકે જોવાનુ કામ મારૂ ન હતુ. એ વાત ખરી છે કે આંક ૧૧૨ તથા ૧૧૩ માં ઇલેકશન તેહસીલદાર ઓફીસમાં વીડીયો ફોલ્ડરમાં ફીટ કરવાની મારી જવાબદારી હોય તેવુ કાંઇ લખેલ નથી. એ વાત ખરી છે કે ડોમ્પ્યુટરના ડેટા બેઇજમાંથી તેમજ વીડીયો ગ્રાફની

ઓરીજનલ કેસેટમાંથી સીડી બનાવવાનું કામ ચંદ્રપાનુ હતું. એ વાત ખરી છે કે હુ અમારી ટીમની ચીપને કોમ્પ્યુટરમાં ફીટ કરી દઉ એટલે મારી ફરજ પુરી. એ વાત ખરી છે કે તે પછીની કોઈપણ બાબતો વીશે મને કોઇ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે અમારી ઓફીસમાંથી કોઇ સીડી ડેપ્યુટી કમીશ્નરશ્રી મંજુનાથ ની ઓફીસમાં મોકલેલ નથી. એ વાત ખરી છે કે આંક ૧૧૪ થી રજુ કરેલ એફીડેવીટ આજરોજ બનાવેલ છે. એ વાત ખરી છે કે સીડી આપતી વખતે આવુ કોઇ પ્રમાણપત્ર આપેલ નથી. એ વાત ખરી છે કેમે આ કામનો ડેટા ફીટ કર્યા પછી તેમાંથી કેટલી સીડી ઓ બની અને કોણે બનાવી વીગેરે કોઇ હકીકતો વીશે મને કોઇ માહીતી નથી. એ વાત ખરી નથી કે મે આજે કરેલ એફીડેવીટ આંક ૧૧૪ મારા આ કામના વકીલશ્રી એ કરેલ છે અને તેના ઉપર મે સહી કરેલ છે. એ વાત ખરી નથી કે મે ફરીયાદપક્ષને મદદ કરવા માટે ખોટી એફીડેવીટ કરેલ છે.

**(૧૭)** વધુમાં ફરીયાદ પક્ષે **આંક–૧૧૫ થી સાહેદ અરૂણકુમાર કે. આર.** નાઓને તપાસવામાં આવેલ છે જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, મારા કોન્ટ્રેકર શ્રી અભિરમેશે મારી ડ્યુટી વીડીયોગ્રાફર તરીકે સને ૨૦૧૯ ના લોકસભા ઇલેકશનમાં ચુટણીસભાઓનુ વીડીયો શુટીંગ કરવા માટે કોલાર તાલુકામાં ફાળવેલ. આંક ૧૧૩ પ્રમાણે મારી નિમણુંક વીએસટી ટીમમાં ઓફીસર શ્રી શીવસ્વામી એમ સાથે થયેલી.

તા.૧૩/૦૪/૨૦૧૯ નારોજ ઇન્ડીયન નેશનલ કોંગ્રેસની જાહેર સભા કોલાર ટાઉનમાં થયેલી જે તે વખતના કોગ્રેસ પ્રમુખ શ્રી રાહુલ ગાંધીએ સંબોધેલી. સદરહુ તારીખે મે વીડીયો ગ્રાફર તરીકે વીએસટી ટીમના

અધિંકારી શ્રી શીવસ્વામીની હાજરીમા તથા સુચના મુજબ આ સભાનું વીડીયો અને ઓડીયો શુંટીગ ઉતારેલુ જે મે મારા વીડીયો કેમેરા પર ઉતારેલું અને તેના ડેટા મારા વીડીયો કેમેરાની ચીપમાં ફીટ થચેલા.

નિયમ મુજબ સાંજે મે મારા વીડીયો કેમેરામાંથી ડેટા સાથેની ચીપ ટીમના હેડ શ્રી શીવસ્વામી એમને સોપેલી અને તેમણે આ ચીપમાંથી ઈલેકશન તહેસીલદારની ઓફીસમાં ગર્વમેન્ટ કોમ્પ્યુટના ફોલ્ડરમાં ડેટા ફીલ્ડ કરી દીધેલા અને મને ત્યાંજ ચીપ ઈરેજ કરી પરત સોપેલીં. મે કરેલ વીડીયો સબધેની હકીકત બાબતેનું હું મારૂ સોગંધનામુ આજરોજ ઇગ્લીશમાં લખેલ છે તે આજરોજ નામદાર કોર્ટમાં રજુ કરૂ છું. જે સોગંધનામાની તમામ વીગતો મને કન્નડભાષામાં શ્રી ડો. જયશંકરશ્રીએ સમજાવેલ છે અને તે ખરી છે. સદર એફીડેવીટને વાંધા સાથે રજુ દાખલ આંક–૧૧૬ આપવામાં આવે છે.

**(૧૭.૧)** સદર સાહેદ બચાવપક્ષ તરફેની **ઉલટ તપાસ**માં એ હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે મે ચીપમાંથી ડેટા ગર્વમેન્ટ ના કોમ્પ્યુટરમાં ગચા પછી શુ થુચ તેની મને ખબર નથી આ ડેટા કોણ સાચવે અનેત્યારપછી તે કયા ગયો તેની મને ખબર નથી. આંક ૧૧૬ નું એફીડેવીટ મે આજરોજ ક રેલ છે અને જે વકીલ સાહેબે કરેલ છે અને તેમા મે સહી કરેલ છે.

**(૧૮)** વધુમાં ફરીયાદપક્ષે **આંક–૧૨૪ થી સાહેદ પુનીત એ.વી.એન**.નાઓને તપાસવામાં આવેલ છે જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હું કોલાર કર્ણાટક મુકામે ડીસ્ટ્રીકટ કલેકટર સાહેબની કચેરીમાં વીલેજ એકાઉટન્ટ તરીકેની

ફરજ બજાવુ છું. મને તારીખ ૦૯/૧૨/૨૦૨૧ નારોજ કલેકટરશ્રી કોલારે એક હુકમ કરેલ કે અરજદાર પુર્ણેશભાઇ ઇશ્ર્વરલાલ મોદીની અરજીના આધારે મારે કલેકટર કચેરીની ઇલેકશન બ્રાન્ચમાંથી સને ૨૦૧૯ ની લોકસભા ચુંટણી દરમ્યાન શ્રી રાહુલ ગાંધીએ તારીખ ૧૩/૦૪/૨૦૧૯ નારોજ ચુંટણી સભામાં જે પ્રવચન કરેલ તેની વીડીયો ઓડીયો ડીવીડી ની કોપીઓ મારા ઓફીસના કોમ્પ્યુટર પર કરી અને તેને સીલબંધ હાલતમાં અરજદારને આપવી.

ઉપરના હુકમ મુજબ મે સને ૨૦૧૯ની સાલની શ્રી રાહુલ ગાંધીની જાહેરસભાની કોલાર મુકામેની જાહેરસભાની ફાઇલ કાઢેલી તે ફાઇલમાં સીલબંધ હાલતમાં ડીવીડી જ હતી મે સીલબંધ કવર ખોલી તેમાંથી ડીવીડી કાઢેલ તે ત્રણ ડીવીડી હતી. મે અનુક્રમ મુજબ નંબર ૧ ,૨, અને ૩ ની ડીવીડીઓ રનીંગ કન્ડીસનમાં છે કે કેમ તેની પ્રથમ મારા ઓફીસના કોમ્પ્યુટર ઉપર ડીવીડ પ્લેયરથી ચકાસણી કરેલી તે યોગ્ય રીતે ચાલતી હોય મે ત્રણ ડીવીડની ડેટા મારા ઓફીસના કોમપ્યુટરમાં લીધેલાં અને તે ડેટાને આધારે મે ત્રણ કોરી ડીવીડી ઉપર તે ડેટા ના આધારે ડીવીડ રાઇટ કરી ત્રણ ડીવીડી બનાવેલી ત્યારબાદ મે ત્રણચે ડીવીડીને અમારા ઓફીસના કવરમાં મુકી ઓફીસનું લાખ થી સીલ કરી કવર ઉપર મે મારૂ એન્ડ્રોસમેન્ટ કરેલ છે જેની નીચે મારી સહી છે. તે સહી હુ ઓળખી બતાવુ છું સદરહુ કવર સાથે અરજદારને ડીસ્ટ્રીકટ કલેકટરે પત્ર આપેલો તે પત્રની ખરી નકલ તે નીચે કલેકટર કોલારની સહી હુ ઓળખી બતાવવુ છું. જે નિશાની ૧૨૩/૧ થી રજુ છે જેને વાંધાસાથે રજુ દાખલ **આંક –૧૨૫** આપવામાં આવે છે.

મને નિશાની ૧૨૩/૨ વાળુ સીલબંધ કવર નામદાર કોર્ટ રૂબરૂ ખોલવામાં

આવે છે જેમાં ને તૈયાર કરેલી ત્રણ ડીવીડી છે તેને સંયુકત આંક ૧૨૬ આપવામાં આવે છે. આ સબંધેનુ પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી) (૪) મુજબનુ પ્રમાણપત્ર આથી રજુ કરૂ છું જેને રજુ દાખલ આંક –૧૨૬ આપવામાં આવે છે. મને સીડી રન કરી બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ.

**(૧૮.૧)** સદર સાહેદ બચાવપક્ષ તરફેની **ઉલટ તપાસ**માં એ હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે હુ વીલેજ એકાઉન્ટન્ટ (તલાટી) તરીકે કામ કરૂ છું. એ વાત ખરી છે કે મારો ડીપાર્ટમેન્ટ ઇલેકશન ડીપાર્ટમેન્ટ થી અલગ છે. મને આજ કામ માટે ઓફીસે ડેપ્યુટ કરેલો. એ વાત ખરી છે કે એટલે હુ ઇલેકશન ઓફીસમાં ગયેલો અને ત્યાંથી મે સીડી ઓ કાઢેલી. એ વાત ખરી છે કે ઇલેકશન ડીપાર્ટમેન્ટમાં ધણાં બધા લોકો કામ કરે છે. એ વાત ખરી છે કે આ સીડીઓ વગેરે સંભાળવા માટે ત્યાં ખાસ માણસો હોય છે. એ વાત ખરી છે કે મે ઇલેકશન ઓફીસના કોઇ અધિકારીનો આ સીડી લેવા માટે લેખીત પરવાનગી લીધેલી નહી પરંતુ કલકેટરના હુકમના લીધે મે જાતે સીડી લીધેલી. હુ તેજ દીવસે આ સીડીઓ પાસે ગયેલો. એ વાત ખરી છે કે આ સીડીઓને ઓફીસમાં કઇ રીતે રાખવામાં આવેલી તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે આ સીડીઓ ઓફીસમાં હતુ તેટલુજ જાણુ છું. એ વાત ખરી છે કે આ સીડીઓ કેટલી ઇલેક્ટ્રોનીક પ્રક્રીયા થઇને આવી હતી કે બીજી કોઇ વાતે મને કોઇ અંગત જ્ઞાન નથી. એ વાત ખરી છે કે આ સીડીઓનો ઓફીસ ફાઇલ નંબર શું હતો તે મે આંક ૧૨૭ માં લખેલુ નથી. એ વાત ખરી છે કે જે કોમ્પ્યુટર પર મેજે સીડી ટ્રાન્સફર કરી તે કોમ્પ્યુટરનું પણ મે કોઇ ડીસ્ક્રીપ્શન આંક ૧૨૭ માં આપેલુ નથી. એ વાત ખરી છે કે આ સરકારી કોમ્પ્યુટર જેના પર ડીવીડી ટ્રાન્સફર કરી તે જે તે

વખતે બરાબર ચાલતુ હતુ કે કેમ તેવી કોઇ હકીકત મે આંક ૧૨૭ માં લખેલી નથી. એ વાત ખરી છે કે આંક ૧૨૭ આજરોજ સુરત માં બનાવવામાં આવેલ છે. એ વાત ખરી છે કે સીડીઓ મે તારીખ ૦૯/૧૨/૨૦૨૧ના રોજ કાઢેલી. હુ ફરીયાદી તથા તેમના વશ્રીને જાણતો ન હતો. એ વાત ખરી છે કે તેઓએ મારી પાસે કોઇ ૬૫ (બી)નુ સર્ટીફીકેટ માંગેલ ન હતું. એ વાત ખરીછે કે એટલે હુ કોઇપણ ૬૫(બી)નુ સર્ટી લીધા વગર આવેલો. એ વાત ખરી છે કે મને આ કામે હાજર રહેવા માટે કોઈ સમન્સ મળેલ નથી. એ વાત ખરી છે કે અહીંયા આવીને હુ ફરીયાદીના વશ્રીને મળેલો અને આંક ૧૨૭ નું લખાણ તેમની પાસે હતુ તેના પર તેમણે મારી સહી લીધેલી. એ વાત ખરી નથી કે સહી સીવાય બીજી કોઈ હકીકત આ બાબતે જાણતો નથી. સીડીઓ ઓફીસમાં ખાસ જગ્યા એ રહે છે. મારૂ કહેવું છે કે મે ત્યાં જઇ આ સીડીઓ ત્યાંથી કાઢેલી. એ વાત ખરી છે કે એવુ બન્યુ નથી કે મને કલેકટરે સીડીઓ આપી હોય. એ વાત ખરી છે કે આંક ૧૨૫ નો પત્ર વીશે મને કોઈ જાત માહિતી નથી.

એ વાત ખરી નથી કે મે ફરીયાદી સાથે મલીને તેમની આંક–૨૬ પરની સીડીઓ પરથી આ સીડીઓ કાઢી છે અને ઓફીસ ફાઈલમાંથી કાઢીજ નથી. એ વાત ખરીન થી કે ફરીયાદપક્ષ સાથે મળીને આજરોજ ખોટી જુબાની આપવા જાતે આવ્યો છુ અને ખોટી જુબાની આપુ છું.

**(૧૯)** **<u>મુદ્ધાઓઃ–</u>**

**(૧૯.૧)** આ કામે આરોપીપક્ષ દ્વારા અનેક મુદ્દાઓ પર દલીલ કરવામાં આવેલ છે જેમાં સૌપ્રથમ એવી રજુઆત કરવામાં આવેલ છે આ કામે હાલ ની ફરિયાદ દાખલ

કરવા માટે ફરિયાદી ને કોઇ અધિકાર નથી અને સી.આર.પી.સી ની કલમ–૧૯૯(૧) મુજબ ફરિયાદિ તે એગ્રીવડ પર્સન ની વ્યાખયા મા આવતા નથી કારણે કે જે કાઇ આક્ષેપી ભાષણ બાબતે હાલ ની ફરિયાદ કરવામાં આવે છે તેમાં મોટા ભાગના આક્ષેપો શ્રી નરેન્દ્ર મોદી અને અનિલ અંબાણીના વ્યકિતગત આક્ષેપો છે. તેમજ આખી સ્પીચમાં મોદી સમાજ કે જ્ઞાતી નો કોઇ ઉલ્લેખ નથી. તેમજ મોદી નામ નો કોઇ ચોકકસ અને ઓળખીશકાયે તેવો સમાજ કે સંગઠન નથી. તેમજ હાલ ની ફરિયાદ દાખલ કરવા ફરિયાદી ને કોઇ એ અધિકાર આપેલ હોય તેવુ પણ નથી. જેથી સી.આર.પી.સી ની કલમ–૧૯૯(૧) સાથે ઇ.પી.કો કલમ–૪૯૯ નું એકસપ્લેનેશન–૨ વંચાણે લેતા ફરિયાદિ તે એગ્રીવડ પર્સન ની વ્યાખયા મા આવતા નથી. તેમજ આ દલીલો ના સમર્થનમાં નીચે મુજબ ના ચુકાદાઓમાં પ્રસ્તાપીત કરેલ સિધ્ધનંતો પર આધાર રાખેલ છેઃ–

(1)**G.Narasimhan Versus T.V.Chokkappa**1972(0) **AIJEL–SC** 9070 **SUPREME COURT OF INDIA**

આ કેસ ની હકીકતો જોવામાં આવે તો તેની વિગત નીચે મુજબ છે–

**2**. The complaint came to be filed in the following circumstances:

The Dravida Kazhagam, a party having a platform for social reforms, has, according to counsel for the respondent, a membership of about 4000 persons in Madras city and elsewhere. The aims and objects of the party are to bring about social reforms and in particular to eradicate certain customs and practices, which, according to its promoters, are sheer superstitions. The party sponsored and organised a conference, which held its sessions on January 23 and 24, 1971. The

conference passed a number of resolutions, the one relevant for these appeals was, as translated in English by the High Court, as follows:

"It should not be made an offence for a person's wife to desire another man."

The object of this resolution, according to the respondent, was to achieve total emancipation of women and to establish absolute equality in social life between men and women.

**14**. Prima facie, therefore, if sec. 198 of the Code were to be noticed by itself, **the complaint in the present case would be unsustainable, since the news item in question did not mention the respondent nor did it contain any defamatory imputation against him individually**. Section 499 of the Penal Code, which defines defamation, lays down that whoever by words, either spoken or intended to be read or by signs etc. makes or publishes any imputation concerning any person, intending to harm or knowing or having reason to believe that the imputation will harm the reputation of such person, is said to defame that person. This part of the section makes defamation in respect of an individual an offence. But Explanation (2) to the section lays down the rule that it may amount to defamation to make an imputation concerning a company or an association or collection of persons as such. A defamatory imputation against a collection of persons thus falls within the definition of defamation. The language of the Explanation is wide, and therefore, besides a company or an association, any collection of persons would be covered by it. But such a collection of persons must be an identifiable body so that it is possible to say with definiteness that a group of particular persons, as distinguished from the rest of the community, was defamed. Therefore, in a case where explanation (2) is resorted to, the identity of the company or the association or the collection of persons must be established so as to be relatable to the defamatory words or imputations. Where a writing inveighs against mankind in a general, or against a particular order of men, e.g., men of gown, it is no

libel. It must descend to particulars and individuals to make it a libel. (1699) 3 Balk 224, cited in Ratanlal and Dhirajlal, Law of Crimes (22nd ed.) 1317. In England also, criminal proceedings would lie in the case of libel against a class provided such a class is not indefinite, e.g., men of science, but a definite one, such as, the clergy of the diocese of Durham, the justices of the peace for the county of Middlesex. **If a well-defined class is defamed, every person of that class can file a complaint even if the defamatory imputation in question does not mention him by name.**

**(2)<u>Narottamdas L.Shah Versus Patel Maganbhai Revabhai And Another1984 (0) AIJEL-HC 208384 GUJARAT HIGH COURT</u>**

આ કેસ ની હકીકતો જોવામાં આવે તો તેની વિગત નીચે મુજબ છે–

**The grievance, if any, is not an individual grievance of the complainant. Whatever is the grievance, the same is shared by all the members of the lawyers' fraternity. The complainant speaks of defamation of lawyers as a class. There is no mention of defamation of a particular section of lawyers.** At the most by implication it may be said that the editorial refers to the lawyers of Gujarat. **By no stretch of reasoning it can be said that in the complaint or in the deposition of the complainant recorded on oath, anywhere even it is remotely suggested that the alleged defamation is in respect of a determinate or identifiable section/class of lawyers as distinguished from the rest of the members of lawyers' fraternity and whose identity can be established. On the contrary, it is stated in the complaint itself that the editorial is published with an intention to defame the constitutional and systematic agitation and it lowers down the prestige of lawyers' world (Vakil Alam)** . Thus, as per the case put up by the complainant, both in his complaint and in his deposition before the learned Magistrate, it is clearly stated that the editorial is in respect of lawyers as a class. It does not refer to a particular section of lawyers or any determinable class/group of individuals.

**(3)<u>Pradip Madhawani, Editor Of Nobat Daily Versus State Of Gujarat 2003 (0) AIJEL-HC 209503 GUJARAT HIGH COURT</u>**

આ કેસ ની હકીકતો જોવામાં આવે તો તેની વિગત નીચે મુજબ છે–

Any way, it is noticed that the averments made in the impugned article are not aimed at an identifiable class or group of persons. Moreover, looking to the facts and circumstances and the background of the article, **it has to be inferred that the averments made in the impugned article did not tantamount to defamation of the members of the Jamnagar Bar Association and, therefore, it has to be accepted that no defamation has been made out even prima facie** and consequently this is a fit case for exercising inherent jurisdiction under Sec. 482 of the Code for quashing and setting aside the complaint in question. In above view of the matter, I am of the view that all these petitions are required to be allowed and the concerned criminal complaint filed by the second respondent in each case, deserve to be quashed.

**(4)<u>Raj Kapoor Versus Narendra Alias Naranbhai Nagardas 1973 (0) AIJEL-HC 209944 GUJARAT HIGH COURT</u>**

આ કેસ ની હકીકતો જોવામાં આવે તો તેની વિગત નીચે મુજબ છે–

The facts giving rise to this petition in brief are that a film known as Kal Aaj Aur Kal under the banner of R. K. Production was exhibited in RelieF Cinema at Ahmedabad. The complainant Narendra @ Naranbhai Nagardas Desai who saw the said film felt that certain scene in the said picture was specially meant as an insult to the Bhangi community. He therefore filed a complaint under sec 500 Indian Penal Code against the deceased Prithviraj Kapoor and Raj Kapoor as accused. After the evidence of the complainant Narendra Desai and two more witnesses was recorded the learned Magistrate framed the following charge against the accused :

" That you on or about the 51th day of February 1972 at Ahmedabad defamed Narendra alias Naranbhai Desai and

under Section 420 read with Section 415 of the IPC are absent. The pre- summoning evidence does not disclose and establish the essential ingredients of Section 415 of the IPC. There is no assertion, much less legal evidence, to submit that JIPL had engaged in dishonesty, fraud, or intentional inducement to deliver a property. It is not the case of respondent no. 2 - complainant that JIPL had tried to deceive them, either by making a false or misleading representation, or by any other action or omission; nor is it their case that JIPL had offered any fraudulent or dishonest inducement to deliver a property. As such, given that the ingredients of Section 415 of the IPC are not satisfied, the offence under Section 420 of the IPC is not made out.

20. It is evident from the pre-summoning evidence led and the assertions made in the criminal complaint that the dispute raised by respondent no. 2 - complainant primarily pertains to settlement of accounts. The allegations are: (i) goods supplied by JIPL were not as per the requirements and demands of respondent no. 2 - complainant, (ii) goods supplied were different from the order placed, and (iii) goods lying with, and returned by respondent no. 2- complainant have not been accounted for. These assertions, even if assumed to be correct, would not fulfil the requirements of Section 405 of the IPC, or for that matter Sections 420 or 471. The material on record does not reflect and indicate that JIPL indeed had the dishonest/culpable intention for the commission of the alleged offences under the IPC. Unless the ingredients of aforesaid Sections of the IPC are fulfilled, the offence under Section 120-B of the IPC, for criminal conspiracy, would not be made. In

fact, a combined reading of the complaint and the pre-summoning evidence does not disclose any element of criminal conspiracy as per Section 120-A of the IPC. The complaint discloses a civil dispute and grievance relating to the claim made by JIPL. What is challenged by respondent no. 2 - complainant is the demand of Rs. 6,37,252.16p raised by JIPL as the amount payable till the year ending 2016. This assertion made by JIPL is questioned as incorrect. The demand, even if assumed to be wrong, would not satisfy the ingredients of Section 405, or Sections 420 or 471 of the IPC, so as to justify the summoning order. As noted above, JIPL had filed a criminal case under Section 138 of the NI Act as two cheques for Rs. 1,93,776/- and Rs. 4,99,610/- issued by them, on presentation, were dishonoured on account of 'insufficient funds'.

21. We are, therefore, of the opinion that the assertions made in the complaint and the pre-summoning evidence led by respondent no. 2 - complainant fail to establish the conditions and incidence of the penal liability set out under Sections 405, 420, and 471 of the IPC, as the allegations pertain to alleged breach of contractual obligations. Pertinently, this Court, in a number of cases, has noticed attempts made by parties to invoke jurisdiction of criminal courts, by filing vexatious criminal complaints by camouflaging allegations which were ex facie outrageous or pure civil claims. These attempts are not be entertained and should be dismissed at the threshold. To avoid prolixity, we would only like to refer to the judgment of this Court in Thermax Limited and Others v. K.M. Johny(2011) 13 SCC 412., as it refers to earlier case laws in copious detail. In Thermax Limited and Others (Supra), it was pointed that the court should be watchful of the difference between civil and

criminal wrongs, though there can be situations where the allegations may constitute both civil and criminal wrongs. The court must cautiously examine the facts to ascertain whether they only constitute a civil wrong, as the ingredients of criminal wrong are missing. A conscious application of the said aspects is required by the Magistrate, as a summoning order has grave consequences of setting criminal proceedings in motion. Even though at the stage of issuing process to the accused the Magistrate is not required to record detailed reasons, there should be adequate evidence on record to set the criminal proceedings into motion. The requirement of Section 204 of the Code is that the Magistrate should carefully scrutinize the evidence brought on record.

(3) **Vijay Dhanuka Etc vs Najima Mamtaj Etc 2014 (0) GLHEL-SC-55160**

આ કેસ ની હકીકતો જોવામાં આવે તો તેની વિગત નીચે મુજબ છે–

Petitioners challenged the order issuing process in four separate applications filed under Section 482 of the Code before the High Court, inter alia, contending that the accused persons being residents of an area outside the territorial jurisdiction of the learned Magistrate who had issued summons, an inquiry within the meaning of Section 202 of the Code was necessary. It was also contended that only after inquiry under Section 202 of the Code, the learned Magistrate was required to come to the conclusion as to whether sufficient grounds exist for proceeding against the accused persons. Said submission did not find favour with the High Court and by common order dated 19th of

February, 2013, it rejected all the applications. It is against this common order that the petitioners have filed these special leave petitions.

Hence, in our opinion, the use of the expression “shall” and the background and the purpose for which the amendment has been brought, we have no doubt in our mind that inquiry or the investigation, as the case may be, is mandatory before summons are issued against the accused living beyond the territorial jurisdiction of the Magistrate.

**(૨૦.૧)** આરોપી પક્ષે કરવામાં આવેલ ઉપરોક્ત દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે, ઉપરોકત ચુકાદાઓ માં ઠરાવામાં આવલ છે કે સી.આર.પી.સી ની કલમ– ૨૦૨(૧) હેઠળ ઈન્કવાયરી કરવી ફરજીયાત છે. તેમજ સદર કેસ ની હકીકતો જોતા તે કેસમાં કેસ રિમાન્ડ કરી કલમ–૨૦૨ મુજબ ના પ્રોસીજર નુ પાલન કરિ જરૂરી હુકમ કરવા માટે આદેશ કરવામાં આવેલો. તેમજ તે કેસમાં સમન્સ નો હુકમ થતા કલમ ૪૮૨ હેઠળ પડકારવામાં આવેલો. જ્યારે હાલ ના કેસમાં આરોપી દ્વારા પ્રોસેસનો હુકમ આજદિન સુધી કોઈપણ ઉપલી અદાલતમાં પડકારવામાં આવેલ નથી. આ કેસમાં સમગ્ર ટ્રાય પુર્ણ થયેલ છે અને દલીલના તબક્કે આ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ છે. વધુમાં આરોપી પક્ષે જે ઉપરોક્ત ચુકાદા પર આધાર રાખલે છે તે ચુકાદામાં પણ સી.આર.પી.સી. કલમ–૨૦૨(૧) નું પાલન કરવામાં ન આવે ત્યારે સમગ્ર કેસની કાર્યવાહી વીશીએટ થાય તેવું ઠરાવવામાં આવેલ નથી અને તે કેસમાં પણ નામ. ઉપલી અદાલત દ્વારા મેજીસ્ટ્રેટ કોર્ટમાં કેસ રીમાન્ડ કરવામાં આવેલ હતો.

**(૨૦.૨)** વધુમાં આ તબક્કે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા **Pradeep S.Wodeyar Versus State Of Karnataka 2021 (0) AIJEL-SC 68076 SUPREME COURT OF INDIA (Three-Judges)** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે**,**

85. In view of the discussion above, we summarise our findings below:

(ii) The objective of Section 465 is to prevent the delay in the commencement and completion of trial. **Section 465 CrPC is applicable to interlocutory orders such as an order taking cognizance and summons order as well. Therefore, even if the order taking cognizance is irregular, it would not vitiate the proceedings in view of Section 465 CrPC**;

(iii) The decision in Gangula Ashok (supra) was distinguished in Rattiram (supra) based on the stage of trial. This differentiation based on the stage of trial must be read with reference to Section 465(2) CrPC. Section 465(2) does not indicate that it only covers challenges to pre-trial orders after the conclusion of the trial. **The cardinal principle that guides Section 465(2) CrPC is that the challenge to an irregular order must be urged at the earliest.** While determining if there was a failure of justice, the Courts ought to address it with reference to the stage of challenge, the seriousness of the offence and the apparent intention to prolong proceedings, among others;

(iv) In the instant case, the cognizance order was challenged by the appellant two years after cognizance was taken. **No reason was given to explain the inordinate delay**. Moreover, in view of the diminished role of the committal court under Section 209 of the Code of 1973 as compared to the role of the committal court under the erstwhile Code of 1898, the gradation of

irregularity in a cognizance order made in Sections 460 and 461 and the seriousness of the offence, **no failure of justice has been demonstrated**;

વધુમાં **S.S. Binu vs State Of West Bengal** & **Anr** 2018(0) AIJEAL–WB–534837 ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કેઃ–

**73**. In **Adalat Prasad vs. Rooplal Jindal & Ors., reported in (2004) 7 SCC 33**8, a **three** Judges Bench of the Hon'ble Supreme Court took into consideration the provisions of Sections 200, 202 and 204 Cr.P.C. for explaining the above provisions. The Apex Court observed as follows:-

15. It is true that if a Magistrate takes cognizance of an offence, issues process without there being any allegation against the accused or any material implicating the accused or in contravention of provisions of Sections 200 and 202, the order of the Magistrate may be vitiated, but then the relief an aggrieved accused can obtain at that stage is not by invoking Section 203 of the Code because the Criminal Procedure Code does not contemplate a review of an order. Hence in the absence of any review power or inherent power with the subordinate criminal courts, the remedy lies in invoking Section 482 of the Code.

**74**. In view of the above settled principles of law the relief an aggrieved accused can obtain is to file an application for revision under Section 482 Cr.P.C.

**100**. To sum up, the **reference** made by the Learned Single Judge on the five issues are answered as follows:-

**I**. According to the settled principles of law, the amendment of sub-section (1) of Section 202 Cr.P.C. by virtue of Section 19 of the Criminal Procedure (Amendment) Act, 2005, is aimed to prevent innocent persons, who are residing outside the territorial jurisdiction of the Learned Magistrate concerned, from harassment by unscrupulous persons from false complaints. The use of expression "shall", looking to the intention of the legislature to the context, is mandatory before summons are issued against the accused living beyond the territorial jurisdiction of the Magistrate.

**II**. Keeping in mind the object sought to be achieved by way of amendment of sub-section (1) of Section 202 Cr.P.C., the nature of enquiry as indicated in Section 19 of the Criminal Procedure (Amendment) Act, 2005, the Magistrate concerned is to ward of false complaints against such persons who reside at far of places with a view to save them from unnecessary harassment and the Learned Magistrate concerned is under obligation to find out if there is any matter which calls for investigation by Criminal Court in the light of the settled principles of law holding an enquiry by way of examining the witnesses produced by the complainant or direct an investigation made by a police officer as discussed hereinabove.

**III**. When an order of issuing summon is issued by a learned Magistrate against an accused who is residing at a place beyond the area in which he exercises his jurisdiction without conducting an enquiry under Section 202 Cr.P.C., the matter is required to be remitted to the learned Magistrate concerned for passing fresh orders uninfluenced by the prima facie conclusion reached by the Appellate Court.

**IV**. Keeping in mind the object underlined in Section 465 Cr.P.C. that if on any technical ground any party to the criminal proceedings is aggrieved he must raise the objection thereof at the earliest stage. In the event of failure on the part of an aggrieved party to raise objection at the earliest stage, he cannot be heard on that aspect after the whole trial is over or even at a later stage after his participation in the trial.

**(૨૦.૩)** આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ સી.આર.પી.સી. કલમ–૨૦૨(૧) મુજબ જો ઈન્કવાયરી કરવામાં આવેલ ન હોય તો તેના કારણે સમગ્ર કેસની ટ્રાયલ વીશીએટ થતી નથી. તેમજ સદરહુ ઇન્કવાયરી ન થવાના કરણે આરોપીને શુ પ્રિજ્યુડાઇઝ થયેલ છે તે આરોપી પક્ષ બતાવીશકેલ નથી. જેથી આરોપીના વિ. વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ દલીલ ગ્રાહ્ય રાખી શકાય નહિં.

**(૨૧)** વધુમાં આરોપીપક્ષે એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે નામ. કોર્ટ દ્વારા આંક–૧ ની ફરીયાદ લગત વેરીફીકેશન તથા માત્ર રજુ કરવામાં આવેલ વોટ્સેપ પ્રિન્ટના આધારે કોગ્નીઝન્સ લેવામાં આવેલ છે અને સમન્સ કાઢતા પહેલા વિગતવારનું કોઈ કારણ હુકમમાં જણાવેલ નથી. જેથી પણ પ્રોસેસનો હુકમ યોગ્ય ન હોય કેસ ચાલી શકે નહીં અને પ્રોસેસનો હુકમ કરતા પહેલા કોર્ટે પુરતુ કારણ આપવુ જરૂરી છે જે આ કામે આપેલ નથી અને આ દલીલની સમર્થનમાં નીચે મુજબના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પર આધાર રાખેલ છે.

**Birla Corporation Limited Versus Adventz Investments And Holdings Limited 2019 (0) AIJEL-SC 64203**

**SUPREME COURT OF INDIA**

આ કેસ ની હકીકતો જોવામાં આવે તો તેની વિગત નીચે મુજબ છે–

**31**. Under the amended sub-section (1) to Section 202 Cr.P.C., it is obligatory upon the Magistrate that before summoning the accused residing beyond its jurisdiction, he shall enquire into the case himself or direct the investigation to be made by a police officer or by such other person as he thinks fit for finding out whether or not there is sufficient ground for proceeding against the accused.

**32**. By Cr.P.C. (Amendment) Act, 2005, in Section 202 Cr.P.C. of the Principal Act with effect from 23.06.2006, in sub-section (1), the words ".and shall, in a case where accused is residing at a place beyond the area in which he exercises jurisdiction." were inserted by Section 19 of the Criminal Procedure Code (Amendment) Act, 2005. In the opinion of the legislature, such amendment was necessary as false complaints are filed against persons residing at far off places in order to harass them. The object of the amendment is to ensure that persons residing at far off places are not harassed by filing false complaints making it obligatory for the Magistrate to enquire. Notes on Clause 19 reads as under:-

"False complaints are filed against persons residing at far off places simply to harass them. In order to see that the innocent persons are not harassed by unscrupulous persons, this clause seeks to amend sub- section (1) of Section 202 to make it

obligatory upon the Magistrate that before summoning the accused residing beyond his jurisdiction he shall enquire into the case himself or direct investigation to be made by a police officer or by such other person as he thinks fit, for finding out whether or not there was sufficient ground for proceeding against the accused."

**33**. Considering the scope of amendment to Section 202 Cr.P.C., in Vijay Dhanuka and Others v. Najima Mamtaj and Others (2014) 14 SCC 638, it was held as under:-

"12. ..The use of the expression "shall" prima facie makes the inquiry or the investigation, as the case may be, by the Magistrate mandatory. The word "shall" is ordinarily mandatory but sometimes, taking into account the context or the intention, it can be held to be directory. The use of the word "shall" in all circumstances is not decisive. Bearing in mind the aforesaid principle, when we look to the intention of the legislature, we find that it is aimed to prevent innocent persons from harassment by unscrupulous persons from false complaints. Hence, in our opinion, the use of the expression "shall" and the background and the purpose for which the amendment has been brought, we have no doubt in our mind that inquiry or the investigation, as the case may be, is mandatory before summons are issued against the accused living beyond the territorial jurisdiction of the Magistrate."

Since the amendment is aimed to prevent persons residing outside the jurisdiction of the court from being harassed, it was reiterated that holding of enquiry is mandatory. The purpose or objective behind the amendment was also considered by this

Court in Abhijit Pawar v. Hemant Madhukar Nimbalkar and Another (2017) 3 SCC 528 and National Bank of Oman v. Barakara Abdul Aziz and Another (2013) 2 SCC 488

**37**. At the stage of issuance of process to the accused, the Magistrate is not required to record detailed orders. But based on the allegations made in the complaint or the evidence led in support of the same, the Magistrate is to be prima facie satisfied that there are sufficient grounds for proceeding against the accused. **In Jagdish Ram v. State of Rajasthan and Another (2004) 4 SCC 432,** it was held as under:-

"10. ..**The taking of cognizance of the offence is an area exclusively within the domain of a Magistrate. At this stage, the Magistrate has to be satisfied whether there is sufficient ground for proceeding and not whether there is sufficient ground for conviction**. Whether the evidence is adequate for supporting the conviction, can be determined only at the trial and not at the stage of inquiry. **At the stage of issuing the process to the accused, the Magistrate is not required to record reasons**."

**81**. Whether the criminal prosecution against the respondents be permitted to continue:- As discussed earlier, admittedly the parties are entangled in several litigations. Allegations of theft and misappropriation are relating to the documents No.1 to 28 and the documents No.1 to 54 which are filed in the company petition and filing of Internal Audit Report in the civil suits. **As discussed earlier, there are no specific allegations as to when, where and how the respondents have committed theft; nor are there specific allegations against the respondents accused. Allegations in the complaint, being**

**taken at their face value, do not disclose prima-facie case nor the ingredients of the offence of house theft or misappropriation are made out.**

**(૨૧.૧)** આરોપીના વિ. વકીલશ્રીની ઉપરોક્ત દલીલો ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે, આંક–૧ ની ફરીયાદ વંચાણે લેવામાં આવે તો તે ફરીયાદ તા.૧૫–૦૪–૨૦૧૯ ના રોજ દાખલ કરવામાં આવેલ છે અને ફરીયાદીના વેરીફીકેશન માટે મુલત્વી રાખવામાં આવેલ. ત્યારબાદ તા.૧૬–૦૪–૨૦૧૯ ના રોજ ફરીયાદીનું વેરીફીકેશન નોંધવામાં આવેલ છે અને તે પછી તાઃ– ૦૨–૦૫–૨૦૧૯ ના રોજ અત્રેની કોર્ટના પુરોગામી મેજીસ્ટ્રેટશ્રી દ્વારા નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ હતો.

"ફરીયાદીની ફરીયાદ, વેરીફીકેશન તથા રજુ પુરાવા ધ્યાને લીધા. ફરીયાદીના વિ. વશ્રીને સાંભળ્યા. ફરીયાદીની ફરીયાદ, વેરીફીકેશન તથા રજુ પુરાવા ધ્યાને લેતા ફરીયાદમાં દર્શાવેલ આરોપી સામે ઈ.પી.કો. ક. ૪૯૯ સાથે વાંચતા ક.૫૦૦ અન્વયેના ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે પુરતા અને વ્યાજબી કારણો જણાય આવે છે. તેમજ ફરીયાદપક્ષના વિ. વશ્રી હસમુખભાઈ એલ. લાલવાલાએ પણ આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઈશ્યુ કરવા વિનંતી કરેલ છે. આમ, ફરીયાદમાં દર્શાવેલ આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૪૯૯ સાથે વાંચતા ક.૫૦૦ અન્વયેના ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે પુરતા અને વ્યાજબી કારણો જણાય આવતા હોય ક્રિમી. પ્રોસી. કોડની ક. ૨૦૪ અન્વયે આદેશ કરવામાં આવે છે કે ફરીયાદમાં દર્શાવેલ આરોપી સામે ઈ.પી.કો. કલમ–૪૯૯ સાથે

વાંચતા ક. ૫૦૦ અન્વયેનો સમન્સ ઈશ્યુ કરવો. ફરીયાદની પ્રત સામેલ રાખવી. ફરીયાદમાં જણાવેલ હકીકતો ધ્યાને લેતા આરોપી સીટીંગ એમ.પી. હોય જેથી આરોપીને કાઢવામાં આવેલ સમન્સની બજવણી લોકસભાના સ્પીકર મારફતે કરાવડાવવી. ફરીયાદ રજીસ્ટરે લેવી. ઠ.તા. ૭/૬/૧૯ નક્કી કરવામાં આવે છે.”

આમ, ઉપરોક્ત ફરીયાદ, વેરીફીકેશન તથા કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ વંચાણે લેતા તે હુકમમાં પુરોગામી મેજીસ્ટ્રેટશ્રી દ્વારા સ્પષ્ટપણે નોંધવામાં આવેલ છે કે, “ફરીયાદીની ફરીયાદ, વેરીફીકેશન તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા ફરીયાદમાં દર્શાવેલ આરોપી સામે ઈ.પી.કો. કલમ–૪૯૯ સાથે વાંચતા ક. ૫૦૦ અન્વયેના ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે પુરતા અને વ્યાજબા કારણો જણાય છે. જેથી આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આમ, પુરોગામી મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ફરીયાદ અને વેરીફીકેશનની વિગત તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લઈ આરોપી સામે સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨૧.૨)** વધુમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા In Deputy Chief Controller of Imports and Exports v. Roshanlal Agarwal and others [JT 2003 (2) SC 370 : 2003 (4) SCC 139] ઠરાવામાં આવેલ છે કેઃ–

> 9. In determining the question whether any process is to be issued or not, what the Magistrate has to be satisfied is whether there is sufficient ground for proceeding and not, whether there is sufficient ground for conviction. Whether the evidence is adequate for supporting the conviction, can

be determined only at the trial and not at the stage of inquiry. At the stage of issuing the process to the accused, the **Magistrate is not required to record reasons.** This question was considered recently in U.P. Pollution Control Board vs. M/s. Mohan Meakins Ltd. and others, AIR 2000 SC 1456 and after noticing the law laid down in Kanti Bhadra Shah vs. State of West Bengal, AIR 2000 SC 522, it was held as follows:

"The legislature has stressed the need to record reasons in certain situations such as dismissal of a complaint without issuing process. **There is no such legal requirement imposed on a Magistrate for passing detailed order while issuing summons. The process issued to accused cannot be quashed merely on the ground that the Magistrate had not passed a speaking order**."

આમ ઉપરોકત જણાવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ આરોપી સામે સમન્સનો હુકમ કરતા પહેલા વિગતવાર કારણો જરૂરી નથી અને માત્ર ફરીયાદ અને તે સાથે રજુ થયેલ દસ્તાવેજો આધારે પ્રથમદર્શીનિય રીતે જો કોર્ટને પ્રોસેસ કાઢવા યોગ્ય જણાય તો તે પ્રોસેસનો હુકમ કરી શકે છે . તેમજ ઉપરોકત ફકરામાં કરવામાં આવેલ વિગતવાર ચર્ચા મુજબ હાલ ના કેસમાં ફરીયાદ, વેરીફીકેશન તથા કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ વંચાણે લેતા તે હુકમમાં પુરોગામી મેજીસ્ટ્રેટશ્રી દ્વારા સ્પષ્ટપણે નોંધવામાં આવેલ છે કે, "ફરીયાદીની ફરીયાદ, વેરીફીકેશન તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા ફરીયાદમાં દર્શાવેલ આરોપી સામે ઈ.પી.કો. કલમ–૪૯૯ સાથે વાંચતા ક. ૫૦૦ અન્વયેના ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે

પુરતા અને વ્યાજબા કારણો જણાય છે. જેથી આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે. જેથી આરોપીના વિ. વકીલશ્રી ની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૨૨)** આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીએ કોલાર મુકામે ભાષણ આપ્યુ જ નથી તેવો આરોપીનો કોઈ બચાવ નથી, પરંતુ આરોપી દ્વારા જે કાંઈ ભાષણ કરવામાં આવેલુ તે શ્રી નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા કરવામાં આવતી કામગીરી બાબતે, ગરીબી, ભ્રષ્ટાચાર વિગેરે દેશહિતના મુદ્દાઓ બાબતે આપવામાં આવેલ અને તેમાં માત્ર એક વાક્યને આધાર બનાવી હાલની ફરીયાદ કરવામાં આવેલ છે અને તે વાક્ય સમગ્ર સ્પીચમાંથી જુદુ કરી તેનુ ખોટુ અર્થઘટન કરવામાં આવેલ છે. જેથી આરોપીનું તે વાક્ય બોલવાનો ઈરાદો નહતો. જેથી આ કામે ફરીયાદપક્ષ દ્વારા આરોપીનો મેન્સરીયા તથા એકટસ–રીયસ પુરવાર કરવામાં આવેલ નથી. જેથી પણ આરોપીને સદરહુ કેસમાં તકસીરવાન ઠરાવી શકાય નહિં.

**(૨૨.૧)** આરોપીના વિ. વકીલશ્રીની ઉપરોક્ત દલીલો અંગે ચર્ચા કરતા પહેલા ઈ.પી.કે. કલમ–૪૯૯ વંચાણે લેવામાં આવે તો તેમાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

> **499. Defamation.**—Whoever, by **words either spoken** or intended to be read, or by signs or by visible representations, **makes** or publishes **any imputation** concerning any person intending to harm, or **knowing** or **having reason to believe**

that such imputation will harm, the reputation of such person, is said, except in the cases hereinafter excepted, to defame that person.

**Explanation 2**.—It may amount to defamation to make an imputation concerning a company or an association or collection of persons as such.

**(૨૨.૨)** વધુમાં આરોપીનો ઈરાદો મોદી અટકધારી કે મોદી નામધારીનું અપમના કરવાનો ન હતો તો તેમણે તેમના ભાષણમાં માત્ર વડાપ્રદાન શ્રી નરેન્દ્ર મોદી, નિરવ મોદી, વિજય માલ્યા, મેહુલ ચોકસી, અનિલ અબાણી પુરતી સીમીત રાખી શક્યા હોત. પરંતુ આરોપીએ આમ કરેલ નથી અને આરોપીએ "બધાજ ચોરોનું ઉપનામ મોદી કેમ હોય છે?" તેવા વાક્યનું ઉચ્ચારણ કરેલ છે એટલે કે "મોદી" નામની સરખામણી ચોર સાથે કરેલ છે.

**(૨૨.૩)** વધુમાં આરોપી પોતે સાસંદ સભ્ય છે. બનાવ વખતે ચુંટણીનો માહોલ હતો એટલે આરોપી તેઓના ભાષણમાં જે વાક્યો બોલેલા તેની સામાન્ય પ્રજા પર શું અસર થશે તે તેઓ સારી રીતે જાણતા હતા, તેમ છતા  આરોપી દ્ધારા "બધાજ ચોરોનું ઉપનામ મોદી કેમ હોય છે?" તેવુ વાક્ય ઉચ્ચારવામાં આવેલ છે. જેથી આરોપી ખરેખર જાણતા હતા કે આ વાક્ય ઉચ્ચારવાથી પ્રજા પર તેની શું અસર થશે અને તેવી સ્થિતિમાં તેનો શું લાભ થઈ શકે. જેથી કલમ–૪૯૯ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ આરોપી દ્ધારા ઉચ્ચારવામાં આવેલ વાક્ય અંગે સારી રીતે જ્ઞાન ધરાવતા હતા. જેથી આરોપીના વિ. વકીલશ્રી દ્ધારા કરવામાં આવેલ ઉપરોક્ત દલીલ

ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૨૩)** વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એક એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે આરોપી ની જે આંક–**૦૮** થી પ્લી લેવામાં આવેલ છે તેમાં **મોદી** અટકનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી જેથી પણ આરોપી સામે ખરેખરે શુ આક્ષેપ છે તે આરોપી ને જણાવામાં આવેલ નથી. જેથી પણ સદર કેસમાં આરોપી ને તક્ષીરવાન ઠરાવી શકાય નહીં.

**(૨૩.૧)** આરોપી ના વિ.વ.શ્રી ની આ દલીલ પણ ગ્રહ્ય રાખી શકાય તેમ નથી કારણકે, પ્લી/ ચાર્જ નો હેતુ આરોપીની સામે શુ કેસ છે તેની જાણ આરોપી ને થયા તે માટેનો છે. જેથી આરોપી પોતાનો બચાવ યોગ્ય રીતે કરી શકે. આ કામે પણ આરોપી પક્ષે ફરિયાદી ની જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં ફરિયાદી ને સ્પષ્ટ પુછવામાં આવેલ છે કે, **એ વાત ખરી છે કે આરોપીએ જો કંઈ બદનક્ષીવાળુ કહેલાનું હું કહુ છુ તેમાં મારી અટક મોદી આવે છે પરંતુ વ્યકિતગત રીતે મારુ નામ પુર્ણેશ મોદી તરીકે અવતુ નથી.**" તેમજ આરોપી પક્ષે જે રીતે ફરિયાદી તથા સાહેદો ની ઉલટતપાસ કરવામાં આવેલ છે તે જોતા આરોપી પક્ષને તેમના સામે શુ આક્ષેપો છે તેની સંપૂર્ણ માહીતી છે તેવું ફલીત થાય છે.

**(૨૩.૨)** આમ આરોપી પક્ષે જે રજુઆત કરવામાં આવેલ છે કે, આંક– ૦૮ ની પ્લી માં અટક નો કોઇ ઉલ્લેખ નથી જેથી આરોપી સામે ખરેખરે શુ આક્ષેપ છે તે આરોપી ને જણાવામાં આવેલ નથી. જેથી પણ સદર કેસમાં આરોપી ને તક્ષીરવાન ઠરાવી શકાય નહીં. તે દલીલ ગ્રાહ્ય રાખી શકાય નહીં. તેમજ આરોપી ની પ્લીમાં એવી કોઇ અસ્પષ્ટતા નથી કે જેના થી આરોપીને કોઇ પ્રિજ્યુડાઇઝ થયેલ હોય.

તેમજ એવી પણ કોઇ ઈરેગ્યુલારીટી નથી કે જેના કારણે સમગ્ર કેસ ની ટ્રાયલ વિશીયેટ થાય.

**(૨૪)** વધુમાં આરોપીના વિ. વકીલશ્રી દ્વારા એક એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે, બનાવ વખતે ચુટણીનો માહોલ હતો અને આરોપી દ્વારા શ્રી નરેન્દ્ર મોદી સરકારની કામગીરી તેમજ ગરીબી, ભ્રષ્ટાચાર વિગેરે મુદ્દા બાબતે **ફેર કોમેન્ટ** કરવામાં આવેલી અને આરોપી વિપક્ષ નેતા હોવાના કારણે તેમની જવાબદારીના ભાગ રૂપે સત્ય હકીકત પ્રજા સામે મુકવાના ઈરાદે ભાષણ આપવામાં આવેલ અને તેથી આરોપીના વિવાદિત ભાષણ અંગે બદનક્ષીની ફરીયાદ ચાલવાપાત્ર નથી.

**(૨૪.૧)** આરોપીના વિ. વકીલશ્રીની આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે, આરોપીના વિ. વકીલશ્રી દ્વારા જે **ફેર કોમેન્ટ**ના સિધ્ધાંત પર આધાર રાખવામાં આવેલ છે તે કલમ–૪૯૯ ના અપવાદો પૈકીનો એક અપવાદ છે અને તેનો લાભ આરોપીને મળી શકે તેના સંદર્ભમાં આ રજુઆત જણાય છે પરંતુ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જો કોઈ આરોપીએ કલમ–૪૯૯ ના અપવાદનો લાભ મેળવવો હોય તો તેનો કેસ તે અપવાદમાં પડે છે તે પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે અને આ કામે આરોપીનું વિવાદિત નિવેદન ધ્યાને લેતા તેમજ આરોપીપક્ષ દ્વારા તેઓનો કેસ અપવાદમાં પડે છે તે હકીકત પુરવાર કરેલ ન હોય આરોપીના વિ.વકીલશ્રીની આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૨૫)** વધુમાં આરોપીના વિ.વકીલશ્રી દ્વારા એવી પણ રજુઆત કરવામાં

આવેલ છે કે આંક–૧ વાળી ફરીયાદ વંચાણે લેતા તેમાં ફરીયાદી દ્ધારા કોઈપણ સાહેદી લીસ્ટ જોડવામાં આવેલ ન હતું અને આ કામે ફરીયાદી દ્ધારા પાછળથી સાહેદને બોલાવી કોર્ટમાં જુબાની લેવામાં આવેલ છે. તે હકીકત ધ્યાને લેતા પણ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીનું ચોકસાઈપુર્વક મુલ્યાંકન કરવુ જરૂરી રહે છે અને તેથી પણ ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ ફલિત થાય છે.

**(૨૫.૧)** આ કામે માત્ર ફરીયાદી દ્ધારા આંક–૧ ની ફરીયાદ સાથે સાહેદોનું લીસ્ટ આપેલ ન હોવાના કારણે સમગ્ર કેસની કાર્યવાહી વીશીએટ એટલે કે રદ થવાને પાત્ર જણાતી નથી તેમજ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોની વિગતવાર ઉલટ તપાસ કરવાની પુરેપુરી તક આરોપીપક્ષને આપવામાં આવેલ છે. તેમજ એવી પણ કોઈ ઈરેગ્યુલારીટી નથી કે જેના કારણે સમગ્ર કેસ ની ટ્રાયલ વિશીયેટ થાય.

**(૨૬)** વધુમાં હાલ ના કેસમાં પુરાવાઓના મુલ્યાંકન ની ચર્ચા વધુ આગળ વધારતા પહેલ નામ. ગુજરાત હાઈકોર્ટના **Tarjubhai Narsingbhai Rathwa Versus State Of Gujarat 2014 (0) AIJEL-HC 230700** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિધ્ધાન્તો નોંધવા જરૂરી જણાય છે જે નીચે મુજબ છેઃ–

> **41**. Therefore, we are of the opinion that suggestions made to the witness by the defence Counsel and the reply to such suggestions would definitely form part of the evidence and can be relied upon by the Court along with other evidence on record to determine the guilt of the accused.
>
> **42**. The main object of cross-examination is to find out the

truth on record and to help the Court in knowing the truth of the case. It is a matter of common experience that many a times the defence lawyers are themselves getting clarified most of the discrepancies arising during the cross-examination in one paragraph and they are getting themselves contradicted in the other paragraph. The line of cross-examination is always on the basis of the defence which the Counsel would keep in mind to defend the accused.

**43**. During the course of cross-examination with a view to discredit the witness or to establish the defence on preponderance of probabilities suggestions are hurled on the witness **but if such suggestions, answer to those incriminate the accused in any manner then the same would definitely be binding and could be taken into consideration along with other evidence on record in support of the same.**

ઉપોરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જ્યારે બચાવપક્ષ દ્ધારા ફરીયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસ દરમ્યાન સજેશન્સ કરવામાં આવે અને તે સજેશન્સમાં આરોપી વિરૂધ્ધની હકીકતો રેકર્ડ ઉપર આવે ત્યારે તે હકીકત આરોપીને બંધનકર્તા છે અને તે હકીકત કોર્ટ ધ્યાને લઈ શકે તેમ ઠરાવામાં આવેલ છે.

(૨૬.૧) વધુમાં નામ. સુ. કોર્ટના **1998 (0) AIJEL–SC 29997 SUPREME COURT OF INDIA State Of Uttar Pradesh**

**Versus Lakhmi** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિધ્ધાન્તો નોંધવા જરૂરી જણાય છે જે નીચે મુજબ છેઃ–

> Code of Criminal Procedure, 1973 - S. 313 - statement of accused recorded under S. 313 of Cr.P.C. - accused admitted incriminating circumstances appearing in evidence against him - whether those admissions should altogether be ignored on ground that such admission were advanced as defence strategy - held, admission made by accused should not be ignored merely on ground that such admission were advanced as defence strategy.

આમ નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ઉપર જણાવેલા ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંન્તો મુજબ સી.આર.પી.સી. કલમ–૩૧૩ ના નિવેદનમાં આરોપી દ્વારા જે વિગતો જણાવવામાં આવેલ હોય તે વિગતોને રજુ થયેલ પુરાવાના સંદર્ભે ચોક્કસપણે વંચાણે લઈ શકાય અને તેનાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ હોય તો સમગ્ર પુરાવા તથા આરોપીના ખુલાસા માં કબુલ કરવામાં આવેલ વિગત ધ્યાને લઈ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે.

**(૨૬.૨)** આમ ઉપરોકત સિધ્ધન્તો ધ્યાને રાખી આ કામે સમગ્ર કેસનું રેકર્ડ, આરોપીનું વિશેષ નિવેદન અને પુરાવા વંચાણે લેતા આરોપીનો એવો કોઈ બચાવ નથી કે તેમને તા.૧૩ એપ્રિલ ૨૦૧૯ ના રોજ કર્ણાટક મુકામે આવેલ કોલારમાં ચુંટણી પ્રચાર દરમ્યાન ભાષણ આપેલ નથી. તેમજ આરોપીનો એવો પણ બચાવ નથી કે તેઓએ તેમના ભાષણમાં વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ચોરનું નામ આપેલ અને ભારતના આર્થિક ગુનેગારો જેવા કે નિરવ મોદી, લલીત મોદી,

મેહુલ ચોકસી, વિજય માલ્યા, અનિલ અંબાણી જેવા આર્થિક ગુનેગારો સાથે પ્રધાનમંત્રીની સરખામણી કરેલ. **આરોપીનો માત્રને માત્ર એટલો જ બચાવ છે કે વિવાદીત જે વાક્ય છે કે "બધાજ ચોરોનું ઉપનામ મોદી કેમ હોય છે?" તે વાક્ય તેઓ બોલેલા નથી** અને બીજો બચાવ આરોપી દ્વારા એવો લેવામાં આવેલ છે કે આ વાક્ય અંગે રજુ થયેલ ઈલેક્ટ્રોનિક્સ એવીડન્સમાં ચેડા કરવામાં આવેલ છે પરંતુ ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીપક્ષે જે સજેશન્સનો કરવામાં આવેલ છે તે ધ્યાને લેવામાં આવે તો સૌપ્રથમ આ કામે આંક–૧૮ થી ફરીયાદીની જુબાની થયેલ છે અને તે જુબાનીમાં આરોપીપક્ષે જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તે ઉલટ તપાસ દરમ્યાન આરોપીપક્ષો એવુ સજેશન્સ કરવામાં આવેલ છે કે, " આરોપી દ્વારા શ્રી નરેન્દ્ર મોદીને ચોરનું નામ આપેલુ તેમાં વ્યકિતગત રીતે તમારુ પુર્ણેશ મોદી તરીકે નામ આવતુ નથી તેમજ **આરોપીએ જે કાંઈ બદનક્ષીવાળુ કહેલાનું કહ્યુ છે તેમાં મારી અટક મોદી આવે છે પરંતુ વ્યકિતગત રીતે મારુ નામ પુર્ણેશ મોદી આવતુ નથી."**

આમ, ઉપરોક્ત સજેશન્સ ધ્યાને લેતા પણ આરોપી દ્વારા તેઓના ભાષણમાં મોદી અટક અંગે વાક્યો ઉચ્ચારવામાં આવેલા તે હકીકત ધ્યાને લેતા ફરીયાદપક્ષના કેસની હકીકતને તેમાંથી સમર્થન મળે છે.

**(૨૬.૩)** વધુમાં આ કામે આંક–૩૭ થી તપાસવામાં આવેલ સાહેદ મનહરલાલ છબીલદાસ લાપસીવાલાની જબાની વંચાણે લેતા સદરહુ સાહેદ ઉલટ તપાસમાં બચાવપક્ષ દ્વારા એવુ સજેશન કરવામાં આવ્યું છે કે, આંક–૩૯ સિવાયના રજુ કરેલ દસ્તાવેજમાં કોઈપણ જગ્યાએ મોદી શબ્દ કે જ્ઞાતિનો ઉલ્લેખ નથી અને આંક–૩૯

માં હિન્દુ ઘાંચીની પેટા જ્ઞાતિ તરીકે મોદી ઘાંચી કે મોદીનો ઉલ્લેખ છે. **તેમજ એવુ પણ સુચન કરેલ છે કે અમારી જ્ઞાતિમાં મોદી ઉપરાંત ઘણી બધી અટકો હોય છે.**

ઉપરોક્ત સાહેદની જુબાનીમાં આરોપીપક્ષે કરવામાં આવેલ સજેશન ધ્યાને લેતા પણ મોદી અટકધારી લોકોનુ અસ્તિત્વ હોવાનું પ્રસ્થાપિત થાય છે. આ કામે આરોપી દ્વારા જે વિવાદીત નિવેદન આપવામાં આવેલ છે "બધા ચોરોના ઉપનામ મોદી કેમ હોય છે?" એટલે તેમાં પણ મોદી નામથી ઓળખાતી વ્યકિતની સરખામણી ચોર સાથે કરવામાં આવેલ હોવાનું જણાય છે. તેમજ ફરિયાદી ની અટક પણ મોદી છે.

**(૨૬.૪)** વધુમાં ફરીયાદપક્ષે આ કામે આંક–૫૨ થી સાહેદ ડો. શંભુભાઈ ભટ્ટને તપાસવામાં આવેલ છે તેઓની જુબાની ધ્યાને લેતા તેઓ ઈલેક્ટ્રોલર ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા અને આંક–૨૬ વાળી ત્રણ સીડીઓ ડીસ્ટ્રીક્ટ કોલાર કચેરીમાંથી મેળવી મોકલી આપવામાં આવેલી.

**(૨૬.૫)** વધુમાં ફરીયાદપક્ષે આ કામે આંક–૫૬ થી સાહેદ પી.એમ.રઘુનાથ તપાસવામાં આવેલ છે તેઓની જુબાની ધ્યાને લેતા માત્ર આરોપી દ્વારા આપવામાં ભાષણની સીડી મેળવી મોકલ્યા અંગેની કામગીરી કરેલ હોવાનું જણાય છે.

**(૨૬.૬)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૬૦ થી તપાસવામાં આવેલ સાહેદ નીરંજનભાઈ તેજમલભાઈ રાઠોડની જુબાની વંચાણે લેતા તેઓ દ્વારા આરોપીનું ભાષણ તેમના મોબાઈલમાં ડાઉનલોડ કરવામાં આવેલ અને તેમણે પણ આરોપીનું ભાષણ સાંભળ્યાની હકીકત જણાવેલ છે. તેમજ સદરહુ સાહેદની ઉલટ તપાસ આરોપીપક્ષે કરવામાં આવેલ જેમાં આરોપીપક્ષે એવો પ્રશ્ન કરવામાં આવેલ કે આંક–

૨૧ થી રજુ થયેલ પેનડ્રાઈવવાળુ ભાષણ કોણ કેવી રીતે લાવ્યુ તેની તેઓને ખબર નથી. **તેમજ એવુ પણ સાહેદ દ્વારા જણાવવામાં આવેલ છે તે મોદીને ચોર કહેવા બાબતે શ્રી રાહુલ ગાંધીનો શું ઈરાદો હતો તેની તેઓને ખબર નથી.** તેમજ આ સાહેદની ઉલટ તપાસ દરમ્યાન બચાવપક્ષ દ્વારા એવુ સજેશન કરવામાં આવેલ છે કે શ્રી રાહુલ ગાંધીએ સમાજનો કોઈ ઉલ્લેખ તેમના ભાષણમાં કર્યો નથી, જ્ઞાતિનો પણ કોઈ ઉલ્લેખ કરેલ નથી, **માત્ર મોદી અટકનો ઉલ્લેખ કરેલ છે.**

આમ, ઉપરોક્ત હકીકત જોતા પણ આરોપી દ્વારા તેઓના ભાષણમાં મોદી અટકનો ઉલ્લેખ કરી વિવાદીત ભાષણ આપેલ હોવાની હકીકતને સમર્થન મળેલ છે.

**(૨૬.૭)** વધુમાં આ કામે આંક–૬૭ થી તપાસવામાં આવેલ સાહેદ ગણેશ મંજુનાથ યાજીની જુબાની વંચાણએ લેવામાં આવે તો સદરહુ સાહેદ બનાવ વખતે બનાવ સ્થળે હાજર હોવાનું અને આરોપી દ્વારા આપવામાં આવેલ ભાષણ સાંભળેલ હોવાની હકીકત સરતપાસમાં જણાવે છે તેમજ તેઓ ભાષણમાં આરોપી દ્વારા દેશના ચોર લોકોના નામ મોદી મોદી મોદી એશા હી ક્યુ હોતા હૈ. તેમજ મોદી લોકો ચોર હોય છે આ લોકોને માનવા ન જોઈએ., તેવુ આરોપી દ્વારા ભાષણમાં બોલવામાં આવેલાની હકીકત જણાવેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ જેમાં સાહેદને એવુ સજેશન કરવામાં આવેલ કે બનાવ વખતે ઈલેક્શનનો ટાઈમ હતો. ઈલેક્શન વખતે બધા નેતાઓ દેશની સમસ્યા વિશે ચર્ચા કરે છે. રાહુલ ગાંધીએ પોતાના ભાષણમાં દેશના પ્રશ્નની ચર્ચા શરૂઆતમાં કરેલ જે આશરે ૧૦–૧૫ મીનીટ હશે, તકરારી ભાષણ આશરે ૫૦ મીનીટનું હશે. રાહુલ ગાંધીએ જે વિવાદિત ભાષણ કરેલું

તે તેમના ભાષણમાં ટુકડે ટુકડે ૫–૧૦ મીનીટ કરેલું. રાહુલ ગાંધી ભાષણમાં એવુ બોલેલા કે દેશના ચોર લોકોના નામ મોદી મોદી મોદી ઐસા ક્યુ હોતા હૈ. અને એવુ બોલેલા કે મોદી લોકો ચોર હોય છે આ લોકોને માનવા ન જોઈએ તેવુ તેમના ભાષણમાં ૩–૪ વાર બોલેલા. આંક–૨૬ વાળી સીડીમાં રાહુલ ગાંધીનું પુરેપુરુ ભાષણ કવર થતુ નથી. સદર સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે આંક–૨૬ ની સીડીમાં એવુ નથી કે, " આ મોદી લોકો ચોર હોય છે આ લોકોને માનવા ન જોઈએ." ઉપરોક્ત સાહેદની જુબાનીના અનુસંધાને બચાવપક્ષે એવી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદ હિત ધરાવનાર સાહેદ છે તેઓ ઘણા વર્ષોથી ભાજપપક્ષ સાથે જોડાયેલા છે. તેમજ તેઓની જુબાનીમાં જે ઉપરોક્ત હકીકત રેકર્ડ ઉપર આવેલ છે તેવી કોઈ હકીકત આ કામે રજુ કરવામાં આવેલ આંક–૨૬ ની સીડીમાં નથી જેથી પણ ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બને છે.

આરોપીના વિ.વકીલશ્રીની ઉપરોક્ત દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી, કારણ કે આ સાહેદની બચાવપક્ષ તરફથી જે સુચન કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા આરોપી દ્વારા ભાષણમાં દેશના ચોર લોકોના નામ મોદી મોદી મોદી ઐસા ક્યુ હોતા હૈ. તેવુ આરોપી બોલેલા તે હકીકતને સમર્થન મળે છે તેમજ માત્ર આ સાહેદ દ્વારા "મોદી મોદી મોદી એમ ત્રમ વખત તે શબ્દ ઉચ્ચારવાના કારણે તેમજ આ લોકો ચોર હોય છે તેમને ન માનવા જોઈએ" તેટલી વધારાની હકીકત જણાવવાથી ફરીયાદપક્ષના કેસની જે મુળ હકીકત છે કે આરોપી દ્વારા તેઓના ભાષણમાં "સબ મોદી ચોર ક્યુ હૈ" તે મુળ હકીકતને અસર થતી નથી.

વધુમાં આ સાહેદને નહિં માનવાને કોઈ કારણ નથી કારણ કે, જો સાહેદને

ફરીયાદપક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન આપવુ હોત તો તેઓ ચોક્કસપણે ફરીયાદીએ જેટલી હકીકત તેઓની ફરીયાદમાં જણાવેલ છે તેટલી હકીકત તેની જુબાનીમાં જણાવી શક્યા હોત, પરંતુ આ સાહેદ એવુ કરેલ નથી. જેથી પણ સદરહુ સાહેદ દ્ધારા સત્ય હકીકત કોર્ટમાં જણાવવામાં આવેલાની હકીકત જણાય છે.

(૨૬.૮) વધુમાં ઉપરોક્ત **State Of Uttar Pradesh Versus Lakhmi** ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને રાખી આ કામે આરોપીનું જે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો આરોપી દ્ધારા તા.૧૩ એપ્રિલના રોજ કોલાર મુકામે ભાષણ આપવામા આવેલ તે હકીકત સ્વીકારવામાં આવેલ છે. તે સમયે આરોપી ઈન્ડયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ તથા લોકસભાના સાસંદની હેસીયતથી જાહેર સભા કરેલી. આરોપીએ વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, નિરવ મોદી, લલિત મોદી, મેહુલ ચોકસી, વિજય માલ્યા જેવા આર્થિક ગુનેગારો સાથે પ્રધાનમંત્રીની સરખામણી કરેલી. રાફેલ મુદ્દે ભાષણ આપેલુ. વધુમાં આ ભાષણ સાડા બારની આજુબાજુ આપેલું, તેએ હિનદીમાં ભાષણ વ્યક્ત કરતા હતા અને તેમાં કન્નડ ભાષામાં ભાષાંતર કરી પ્રદેશ કોંગ્રેસ નેતા બી.એમ.શંકરજીએ રૂપાંતર કરી ભાષણ આપતા હતા. આમ, આ તમામ હકીકત સ્વીકારવામાં આવેલ છે.

જેથી ઉપરોક્ત તમામ વિગતો ધ્યાને લેતા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળેલ છે અને માત્ર જે વિવાદિત વાક્ય છે "બધા ચોરોનું ઉપનામ મોદી કેમ છે?" માત્ર આ વાક્ય અંગે એવો કોઈ સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ નથી કે આ

વાક્ય તેમણે ઉચ્ચારેલજ નથી.

વધુમાં ફરીયાદપક્ષની ઉલટ તપાસ દરમ્યાન જે સજેશન્સ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા આરોપી દ્વાર "બધા ચોરોનું ઉપનામ મોદી કેમ છે?" તે વાક્ય ઉચ્ચારવામા આવેલ તે હકીકત નિશંક પણે પુરવાર થયેલ છે.

**(૨૭)** વધુમાં આ કામે ફરીયાદપક્ષે તરફે રજુ કરવામાં આવેલ ઉપરોક્ત તમામ પુરાવા ધ્યાને લેતા આંક–૨૧ થી પેનડ્રાઈવ, આંક–૨૬ થી ત્રણ સીડી તથા આંક–૧૨૬ થી ત્રણ ડીવીડી રજુ કરવા પાછળનો હેતુ માત્રને માત્ર એટલો હતો કે આરોપી દ્વારા જે ફરીયાદમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે તેવુ ભાષણ આરોપી દ્વારા આપવામાં આવેલુ, તે હકીકત કોર્ટમાં પુરવાર થઇ શકે. તેથી આ ઈલેક્ટ્રોનિક્સ એવીડન્સ રજુ કરવામાં આવેલા. વધુમાં આરોપી પક્ષે જે રીતે સાહેદો ની ઉલટતપાસ કરવામાં આવે છે તે ઉલટતપાસ અને કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતા આરોપી પક્ષ દ્વારા એક બાજુ આ પુરાવાઓ ઉપર આધાર રાખી રજુઆત કરવામાં આવેલ છે કે, સાહેદો દ્વારા જે હકીકતો જુબાની મા જણાવેલ છે તે અનુસંધાને ઈલેકટ્રોનીક એવીડન્સ જોવામા આવે તો તેમા હાવી હકીકતો નથી. જ્યારે બીજી તરફ એવી રજુઆત કરવામાં આવેલ છે કે આ એવીડન્સ પુરવાર થયેલ નથી. આમ બે જુદી–જુદી રજુઆતો કરવામાં આવેલ છે. પરંતુ આ કામે આરોપીપક્ષે જે કંઈ સુચનો ફરીયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસ દરમ્યાન કરેલ છે તેનાથી તથા આરોપી દ્વારા વિશેષ નિવેદનમાં જે કંઈ હકીકત સ્વીકારેલ છે તે સમગ્ર હકીકતો કે જે અંગે ઉપરોક્ત ફકરાઓમાં ચર્ચા કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા આરોપી દ્વારા

વિવાદીત ભાષણ આપેલાની હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ છે. તેમજ હાલનો કેસ માત્રને માત્ર ઈલેક્ટ્રોનિક્સ એવીડન્સ પર આધારીત નથી.

**(૨૭.૧)** વધુમાં આ કામે આરોપીપક્ષ દ્વારા એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે ફરીયાદપક્ષે જે ઈલેક્ટ્રોનિક્સ એવીડન્સ રજુ કરવામાં આવેલ છે તે ઈલેક્ટ્રોનિક્સ એવીડન્સ આ કામે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ પુરવાર કરેલ નથી. તેમજ આ કામે ઈલેક્ટ્રોનિક્સ એવીડન્સના સંદર્ભમાં જે સોગંદનામું ૬૫બી નું પ્રમાણપત્ર રજુ કરેલ છે તે પ્રમાણપત્ર ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫બીની જોગવાઈ મુજબ નથી અને નામ. સર્વોચ્ચ અદાલતના અનવર પી.વી. વિ. પી.કે. બસીર તથા અર્જુન પંડીતરાવ ખોટકર વિ. કૈલાશ કુશનરાવના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ આ પ્રમાણપત્ર ન હોય પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. જેથી ફરીચદપક્ષ દ્વાાર આરોપીએ જે વિવાદીત ભાષણ આપેલાની હકીકત જણાય છે તે યોગ્ય રીતે પુરવાર કરી શકેલ ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

આરોપીના વિ. વકીલશ્રીની ઉપરોક્ત દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ ક, અગાઉ ચર્ચા કરી તે મુજબ હાલનો કેસ માત્રને માત્ર ઈલેક્ટ્રોનિક્સ એવીડન્સ પર આધારીત નથી. આ કામે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે તેમજ ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ આરોપીપક્ષે સાહેદોની જુબાનીથી જે કાંઈ સુચનો કર્યા છે તે સુચનોમાં આરોપીની વિરૂધ્ધની હકીકત સુચવેલ છે અને તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તેમજ આરોપી દ્વારા ઘણી બધી હકીકતો તેઓના

વિશેષ નિવેદનમાં કબુલ કરવામાં આવેલ છે તે હકીકત ધ્યાને લેવામાં આવે તો આરોપી દ્વારા વિવાદીત હકીકતનો સ્વીકર થયેલ છે. વધુમાં આ કામે રજુ થયેલ પેનડ્રાઈવ, સીડી તથા ડીવીડી બાબતે વિશેષ નિવેદનમાં પુછતા આરોપી દ્વારા ખોટી વાત છે, તે યોગ્ય રીતે પુરવાર કરેલ નથી તેવી હકીકત જણાવેલ છે અને કોઈપણ જગ્યાએ એવુ જણાવવામાં આવેલ નથી કે આ સીડી અને પેનડ્રાઈવ સાથે ચેડા થયેલ છે. માત્ર આરોપી દ્વારા તેઓને લેખિતમાં આપેલ વિશેષ નિવેદનમાં પેનડ્રાઈવ તથા સીડી પુરવાર થયેલ નથી અને તેની સાથે ચેડા થઈ શકે તેવુ જણાવેલ છે જ્યારે ડીવીડી બાબતે કાંઈ જણાવેલ નથી. તેમજ હાલ ના કેસમાં પણ ઉપરોકત ફકરાઓમાં કરેલ ચર્ચા મુજબ માત્રને માત્ર "મોદી" સમાજ કે જ્ઞાતિના લોકોની બદનામી થયેલ હોવાના કારણથી હાલની ફરીયાદ કરવામાં આવેલ નથી પરંતુ ફરીયાદીને પોતાને થયેલ વ્યથાને કારણે પણ હાલની ફરીયાદ કરવામાં આવેલ છે. વધુમાં આરોપી દ્વારા ભાષણમાં શ્રી નરેન્દ્ર મોદીને ચોરનું ઉપનામ આપીને તેમજ તેમની સરખામણી ભારત સરકારના આર્થિક ગુનેગારો સાથે જેવા કે નિરવ મોદી, લલિત મોદી, મેહુલ ચેકસી, વિજય માલ્યા સાથે કરી ત્યાં તેઓનું ભાષણ રોકી શક્યા હોત. તેમજ આ લોકો પુરતુ જ ભાષણમાં ચર્ચા કરી શક્યા હોત. પરંતુ આરોપીએ ઈરાદાપુર્વક સમગ્ર "મોદી" અટકધારી કે "મોદી" નામથી ઓળખાતી વ્યકિતઓનું ઈરાદાપુર્વક અપમાન કરવા માટે "બધા ચોરોના ઉપનામ મેદી કેમ હોય છે?" તેવુ ભાષણમાં જણાવેલ છે.

આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે

મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**આખરી હુકમ**

**(૧)** આ કામના આરોપી **શ્રી રાહુલ ગાંધી**ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૨) અન્વયે ઈ.પી.કો. કલમ– ૪૯૯ , ૫૦૦ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ તકક્ષિરવાન ઠરાવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૩ માહે માર્ચ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(હરિશ હસમુખભાઈ વર્મા )**
**તા.૨૩–૦૩–૨૦૨૩** **ચીફ.જ્યુ.મે.જી., સુરત**
**(જી.જે. ૦૦૮૨૧)**

**સજા બાબતે સાંભળવામાં આવ્યા.**

(૧) આરોપીને ઉપરોક્ત ગુનાના કામે તકસીરવાન ઠરાવી સજા બાબતે પુછતા તેઓ જણાવે છે કે, તેઓએ જે કાંઈ ભાષણ આપેલુ તે પ્રજાના હિતમાં મારા ફરજના ભાગરૂપે આપેલ અને મારે કોઈપણ પ્રજા સાથે કોઈ ભેદભાવ નથી તેમજ હું મારા દેશની તમામ પ્રજાને ખુબ પ્રેમ કરુ છુ અને ચાહુ છું.

(૨) આરોપીના વિ. વકીલશ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે આરોપી દ્વારા કોઈપણ જ્ઞાતિનું અપમાન કરવાનો કોઈ ઈરાદો ન હતો. તેમજ ફરીયાદીને કોઈપણ પ્રકારની વ્યથા કે નુકશાન થયેલ નથી. તેમજ આરોપીને આ ગુના અગાઉ ક્યારેય કોઈપણ ગુનાના કામે તકસીરવાન ઠરાવવામાં આવેલ નથી તેમજ આરોપીપક્ષે કોઈપણ દયા કે માફી માંગતા નથી.

(૩) ફરીયાદપક્ષે વિ.વકીલશ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીનું કન્ડક્ટ ધ્યાને લેવુ ખુબ જરૂરી છે. વધુમાં એસએલપી નં.૪૬/૨૦૧૮ના કામે નામ. સુપ્રિમ કોર્ટમાં પણ આરોપી દ્વારા લેખિતમાં માફી માગવામાં આવેલી અને નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આરોપીને ભવિષ્યમાં એલર્ટ રહેવા જણાવવામાં આવેલ છે. તેમછતા આરોપી દ્વારા હાલનો ગુના કરવામાં આવેલ છે તેમજ હાલના આરોપી સંસદ સભ્ય છે અને જો તેઓને ઓછી સજા કરવામાં આવે તો સમાજમાં ખોટો મેસેજ જાય તેમ છે. તેમજ આરોપીનું કન્ડક્ટ ધ્યાને લઈ સદર ગુનામાં વધુમાં વધુ સજા તથા દંડ કરવા વિનંતી છે તેમજ ફરીયાદીને પણ વળતર ચુકવવાનો હુકમ કરવા વિનંતી છે.

(૪) સદર કામે ઉપરોક્ બંને પક્ષોની રજુઆતો તેમજ કેસની હકીકતો તથા આરોપી દ્વારા આપવામાં આવેલ વિવાદિત નિવેદન ધ્યાને લેતા તેમજ નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આરોપીને એલર્ટ રહેવા સુચન કરવામાં આવેલ છતા આરોપી દ્વારા તેઓના કન્ડક્ટમાં કોઈ ફેર પડેલ હોય તેવુ જણાતુ નથી તેમજ આરોપી પોતે સાંસદ સભ્ય છે અને સાંસદ સભ્ય તરીકે તેઓની પ્રજાને સંબોધન કરવાની બાબત ખુબ ગંભીર છે કારણ કે, જ્યારે સાંસદ સભ્યની હેસીયતથી કોઈ વ્યકિત પ્રજાને સંબોધન કરતો હોય ત્યારે તેની ખુબ વ્યાપક અસર પ્રજા પર પડતી હોય છે અને તેના કારણે સદર ગુનાની ગંભીરતા વધુ છે તેમજ જો આરોપીને ઓછી સજા કરવામાં આવે તો પ્રજામાં પણ તેનાથી ખોટો મેસેજ જાય તેમ છે અને બદનક્ષીના જે હેતુ છે તે હેતુ સર થશે નહિં અને કોઈ પણ વ્યકિત સહેલાઈથી કોઈપણ વ્યકિતની બદનક્ષી કરશે. જેથી તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીને સદર ગુનાના કામે જે બે વર્ષની સજાની

જોગવાઈ છે તેટલી સજા કરવી ન્યાયોચિત જણાય છે તેમજ ફરયાદીપક્ષે જે દંડ અને વળતરની માંગણી કરવામાં આવેલ છે તે અંગે હાલના કેસના સંજોગો ધ્યાને રાખી વળતર અને દંડનો હુકમ કરવો ન્યાયોચિત જણાતો નથી.જે થી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**આખરી હુકમ**

**(૧)** આ કામના આરોપી **શ્રી રાહુલ ગાંધીને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ઈ.પી.કો. કલમ– ૪૯૯ , ૫૦૦ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ તકસિરવાન ઠરાવામાં આવે છે અને ઈ.પી.કો. કલમ– ૪૯૯ સાથે ૫૦૦ વંચાણે લેતા તે ગુના માટે આરોપીને ૨(બે) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને સદરહુ ચુકાદાની નકલ વિનામુલ્યે તાત્કાલિક આપવી.

હુકમ આજ તા. ૨૩ માહે માર્ચ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(હરિશ હસમુખભાઈ વર્મા )**

**તા.૨૩–૦૩–૨૦૨૩** **ચીફ.જ્યુ.મે.જી., સુરત**

**(જી.જે. ૦૦૮૨૧)**